પાના ૮, કિંમત રૂ.૨, તા. ૧૯-૦૮-૨૦૨૬-બુધવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ • તંત્રી : પ્રવીણ ગોહિલ • સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા • વર્ષ : ૩૧ • અંક : ૨૧૩ • મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# કોલકાતાની હોટલમાં આગ : ૯ બાંગ્લાદેશી જીવતા ભુંજાયા

## હોટલમાં મોડી રાત્રે ભીષણ આગ ફાટી નિકળી : છ ઈજાગ્રસ્તો સારવાર હેઠળ : તમામ મૃતકો તબીબી સારવાર માટે કોલકાતા આવ્યા હતા

નવી દિલ્હી, તા. ૧૯

દેશમાં સસ્તી હોટેલોમાં આગના સીલસીલામાં હવે કોલકતામાં એક હોટેલમાં આગથી નવ લોકો જીવતા ભુંજાઈ ગયા હતા અને છ લોકોને ગંભીર હાલતમાં સારવારમાં ખસેડાયા છે. મૃતકો તમામ બાંગ્લાદેશી છે.

જેઓ અહી તબીબી સારવાર માટે ભારત આવ્યા હતા. હજુ સોમવારે જ તારાપીઠમાં એક આગમાં મેઘાલયના એક જ કુટુંબના પાંચ લોકો જીવતા સળગી ગયા હતા તેના બે દિવસમાંજ આ બીજી ઘટના છે. મધ્ય કોલકતામાં મીર્ઝા ગાલીબ સ્ટ્રીટમાં એક સ્થાનિક હોટેલમાં મધરાતે ૧ વાગ્યા બાદ આગ ફાટી નીકળી હતી અને ફાયરબ્રિગેડને પહોંચતા સમય લાગ્યો હતો. જેના કારણે આગ વિકરાળ હતી.

જેમાં નવ લોકોના આગમાં સપડાઈ જવાની અને ગુંગળાઈ જતા મોત થયા હતા. અન્ય છને ગંભીર રીતે દાઝી જવાથી સારવાર માટે ખસેડાયા છે. હોટેલમાં ફાયર એલાર્મ સીસ્ટમ તથા આગથી બચવા વિ.ની તપાસ શરુ થઈ છે. ફાયર ફાઈટરોએ બચાવ કામગીરી શરૂ કરી અને લોકોને બહાર કાઢ્યા. નવ લોકોને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા, જ્યાં તેમને મૃત જાહેર



કરવામાં આવ્યા. મૃતકોમાં એક બાળક પણ સામેલ હતું. અહેવાલો અનુસાર, કોલકાતામાં તબીબી સારવાર માટે આવેલા બાંગ્લાદેશી નાગરિકોનો પણ સમાવેશ થાય છે. આગ લાગવાનું કારણ હજુ સુધી સત્તાવાર રીતે સ્પષ્ટ થયું નથી. શરૂઆતમાં, એર કન્ડીશનરની ખામી અથવા વિસ્ફોટને સંભવિત કારણ માનવામાં આવી રહ્યું છે. પોલીસ અને ફાયર વિભાગ આ બાબતની તપાસ કરી રહ્યા છે. ન્યૂ માર્કેટ પોલીસ સ્ટેશનની પોલીસ પણ ઘટનાસ્થળે હાજર હતી અને ઘટનાની આસપાસના તથ્યોની તપાસ કરવામાં આવી રહી છે.

તાજેતરના દિવસોમાં પશ્ચિમ બંગાળમાં આ બીજી મોટી હોટલમાં આગ લાગી છે. બે દિવસ પહેલા, ૧૭ ઓગસ્ટના રોજ, બીરભૂમ જિલ્લાના તારાપીઠમાં હોટેલ વિદેશિનીમાં આગ લાગી હતી, જેમાં ઓછામાં ઓછા આઠ લોકો માર્યા ગયા હતા અને ઘણા લોકો ઘાયલ થયા હતા. ૧૮ ઓગસ્ટના રોજ બપોરે, કોલકાતા એરપોર્ટ પર એર ટ્રાફિક કંટ્રોલ રૂમના બીજા માળે આગ લાગી હતી. જોકે, ફાયર ફાઈટર અને એરપોર્ટ અધિકારીઓની તાત્કાલિક કાર્યવાહીને કારણે સમયસર આગ પર કાબુ મેળવી લેવામાં આવ્યો હતો. વારંવાર બનતી આગની ઘટનાઓએ શહેરમાં સલામતી અને અગ્નિશામક ધોરણો અંગે ચિંતા વ્યક્ત કરી છે.

# હાફિઝ સઈદે કાશ્મીર મોકલ્યા હતા દસ હજાર આતંકી : પાક. ધર્મગુરુ


### આતંકવાદ અંગે પાકિસ્તાની ધર્મગુરુ નસીર મદનીએ જાહેરમાં કરેલો સ્વીકાર

નવી દિલ્હી, તા. ૧૯

સીમા પારથી ભારત વિરુદ્ધ રચવામાં આવતાં આતંકી ષડયંત્રો અને પાકિસ્તાનની કરતૂતોની પોલ વધુ એક વખત તેની જ ધરતી પર ખુલ્લી પડી ગઈ છે. તાજેતરમાં હાર્ટ એટેક આવ્યાં બાદ ફરીથી જાહેર મંચ પર પાછા ફરેલા પાકિસ્તાની ધર્મગુરુ નસીર મદનીએ સરેઆમ એ વાતનો સ્વીકાર કર્યો છે કે લશ્કર-એ-તૈયબાના આકા અને આતંકી હાફિઝ સઈદે કાશ્મીરમાં ૧૦,૦૦૦ આતંકવાદીઓ મોકલ્યા હતાં.

૧૪ ઓગસ્ટે બહાવલનગરમાં એક પ્રતિબંધિત આતંકી સંગઠનનાં કાર્યક્રમમાં આપવામાં આવેલાં આ નિવેદને સાબિત કરી દીધું છે કે જમ્મુ-કાશ્મીરમાં નિર્દોષોની હત્યા અને સરહદ પારથી ચાલતાં આતંકવાદ પાછળ કઈ કાળી શક્તિઓ સક્રિય હતી.

હાફિઝ સઈદ ભારતમાં થયેલાં અનેક મોટા અને



ઘાતક હુમલાઓનો મુખ્ય ષડયંત્રકારી રહ્યો છે. તે એ જ લશ્કર-એ-તૈયબાનો આકા છે જેને અલ-કાયદા સાથેના સંબંધોના કારણે ૨૦૦૫માં સંયુક્ત રાષ્ટ્ર (UN) દ્વારા પ્રતિબંધિત કરવામાં આવ્યો હતો અને ૨૦૦૮માં અમેરિકાએ તેને વૈશ્વિક આતંકવાદી જાહેર કર્યો હતો. સઈદ ૨૦૦૮ના ૨૬/૧૧ના મુંબઈ આતંકી હુમલાની તપાસમાં મુખ્ય આરોપી છે.

અનુસંધાન પાના ૭ પર

# પ્રયાગરાજમાં સતત ત્રીજા દિવસે ભારે વરસાદથી પુર જેવી સ્થિતી

### બિહારમાં શાળા ગંડક નદીમાં તણાઈ ગઈ : હિમાચલ-ઉત્તરાખંડમાં ૬નાં મોત

નવી દિલ્હી, તા. ૧૯

દેશના ઘણા રાજ્યોમાં સતત વરસાદ ચાલુ છે. યુપીના પ્રયાગરાજમાં સતત ત્રીજા દિવસે વરસાદથી ઘરોમાં પાણી ઘૂસી ગયું. જેના કારણે બેડ, સોફા અને અન્ય સામાન ડૂબી ગયા છે. જિલ્લામાં સતત બીજા દિવસે તમામ શાળાઓ બંધ છે. રામબાગ રેલવે સ્ટેશનના ત્રણ ટ્રેક પણ પાણીમાં ડૂબી ગયા છે.બિહારના બગાહામાં ગંડક નદીના તેજ ધોવાણથી પ્રાથમિક શાળાના ૫ માંથી ૪ રૂમ નદીમાં વહી ગયા. હવે શાળાનો બચેલો ભાગ પણ ધોવાણની ચપેટમાં છે.હિમાચલ પ્રદેશના સિરમોરમાં મંગળવારે ભારે વરસાદ વચ્ચે ભૂસ્ખલનથી ૩ લોકોના મોત થયા. જેમાં એક ટ્રક ડ્રાઈવર અને નેપાળના બે મજૂરોનો સમાવેશ થાય છે. વરસાદને કારણે ૮૮ રસ્તાઓ બંધ છે. મંડીમાં સૌથી વધુ ૩૨, કુલ્લુમાં ૨૫ અને સિરમોરમાં ૧૦ રસ્તાઓ બંધ છે.જ્યારે, ઉત્તરાખંડના પૌડી ગઢવાલમાં ભૂસ્ખલનથી ૩ લોકોના મોત થયા છે. રાજ્યમાં વરસાદ-ભૂસ્ખલનને કારણે ૧૨૪ રસ્તાઓ બંધ છે. પિથોરાગઢમાં મ્ઈના કુલાગાડ વેલી બ્રિજ પર ખડકો પડ્યા. જેના કારણે પુલ કાલી નદીમાં સમાઈ ગયો. આનાથી કૈલાશ માનસરોવર માર્ગ પર અવરજવર બંધ થઈ ગઈ.

# નવ મહિના પછી જેલમાં ઈમરાન ખાનને બહેન અને પત્ની મળ્યા

### સુપ્રીમ કોર્ટના આદેશ બાદ અડિયાલા જેલ પહોંચ્યા બુશરા બીબી અને નોરીન નિયાઝી

નવી દિલ્હી, તા. ૧૯

પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનને તેમની બહેન નોરીન નિયાઝી અને પત્ની બુશરા બીબીએ અડિયાલા જેલમાં મળ્યા. સુપ્રીમ કોર્ટના આદેશ બાદ આ મુલાકાત થઈ. નોરીન ૯ મહિના પછી ઈમરાનને મળ્યા.

લગભગ ૧૫ મિનિટની મુલાકાતમાં નોરીને ઈમરાનના સ્વાસ્થ્ય વિશે પૂછ્યું. તેમણે તેમને સુપ્રીમ કોર્ટના તે આદેશની જાણકારી પણ આપી, જેમાં ઈમરાનને સારવાર માટે શિફા ઈન્ટરનેશનલ હોસ્પિટલ મોકલવાનું કહેવામાં આવ્યું છે.ઈમરાન અને પત્ની બુશરા બીબીની મુલાકાત લગભગ ૩૦ થી ૩૫ મિનિટ ચાલી. મુલાકાત પછી નોરીને ઈમરાનને મળવાની પુષ્ટિ કરી, પરંતુ કોર્ટના નિર્દેશ મુજબ મીડિયા સાથે વાત કરી નહી.નોરીન તેની બહેનો અલીમા ખાન અને ઉઝમા ખાન સાથે અડિયાલા જેલના રસ્તે ડહગલ ચેકપોઈન્ટ પર પહોંચી હતી. પોલીસે ત્રણેયને રોક્યા. બાદમાં માત્ર નોરીનને ઈમરાનને મળવા માટે જેલમાં જવા દીધા.લગભગ ૧૫ મિનિટની મુલાકાત બાદ નોરીને ઈમરાનને મળ્યા હોવાની પુષ્ટિ કરી. જોકે, કોર્ટમાં આપેલા ભરોસા મુજબ તેમણે મીડિયા સાથે કોઈ વાત કરી ન હતી.

સુપ્રીમ કોર્ટે મંગળવારે ઈમરાનના પરિવારને દર અઠવાડિયે મળાવવાનો આદેશ આપ્યો હતો. કોર્ટે કહ્યું કે પરિવારને મળવું એ કોઈ અહેસાન નથી, પરંતુ મૂળભૂત અધિકાર છે.અદાલતે છેલ્લા ૩ વર્ષમાં ઈમરાન અને તેમની બહેનો વચ્ચે થયેલી મુલાકાતોનો રેકોર્ડ પણ માંગ્યો છે. તેમના પુત્રો સાથે થયેલી વાતચીત અને ફોન કોલની માહિતી આપવા પણ કહેવામાં આવ્યું છે.સુપ્રીમ કોર્ટે ઈમરાનને સારવાર અને મેડિકલ તપાસ માટે શિફા ઈન્ટરનેશનલ હોસ્પિટલ મોકલવાનો આદેશ પણ આપ્યો છે. કોર્ટે તેમની સારવાર માટે મેડિકલ બોર્ડ બનાવવાનું કહ્યું છે, જેમાં તેમના અંગત ડોક્ટર અને બહેન ડો. ઉઝમા ખાનને સામેલ કરવામાં આવશે.

અનુસંધાન પાના ૭ પર

# ઈ-૧૦નો વિકલ્પ આપવા સરકારે વિચારણા શરૂ કરી

### સરકાર-ઓટો ઉદ્યોગ વચ્ચે વાટાઘાટો બાદ તૂર્તમાં નિર્ણયની શકયતા

નવી દિલ્હી, તા. ૧૯

દેશમાં ફરજીયાત ઈ-૨૦ પેટ્રોલના વેચાણ મામલે વધતા ઉહાપોહ વચ્ચે સરકાર હવે તેમાં પીછેહઠ કરે તેવા સંકેત છે. મુખ્ય આર્થિક સલાહકાર વી. અનંતા નાગેશ્ર્વરનની ભલામણ બાદ સરકારે ઈ૨૦ની સાથોસાથ ઈ૧૦ પેટ્રોલ વેચાણમાં મુકવાની વિચારણા શરૂ કરી છે. ખાસ કરીને જુના વાહનોને ઈ૨૦ પેટ્રોલથી થતાં નુકશાનમાંથી બચાવવા ઈ૧૦ પેટ્રોલનો વિકલ્પ આપવાની વિચારણા છે. આ મામલે ચર્ચા પ્રાથમિક તબકકે છે અને તૂર્તમાં આખરી નિર્ણય લેવાય શકે છે. ઈ-૧૦ પેટ્રોલનો વિકલ્પ શક્ય છે કે કેમ તેની ચકાસણી કરવાના ચક્રોગતિમાન કરાયા છે.

સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર ચર્ચામાં જૂના વાહનોને મુખ્ય ધ્યાનમાં રાખવામાં આવ્યા છે. તેમાં તકનીકી તેમજ બિનતકનીકી બંને પાસાં અને સમગ્ર ઈંધણ પુરવઠા વ્યવસ્થાની પણ સમીક્ષા કરવામાં આવી રહી છે. ગ્રાહકોને તેમની જરૂરિયાત મુજબ ઈંધણ પસંદ કરવાની સુવિધા આપવાના મુદ્દે પણ વિચારણા ચાલી રહી છે.

હાલ દેશમાં પેટ્રોલમાં ટકા ઈથેનોલ ભેળવવામાં આવે છે, જેને ઈ-૨૦ કહેવામાં આવે છે. જોકે, જૂના વાહનો અને ખાસ કરીને જૂના દ્વિચક્રી વાહનોના માલિકો લાંબા

અનુસંધાન પાના ૭ પર

# યુએઈમાં દુબઈ સહિત વિવિધ સ્થળે ઈરાને મિસાઈલો છોડી

### ઈરાન સાથેના તમામ વ્યાપારી- નાણાકીય વ્યવહારો રોકી દેતુ યુએઈ

નવી દિલ્હી, તા. ૧૯

મધ્યપુર્વમાં અમેરિકા-ઈરાન વચ્ચેના યુદ્ધમાં સેન્ડવીચ જેવી હાલતમાં ફસાયેલા દુબઈ સહિત યુએઈ-સાઉદી અરેબીયા તથા કતાર સહિતના દેશો પર પણ ઈરાન હુમલા કરી રહ્યું છે અને ખાસ કરીને આ ક્ષેત્રમાં અમેરિકી લશ્કરી થાણાઓને નિશાન બનાવી રહ્યું છે.

તે સમયે હવે અમેરિકા-ઈરાન વચ્ચેના ૬૦ દિવસના યુદ્ધ વિરામની ડેડલાઈનનો અંત આવવાની તૈયારી હોવાથી ફરી માહોલમાં તનાવ છે તે વખતે ઈરાને દુબઈ સહિત યુએઈમાં સમુદ્રમાં રહેલા વ્યાપારી જહાજો તથા અન્ય સ્થળોને નિશાન બનાવી ઈરાને મિસાઈલ દાગી હતી. જો કે યુએઈના દાવા મુજબ બન્ને મિસાઈલોને હવામાંજ આંતરી તોડી પાડવામાં આવી હતી પણ એક આકરા નિર્ણયમાં યુએઈએ ઈરાન સાથેના તમામ વ્યાપારી તથા નાણાકીય વ્યવહારો પર તાત્કાલીક અસરથી પ્રતિબંધ મુકી દીધો છે અને તે અનિશ્ર્ચિત મુદત સુધી યથાવત રહેશે. યુએઈમાં મિસાઈલ હુમલાની ચેતવણી આપતા સાયરન અવારનવાર ગર્જી ઉઠયા હતા.એક તરફ ઈરાન અને અમેરિકા વચ્ચે હોર્મુઝ જળમાર્ગ પર અંકુશ મુદે હવે ફરી તનાવ વધ્યા છે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે હોર્મુઝ જળમાર્ગને અમેરિકી કબ્જાનું ક્ષેત્ર જાહેર કરીને તેનો નકશો પણ પ્રદર્શિત કર્યો છે.તો ઈરાને હોર્મુઝ જળમાર્ગ તેનાજ કબ્જામાં હોવાનું અને તે મુદે અમેરિકા સાથે કોઈ સમજુતી થશે નહી તેવી સ્પષ્ટ જાહેરાત કરી છે. ઈરાન અને તેના સમર્થીત દળોએ મધ્યપુર્વમાં સાઉદી સહિતના ઓઈલ ટેન્કરોને નિશાન બનાવવાનું પણ શરૂ કર્યુ છે. આમ ખાડીનું યુદ્ધ ફરી એક વખત અત્યંત નાજુક તથા ભારે તનાવભરી સ્થિતિમાં પહોંચી ગયું છે તે સમયે યુએઈ પરના હુમલા તથા આર્થિક સહિતના વ્યવહારો પર પ્રતિબંધથી ઈરાન વધુ આક્રમક બની શકે છે.

# આઝમ ખાનના જૌહર ટ્રસ્ટ સહિતના સ્થળે ઈડીના દરોડા

નવી દિલ્હી, તા. ૧૯

સમાજવાદી પાર્ટીના વરિષ્ઠ નેતા આઝમ ખાન સાથે જોડાયેલા નાણાંની ગેરકાયદેસર હેરફેરના કેસમાં અમલદારીએ બુધવારે ઉત્તર પ્રદેશ અને દિલ્હીમાં એકસાથે કાર્યવાહી શરૂ કરી છે. ઈડીએ અધિકારીઓએ ઉત્તર પ્રદેશના રામપુર અને સહારનપુર ઉપરાંત દિલ્હીમાં કુલ ૧૦ જેટલા સ્થળોએ તપાસ હાથ ધરી છે.

આ કાર્યવાહી આઝમ ખાન સાથે જોડાયેલી મૌલાના મહંમદ અલી જૌહર ટ્રસ્ટ અને મહંમદ અલી જૌહર યુનિવર્સિટી સાથે સંકળાયેલી મિલકતોને લઈને કરવામાં આવી રહી છે. ઈડીના જણાવ્યા અનુસાર આ તપાસ નાણાંની ગેરકાયદેસર હેરફેરના કેસ સાથે સંબંધિત છે.

અમલદારી દ્વારા હાથ ધરવામાં આવેલી આ કાર્યવાહી દરમિયાન સંબંધિત સ્થળોએ દસ્તાવેજો અને અન્ય સામગ્રીની તપાસ કરવામાં

અનુસંધાન પાના ૭ પર

# ચલણમાં ડોલર-યુરો કરતા રૂપિયાની નોટોની સંખ્યા વધુ

### ડોલર નોટની સંખ્યા ૫૬ અબજ અને યુરોની ૩૦ અબજ અને રૂપિયાની નોટની સંખ્યા ૧૭૬ અબજ

નવી દિલ્હી, તા. ૧૯

ભારતમાં ડીજીટલ યુગમાં પણ રોકડાનો વ્યવહાર 'સદાબહાર' છે ત્યારે સરકયુલેશનમાં રહેલા રૂપિયા સતત વધી જ રહ્યા છે. હવે દુનિયાના મોટાભાગના દેશોમાં ઉપયોગમાં લેવાતા અમેરિકન ચલણ ડોલર કરતા પણ ભારતીય રૂપિયાનુ સરકયુલેશન વધી ગયુ છે.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ડેપ્યુટી ગવર્નર શીરીષચંદ્ર મુર્મુએ કહ્યું કે અમેરિકી ડોલર કરતા ત્રણ ગણી અને યુરો નોટની સરખામણીએ છ ગણી રૂપિયાની નોટો ચલણમાં છે. ચલણી નોટોની સંખ્યા જીડીપી વિકાસ, મોંઘવારી, વ્યાજદર સહિતના પરિબળોને આધિન હોય છે. રિઝર્વ બેંક હવે પોલીમરની નોટો ચલણમાં મુકી તેનુ આયુષ્ય વધારવા સાથે નોટો પાછળ થતા ખર્ચ પર અંકુશ મુકવા માંગે છે.

તેઓએ કહ્યું કે છેલ્લા કેટલાંક વર્ષોમાં જુદી-જુદી છ રકમની ૨૮થી૩૦ અબજની નોટો વાર્ષિક ધોરણે સરકયુલેશનમાં મુકવામાં આવી હતી. જયારે દર વર્ષે સરેરાશ ૨૧ અબજ નોટો રદીમાં ગઈ હતી. વર્તમાનમાં ૧૭૬ અબજ બેંકનોટ ચલણમાં છે. અમેરિકાના ડોલરની વાત કરવામાં આવે તો ગત વર્ષના અંતે ૫૬ અબજ ડોલર નોટ તથા ૩૦ અબજ યુરો નોટ સરકયુલેશનમાં હતી.

અનુસંધાન પાના ૭ પર

# ઈરાન ડીલ માટે તૈયાર થાય તો જ વાટાઘાટ ચાલુ રખાશે : ટ્રમ્પ

### ઈરાન સાથેની વાતચીત રોકવાનો આદેશ આપતા અમેરિકાના પ્રમુખ

નવી દિલ્હી, તા. ૧૯

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તેમની વાટાઘાટ કરનારી ટીમને ઈરાન સાથેની વાટાઘાટો રોકવા જણાવ્યું છે. અલ જઝીરાના અહેવાલ મુજબ, ટ્રમ્પે આ નિર્ણય ત્યાં સુધી લીધો છે, જ્યાં સુધી તેહરાન કોઈ સોદા માટે તૈયાર ન થાય.અમેરિકી અધિકારીએ અલ જઝીરાને જણાવ્યું કે અમેરિકા અને ઈરાન વચ્ચે અત્યાર સુધી સકારાત્મક વાતચીત થઈ હતી, પરંતુ ટ્રમ્પે આગળની વાતચીત શરૂ કરતા પહેલા રાહ જોવાનો નિર્ણય કર્યો.ટ્રમ્પે મંગળવારે હોર્મુઝ સ્ટ્રેટને અમેરિકાનો ભાગ ગણાવતા સોશિયલ મીડિયા પર નકશો પોસ્ટ કર્યો હતો. ટ્રમ્પની પોસ્ટ બાદ ઈરાનના ઉપ વિદેશ મંત્રી કાઝેમ ગરીબાબાદીએ કહ્યું કે હોર્મુઝ



સ્ટ્રેટને અમેરિકાનો ભાગ ગણાવવો માત્ર એક ગેરસમજ છે.ટ્રમ્પે ટ્રુથ સોશિયલ પર એક ગ્રાફિક પોસ્ટ કર્યું, જેના ઉપર 'નવો અમેરિકી પ્રદેશ' લખેલું હતું. આ મેપમાં હોર્મુઝ સ્ટ્રેટ અને તેની આસપાસનો દરિયાઈ વિસ્તાર દર્શાવવામાં આવ્યો હતો. તેમાં ઈરાન, ઓમાન અને UAE ના ભાગો પણ દેખાઈ રહ્યા હતા.

ટ્રમ્પે મંગળવારે હોર્મુઝને લઈને કહ્યું કે ત્યાં અમેરિકી નૌકાદળની નાકાબંધી હજુ પણ સંપૂર્ણપણે

અનુસંધાન પાના ૭ પર

# રશિયા પર બ્રિટીશ ડ્રોનથી યુક્રેનનો હુમલો

## બ્રિટન યુદ્ધને વધુ ભડકાવી રહ્યું છે, મોટી કિંમત ચુકવવી પડશે : મોસ્કો

નવી દિલ્હી, તા. ૧૯

રિપોર્ટ- યુક્રેને બ્રિટિશ ડ્રોનથી રશિયા પર હુમલો કર્યો:ગુસ્સે થયેલા મોસ્કોએ કહ્યું- બ્રિટન યુદ્ધને વધુ ભડકાવી રહ્યું છે, મોટી કિંમત ચૂકવવી પડશે

રશિયાએ બ્રિટન પર યુક્રેન યુદ્ધમાં દખલ કરવાનો આરોપ લગાવ્યો છે. રશિયન સરકારનો દાવો છે કે યુક્રેને રશિયા પર હુમલો કરવા માટે જે ડ્રોનનો ઉપયોગ કર્યો હતો તે બ્રિટિશ કંપનીઓએ બનાવ્યો હતો. રશિયાએ કહ્યું કે આ માટે બ્રિટનને ગંભીર પરિણામો ભોગવવા પડી શકે છે.

આ મામલો બ્રિટિશ અખબાર ધ સન્ડે ટાઈમ્સના અહેવાલ બાદ સામે આવ્યો છે. હકીકતમાં, આ જ અહેવાલમાં ખુલાસો થયો હતો કે યુક્રેને રશિયા પર હુમલો કરવા માટે ૨ બ્રિટિશ કંપનીઓએ બનાવેલા ડ્રોનનો ઉપયોગ કર્યો હતો.

જો સન્ડે ટાઈમ્સનો આ અહેવાલ સાચો હોય, તો આ પહેલીવાર હશે જ્યારે બ્રિટિશ ટેકનોલોજીથી બનેલા ડ્રોનનો ઉપયોગ રશિયા પર થયેલા હુમલાઓમાં થયો હોય.

બ્રિટનમાં સ્થિત રશિયન દૂતાવાસે કહ્યું કે લંડન જાણી જોઈને યુક્રેન સંકટને વધુ ભડકાવી રહ્યું છે. તે યુક્રેન દ્વારા રશિયાને વધુમાં વધુ નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરી રહ્યું છે. રશિયન દૂતાવાસે કહ્યું કે આના ગંભીર પરિણામો આવશે અને બ્રિટનને તેની કિંમત ચૂકવવી પડશે.આ મામલે બ્રિટનના વડાપ્રધાન એન્ડી બર્નહામનું નિવેદન સામે આવ્યું છે.

બ્રિટિશ સંરક્ષણ મંત્રાલયના પ્રવક્તાએ જણાવ્યું કે બ્રિટન યુક્રેન સાથે મજબૂતીથી ઊભું છે. તેમણે એમ પણ કહ્યું કે રશિયાના હુમલાઓથી પોતાનો બચાવ કરવા માટે યુક્રેનને જે હથિયારોની જરૂર પડશે, બ્રિટન તેમને આપતું રહેશે. પ્રવક્તાએ કહ્યું કે રશિયાને બ્રિટનની નીતિ અંગે કોઈ ગેરસમજ ન હોવી જોઈએ. બ્રિટન યુક્રેન અને તેના સહયોગી દેશો વિરુદ્ધ રશિયાની આક્રમકતાનો વિરોધ કરતું રહેશે.

યુક્રેને આ વર્ષે રશિયાની અંદર ડ્રોન અને લાંબા અંતરની મિસાઈલોથી હુમલાઓ નોંધપાત્ર રીતે વધાર્યા છે. રિપોર્ટ્સ અનુસાર રશિયાએ જુલાઈમાં જાન્યુઆરીની સરખામણીમાં ૩ ગણા વધુ હુમલા કર્યા.

હવે યુક્રેનના હુમલા માત્ર રશિયાની સરહદ નજીકના વિસ્તારો સુધી સીમિત નથી. યુક્રેન રશિયાની અંદર ઘણા દૂર સુધી ડ્રોન અને મિસાઈલ મોકલીને હુમલા કરી રહ્યું છે. આ હુમલાઓમાં રશિયાના સૈન્ય ઠેકાણાઓને નિશાન બનાવવામાં આવી રહ્યા છે.

આ ઉપરાંત, હથિયારો અને ઈંધણના ભંડારો પણ નિશાન પર છે. યુક્રેન રશિયાની તેલ રિફાઈનરીઓ, બંદરો અને ઔદ્યોગિક ઠેકાણાઓ પર પણ હુમલો કરી રહ્યું છે.

# વાપીના કેટલાક ઉદ્યોગો દ્વારા નદી-નાળામાં છોડાતુ ઝેરી પાણી

## ગુજરાત પોલ્યુશન બોડનું વહીવટી તંત્ર નિદ્રાધિન

વાપી, તા.૧૯



વાપી જીઆઈડીસી ઔદ્યોગિક વસાહત ધરાવતા વિસ્તાર માઁ ઝેરી કેમિકલ્સ બનાવતા યુનિટો ની ભરમાળ છે. તેમના દ્વારા નદી નાળા કેનાલ માં દુષિત પાણી છોડી વાપી તેમજ તેની આસપાસ માં વસવાટ કરતા લોકો ના આરોગ્ય સાથે ખિલવાડ કરી સાથે મૂંગા જાનવરો પણ એટલાજ પ્રભાવિત થયાં છે. જેને લઇ જીવન જીવવાનું દૂસવાર બન્યું છે. ગુજરાત પોલ્યુસન કંટ્રોલ બોર્ડ ની અનદેખી ને લઇ હવા અને પાણી બન્ને એટલી હદે દુષિત થયાં છે કે?વાપી તેમજ તે ની આસપાસ ના વિસ્તાર માઁ બોરિંગ કરતી વેળા એ તે માંથી નીકળતા પીવાના પાણી પણ લાલ થયાં છે. વાપી માં ઝેરી કેમિકલ બનાવતા એકમો ના સંચાલકો દ્વારા " કાયદા કી ઐસી કી તૈસી" કરી રહ્યા છે. ખેતી તો નસ્ટ થઈ જ ગઈ છે. પરંતુ લોકો ના આરોગ્ય ઉપર પણ માઠી અસર પેદા થઈ. ઘોર કળિયુગ કહી શકાય એવી સ્થિતિ નિર્માણ થઈ છે.જીપીસીબી ના અધિકારી દ્વારા ઝેરી કેમિકલ્સ બનાવતા એકમો ઉપર કડક કાર્યવાહી કરી તેઓને કાયદા નુ ભાન કરાવી એમની શાન ઠેકાણે લાવે?એવી લોક લાગણી જોવા મળી છે. હાલ ચોમાસા ની ઋતુ માઁ વરસાદી પાણી માઁ કંપની સંચાલકો દ્વારા પાણી દુષિત કરવાની ચેસ્ટા કરવાનું બન્ધ કરે? એ જરૂરી બન્યું છે.



જે. એચ.બી સરદાર પ્રાઈમરી ઈંગ્લિશ સ્કૂલમાં ૮૦માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરવામાં આવી. જેમાં મુખ્ય અતિથિ તરીકે શાળાની ભૂતપૂર્વ વિદ્યાર્થીની ડો. સવિનય દીધિયાના વરદ હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું. શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. આ પ્રસંગે શ્રી સત્ય સાઈ એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખશ્રી રજનીકાંત બચકાનીવાલા ઉપસ્થિતિ રહ્યા હતા તેમજ શાળાના ઇનચાર્જ આચાર્યાશ્રી, વાલી મંડળ તથા શાળા પરિવારના સભ્યોએ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# ખાડી પુરગ્રસ્ત વિવિધ વિસ્તારના અસરગ્રસ્તો કેશ ડોલથી વંચિત



## ઓનલાઈન ફોર્મ ભરવામાં તકીનીક સમસ્યા સર્જાતી હોવાની ફરિયાદ

સુરત, તા.૧૯

સુરતમાં ૭જુલાઈ, રોજ ખાડી પુર આવ્યું હતું ત્યાર બાદ ગુજરાત સરકાર દ્વારા બે આર્થિક સહાય જાહેર કરવામાં આવી હતી ૬૮૦૦ કેશ ડોલ અને વેપારીઓ ની આર્થિક નુકસાન સહાય , પરંતુ જે રીતે કેશ ડોલ સહાય માં તંત્ર દ્વારા સક્રિય અને ઝડપી રીતે ડોર ટુ ડોર સર્વે કરી સહાય આપી પણ વેપારીઓ ની આર્થિક સહાય માં તંત્ર દ્વારા નિષ્ક્રિયતા જોવા મળી રહી છે, સહાય પેકેજ જાહેર થયા ના ૧ મહિનો ઉપર થઇ ગયો પરંતુ વેપારીઓ દ્વારા ઓનલાઇન ફોર્મ ભર્યા બાદ પણ સર્વે માં તંત્ર દ્વારા નિષ્ક્રિયતા જોવા મળી રહી છે,તેમજ કેટલાક વેપારીઓ ની ઓનલાઇન ફોર્મ ભરવામા તકનીકી સમસ્યા નો સામનો કરી રહ્યા છે, તેમજ ઓનલાઈન ફોર્મ ભર્યા બાદ પણ વેપારીઓ દ્વારા જિલ્લા ઔદ્યોગિક કેન્દ્ર ના ધક્કા ખાઈ રહ્યાં છે,તો સરકાર ને તેમજ તંત્ર ને રજૂઆત છે કે ફોર્મ ભરવાની પ્રક્રિયા સરળ બનાવે , અને વેપારીઓ ને ધક્કા ન ખાવા પડે એ માટે સામાન્ય અરજી દ્વારા તંત્ર ડોર ટૂ ડોર સર્વે ઝડપી રીતે પૂર્ણ કરી , ધંધા સ્થળે સમસ્યા દૂર કરી અને વેપારીઓ ને ઝડપ થી સહાય વિતરણ શરૂ કરે.

# બ્રહ્મકુમારી રામનગર શાખા દ્વારા રક્ષાબંધન પર્વ ઉજવાયું

સુરત, તા.૧૯

રક્ષાબંધનના ભાઈ બહેન ના પવિત્ર બંધન રૂપી રક્ષાબંધન ની ઉજવણી રાંદેર રામનગર સુરત ખાતે પ્રજાપિતાબ્રહકુમારી ઈશ્વરી વિશ્વવિધ્યાલયસાખા ખાતે બ્રહ્મકુમારીનારંજન દીદી સુરત વલસાડ સબ ઝોન ના ઈનચાર્જ દ્વારા રક્ષાબંધન ની ઉજવણી કરવા માં આવી જેમાં લોકનાયક ના તંત્રી અને સુરત પીપલ્સ બેંક ના ડિરેક્ટરને રાજન દીદી દ્વારા રક્ષાબંધન ની પવિત્ર રાખડી બાંધીને સન્માન કરવા માં આવ્યું જેમાં પ્રજાપિતાબ્રહ્મકુમારી અને સત્સંગી ભાઈ બહેનો મોટી સંખ્યામાં હાજર રહી આ રક્ષાબંધન પ્રસંગ નો લાભ લેતા માલૂમ પડ્યા તેમજ રંજન દીદી ની બાજુમાં બેસી ને પ્રજાપિતાબ્રહ્મકુમારી સંસ્થા દ્વારા જે અનેક કાર્યક્રમો જેવા કે નશા મુક્તિ પ્રતિજ્ઞા તેમજ અનેક સમાજ લક્ષી કાર્યક્રમો આ સંસ્થા દ્વારા કરવા માં આવે છે તે વિશે બે શબ્દો બોલવાનોઅવસર પ્રાપ્ત થયો અને પ્રજાપિતાબ્રહ્મકુમારી સંસ્થા ની મુલાકાત લેવાનો અવસર પ્રાપ્ત કરીને શાંતિની અનુભૂતિ પ્રાપ્ત કરી.

# જયદીપસિંહ બારિયાએ ગુજરાત બિગ સ્પોર્ટ્સ એવોર્ડ જીતી સંસ્કારકુંજ જ્ઞાનપીઠ શાળાનું નામ રોશન કર્યું

સુરત, તા.૧૯



નરથાણ,દાંડી રોડ,સુરત સ્થિત સંસ્કારકુંજ જ્ઞાનપીઠ શાળા માટે ગૌરવની ક્ષણ છે. શાળાના અંગ્રેજી માધ્યમના તેજસ્વી વિદ્યાર્થી કરણભાઈ જોશીએ યોગમાં તેમની ઉત્કૃષ્ટ સિદ્ધિ બદલ પ્રતિષ્ઠિત 'જયદીપસિંહ બારિયા' ગુજરાત બિગ સ્પોર્ટ્સ એવોર્ડ પ્રાપ્ત કર્યો ??.

આ સિદ્ધિ બદલ શાળા પરિવાર દ્વારા કરણભાઈ જોશીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવ્યા છે. શાળાના સંચાલકો અને શિક્ષકોએ કરણભાઈની આ સફળતાને શાળા માટે ગૌરવરૂપ ગણાવી છે અને તેના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી છે.

આ એવોર્ડ વિતરણ પ્રસંગે કરણભાઈ જોશીનું સન્માન કરવામાં આવ્યું હતું, જે શાળાની રમતગમત પ્રત્યેની પ્રતિબદ્ધતા અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને દર્શાવે છે.

# ઉત્થાન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ધ્વજ વંદન યોજાયું

ભરૂચ, તા.૧૯

ભરૂચ ખાતે ઉત્થાન ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ૧૫ ઓગસ્ટના પવિત્ર સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવી હતી. કાર્યક્રમમાં સંસ્થાની બહેનો તેમજ ડ્રેસ મેકર કોર્સની બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમ દરમિયાન રાષ્ટ્રધ્વજને સલામી આપી દેશની આઝાદી માટે બલિદાન આપનાર સ્વાતંત્ર્ય સેનાનીઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. સાથે જ મહિલાઓને આત્મનિર્ભર બનાવવા અને કૌશલ્ય વિકાસ માટે સંસ્થા દ્વારા કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓ અંગે પણ સંદેશ આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે ઉત્થાન ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ શ્રી પરેશ મેવાડાની ઉપસ્થિતિમાં સંસ્થાની બહેનો તથા ડ્રેસ મેકર બહેનોએ રાષ્ટ્રપ્રેમ અને દેશભક્તિની ભાવના સાથે સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી કરી હતી. કાર્યક્રમમાં વૈશાલી ચંદેલ અમિતા રાણા, અને સોનલ રાણા સહિત સંસ્થાની બહેનો તથા ડ્રેસ મેકર બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ઉત્થાન ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા મહિલાઓને કૌશલ્ય શિક્ષણ આપી તેમને સ્વાવલંબી અને આત્મનિર્ભર બનાવવાના હેતુથી વિવિધ તાલીમ કાર્યક્રમો સતત ચલાવવામાં આવે છે.



# સ્કેટમાં 'TECH GOT LATENT' ટેકનિકલ ડિબેટ સ્પર્ધાનું આયોજન

## ડીબેટમાં વિદ્યાર્થીઓએ ટેકનિકલ મુદ્દાઓ પર વિચારો રજૂ કર્યા



સુરત, તા.૧૯

સાર્વજનિક કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલોજી (SCET), સુરતના મેકેનિકલ એન્જિનિયરિંગ વિભાગ દ્વારા SYNERGY.io અંતર્ગત તારીખ: ૧૮ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ 'TECH GOT LATENT' નામની ટેકનિકલ ડિબેટ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં ટેકનિકલ જ્ઞાન, તર્કશક્તિ, ઝડપી વિચારશક્તિ અને પોતાના વિચારો અસરકારક રીતે રજૂ કરવાની ક્ષમતા વિકસાવવાનો હતો.

સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ''Data Privacy vs. Data Selling", "AI Data Centres vs. Natural Resources", "Degree vs. Skills" અને "Programming vs. Croe Subjects" જેવા સમકાલીન અને વિચારપ્રેરક વિષયો પર FOR અને AGAINST ટીમ તરીકે ડિબેટમાં ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ વિવિધ ટેકનિકલ મુદ્દાઓ પર તથ્ય આધારિત દલીલો અને પોતાના વિચારો રજૂ કરી પોતાની વિશ્લેષણાત્મક ક્ષમતા તથા આત્મવિશ્વાસનું પ્રદર્શન કર્યું હતું. આ પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થીઓમાં Critical Thinking, Communication Skills અને Technical Awareness વિકસાવવામાં મહત્વપૂર્ણ યોગદાન મળ્યું. 'TECH GOT LATENT' સ્પર્ધા વિદ્યાર્થીઓ માટે એક નવીન અને જ્ઞાનવર્ધક અનુભવ સાબિત થઈ હતી. કાર્યક્રમના આયોજનમાં વિદ્યાર્થી ટીમનો નોંધપાત્ર ફાળો રહ્યો હતો અને સમગ્ર પ્રવૃત્તિનું સંકલન મેકેનિકલ એન્જિનિયરિંગ વિભાગના ફેકલ્ટીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

# ભાડા કરાર વિના રહેતા ભાડુઆતો સામે સિંગણપોર પોલીસની પ્રશંસનીય કામગીરી

## સહજાનંદ સોસાયટીના પ્રમુખ-કમિટી સભ્યોની રજૂઆતને પગલે પોલીસની કામગીરી

સુરત, તા.૧૯

સુરતના સિંગણપોર વિસ્તારમાં ભાડા કરાર અને પોલીસ વેરિફિકેશન વિના રહેતા ભાડુઆતો સામે સિંગણપોર પોલીસ દ્વારા પ્રશંસનીય કામગીરી કરવામાં આવી છે. પોલીસ વિભાગના પરિપત્ર મુજબ ભાડે મકાન આપતા પહેલા ભાડુઆતનું પોલીસ વેરિફિકેશન કરાવવું તેમજ નિયમ મુજબ ભાડા કરાર કરાવવો જરૂરી હોવા છતાં કેટલાક લોકો જરૂરી પ્રક્રિયા વિના રહેતા હોવાની રજૂઆત પોલીસ સમક્ષ કરવામાં આવી હતી. સિંગણપોરની સહજાનંદ સોસાયટીના પ્રમુખ વિજય રાઠોડ તેમજ કમિટી સભ્યો દ્વારા આ અંગે સિંગણપોર પોલીસ સ્ટેશનમાં લેખિત રજૂઆત કરવામાં આવી હતી. રજૂઆતમાં સોસાયટીમાં ભાડા કરાર વિના રહેતા ભાડુઆતો અંગે તપાસ કરી નિયમ મુજબ યોગ્ય કાર્યવાહી કરવા વિનંતી કરવામાં આવી હતી. રજૂઆતને ગંભીરતાથી લઈ સિંગણપોર પોલીસ ઈન્સ્પેક્ટરે તાત્કાલિક સ્ટાફને કાર્યવાહી કરવા સૂચના આપી હતી. ત્યારબાદ પોલીસ સ્ટાફે સહજાનંદ સોસાયટીમાં તપાસ હાથ ધરી ભાડા કરાર વિના રહેતા કેટલાક ભાડુઆતોને નોટિસ પાઠવી હતી. પોલીસની આ ત્વરિત કામગીરીથી સોસાયટીના રહેવાસીઓમાં સંતોષની લાગણી જોવા મળી રહી છે. ભાડુઆતોનું યોગ્ય વેરિફિકેશન અને ભાડા કરારની પ્રક્રિયા થવાથી સોસાયટીમાં સુરક્ષાનું વાતાવરણ વધુ મજબૂત બનશે. ખાસ કરીને અજાણ્યા વ્યક્તિઓની ઓળખ અને તેમના રહેઠાણ અંગે પોલીસ પાસે જરૂરી માહિતી ઉપલબ્ધ રહે તે દિશામાં આ કાર્યવાહી મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. સહજાનંદ સોસાયટીના પ્રમુખ વિજય રાઠોડ તથા કમિટી સભ્યોની રજૂઆત બાદ સિંગણપોર પોલીસ દ્વારા તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવતા સોસાયટીના રહેવાસીઓએ પોલીસની કામગીરીને બિરદાવી છે. સ્થાનિક સ્તરે સુરક્ષા અને કાયદો-વ્યવસ્થા જાળવવા પોલીસ દ્વારા કરવામાં આવેલી આ કામગીરીને પ્રશંસનીય પોલીસ કામગીરી તરીકે જોવામાં આવી રહી છે.

# જહાંગીરપુરાની શાળામાં આરોગ્ય કેમ્પ



સુરત, તા.૧૯

ચોમાસાના ભેજવાળા વાતાવરણમાં બીમારીઓ વધી રહી છે જેમાં ખાસ કરીને નાના નાના બાળકો અને ભૂલકાઓમાં બીમારીનું પ્રમાણ વધારે જોવા મળે છે જેને ધ્યાનમાં રાખીને જાહાંગીરપુરા સ્થિત સ્કુલ દ્વારા નાના બાળકો માટે ડોક્ટર હિમાંશુ પટેલ એમડી પૅડિયાટ્રિક ના માર્ગદર્શન હેઠળ મેડિકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતુ.

# કેન્દ્રીય ધિાલય ક્રમાંક નં. 3માં વાર્ષિક પેનલ નિરીક્ષણ કરાયું

## નિરીક્ષકો દ્વારા શૈક્ષણિક તથા વહીવટી કાર્યોનું મૂલ્યાંકન



સુરત, તા.૧૯

કેન્દ્રીય વિદ્યાલય નંબર ૩, ONGC, સુરત ખાતે આજે વાર્ષિક પેનલ નિરીક્ષણ કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હતો. શ્રીમતી મીના જોશી (સહાયક કમિશનર, કેન્દ્રીય વિદ્યાલય સંગઠન, પ્રાદેશિક કાર્યાલય અમદાવાદ) ની આગેવાની હેઠળ એક નિરીક્ષણ ટીમ શાળાના શૈક્ષણિક, વહીવટી અને સહ-શૈક્ષણિક કામગીરીનું મૂલ્યાંકન કરવા માટે શાળામાં પહોંચી હતી.

નિરીક્ષણ ટીમમાં શ્રી અરવિંદ કુમાર સિંહ (આચાર્ય, કેન્દ્રીય વિદ્યાલય છલ્લજી દરજીપુરા, વડોદરા) અને શ્રી લક્ષ્મણ કુમાર લક્ષ્મણ (આચાર્ય, PM SHRI કેન્દ્રીય વિદ્યાલય ઓખા પોર્ટ) સભ્યો તરીકે સામેલ હતા.

નિરીક્ષણ દરમિયાન, ટીમે શાળાની શૈક્ષણિક પ્રવૃત્તિઓ, વિદ્યાર્થીઓની સિદ્ધિઓ, વહીવટી વ્યવસ્થા, રેકોર્ડ, સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ અને વિવિધ ચાલુ કાર્યક્રમોની સમીક્ષા કરી. ટીમ દ્વારા શાળાની કામગીરી અને પ્રણાલીઓનું વિગતવાર મૂલ્યાંકન કરવામાં આવ્યું.

કાર્યક્રમના ભાગ રૂપે, સવારની સભા દરમિયાન વિવિધ પ્રવૃત્તિઓ રજૂ કરવામાં આવી હતી. જેમાં યોગાભ્યાસ, પ્રાર્થના, પ્રતિજ્ઞા, 'દિવસ માટેનો વિચાર', સમાચાર અપડેટ્સ, 'દિવસનો શબ્દ', બેજ ઇનિશ્ટીચર, મહેમાનોનું સન્માન, લીલો સ્વાગત, સ્વાગત ભાષણ અને FLN (ફાઉન્ડેશનલ સાક્ષરતા અને સંખ્યાત્મકતા) પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. આ કાર્યક્રમમાં

અનુસંધાન પાના ૭ પર

# કૃષિ વિભાગની ખેડૂતલક્ષી વિવિધ યોજનામાં મોટાપાયે કરાતી ગોલમાલ

## સરકારી યોજનાના નાણાના દુરુપયોગ અંગે ખેડૂત અગ્રણી દર્શન નાયક દ્વારા મુખ્યમંત્રીને ફરિયાદ

સુરત, તા.૧૯

સુરત જિલ્લાના વિવિધ તાલુકાઓમાં કૃષિ વિભાગ દ્વારા અમલમાં મૂકાતી ખેડૂતલક્ષી યોજનાઓમાં વ્યાપક ગેરરીતિઓ, ખોટી લાભાર્થી એન્ટ્રીઓ, ખોટા બિલો, નકલી દસ્તાવેજો તથા સરકારી નાણાંના સંભવિત દુરુપયોગ અંગે ગંભીર માહિતી સામે આવતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી અને ખેડૂત આગેવાન શ્રી દર્શનકુમાર એ. નાયક દ્વારા ગુજરાતના મુખ્યમંત્રીશ્રીને ઉચ્ચસ્તરીય તપાસ માટે વિગતવાર રજૂઆત કરવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી મુજબ સુરત જિલ્લાના ચોર્યાસી, અડાજણ અને કતારગામ તાલુકામાં નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ અને ૨૦૨૫-૨૬ દરમિયાન National Food Security Mission (NFSM) સહિતની વિવિધ કૃષિ યોજનાઓ હેઠળ યોજાનાર ખેડૂત તાલીમ, નિર્દેશન (Demonstration) અને ડેમોસ્ટ્રેશન કાર્યક્રમોમાં ગંભીર અનિયમિતતાઓ આચરવામાં આવી હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી છે. રજૂઆતમાં જણાવ્યા મુજબ NFSM યોજનાના ન્યુટ્રીસીયલ ઘટક હેઠળ યોજાનારી "Cropping System Based Training" સહિતની અનેક તાલીમો કાગળ પર દર્શાવવામાં આવી હોવા છતાં વાસ્તવમાં યોજાઈ જ નથી. તેમ છતાં સંબંધિત અધિકારીઓ દ્વારા ખોટા બિલો, ખોટી લાભાર્થી એન્ટ્રીઓ અને અન્ય દસ્તાવેજોના આધારે સરકારી નાણાં મેળવવા માટે દરખાસ્તો તૈયાર કરવામાં આવી હોવાની ગંભીર આશંકા છે. આક્ષેપો મુજબ વર્ષ દરમિયાન ૨૦ થી ૨૫ જેટલી તાલીમો યોજવાની જોગવાઈ હોવા છતાં વાસ્તવમાં માત્ર થોડા કાર્યક્રમો યોજી તેમના ફોટોગ્રાફ્સના આધારે બાકીની તાલીમો પણ યોજાઈ ગઈ હોવાનું દર્શાવી સરકારી નાણાંની ઉચાપત કરવામાં આવી હોવાની રજૂઆતો મળી રહી છે. આ પ્રકારની ગેરરીતિઓ માત્ર ત્રણ તાલુકાઓ પૂરતી મર્યાદિત નહી પરંતુ સમગ્ર સુરત જિલ્લામાં ચાલી રહી હોવાની શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી છે. રજૂઆતમાં વધુમાં

અનુસંધાન પાના ૭ પર



# શ્રાવણ માસમાં સોમનાથ મહાદેવ મંદિરે શ્રધ્ધાળુઓની ભીડ ઉમટી

સુરત, તા.૧૯

હાલ હિંદુ ધર્મ ના પવિત્ર શ્રાવણ માસ ના પહેલા સોમવારે નવસારી નજીક આવેલ બીલીમોરા માં સોમનાથ મહાદેવ ના મંદિર માં ભક્તો ની ભારે ભીડ જોવા મળી. શિવલિંગ ની પૂજા અર્ચના સાથે ભૂદેવો દ્વારા વૈદિક મંત્રોચ્ચાર કરી ભગવાન ના શિવલિંગ ઉપર દૂધ, પાણી, બીલીપત્ર, મધ, ઘી, ગન્ધ પુષ્પ જે શિવજી ભગવાન ને પ્રિય એવી પૂજા સામગ્રી થી ભક્તો દ્વારા અભિષેક કરવા માં આવ્યો. મધ્ય રાત્રી થી દેવાલય ખુલી જતા ભક્તો દ્વારા હર હર મહાદેવ ના પોકાર સાથે વાતાવરણ ભક્તિ મય બની જતું હોય છે. લાંબી કતારો માં ભક્તો ખડે પગે ઊભા રહી ભોળા નાથ ના દર્શન કરી ધન્યતા અનુભવે છે.

# તાપીની ગૌરવ દીકરી – હેત્વી ચૌધરી તિરંદાજીમાં તેજસ્વી સફળતા



તાપી જિલ્લાના ખેલ જગતમાં એક અનોખું નામ બની રહેલી હેત્વી ચૌધરીએ તિરંદાજી ક્ષેત્રે સતત પ્રભાવશાળી સિદ્ધિઓ મેળવી છે. SGFI નેશનલ સ્પર્ધાઓમાં વર્ષ ૨૦૧૮માં ગોલ્ડ અને સિલ્વર, ૨૦૧૯માં બ્રોન્ઝ, તેમજ ૨૦૨૦-૨૧માં ફરી ગોલ્ડ મેડલ મેળવી તાપીનું ગૌરવ વધાર્યું.

ખેલો ઈન્ડિયા – ઈસ્ટ ઝોન ટૂર્નામેન્ટમાં ૨૦૨૨માં ગોલ્ડ મેડલ તથા ૨૦૨૩માં અગ્રહરોળમાં સ્થાન મેળવી પોતાની પ્રતિભાનો પરિચય આપ્યો. સબ જુનિયર અને સિનિયર નેશનલ સહિતની સ્પર્ધાઓમાં પણ હેત્વીએ સતત શ્રેષ્ઠ દેખાવ કર્યો છે.

૨૦૨૩ની નેશનલ રેન્કિંગ એર્ચરી ટૂર્નામેન્ટમાં સિલ્વર મેડલ, ખેલો ઈન્ડિયા NTPC વિમેન્સ અને નેશનલ ટૂર્નામેન્ટ (૨૦૨૩-૨૪)માં 'ટોપ-૬'માં સ્થાન, તેમજ ૨૦૨૪ની ફાઈનલ NTPC નેશનલ રેન્કિંગ ટૂર્નામેન્ટમાં બ્રોન્ઝ મેડલ મેળવી હેત્વીએ પોતાની પ્રતિભાને વધુ મજબૂત બનાવી.

આંતરરાષ્ટ્રીય સ્તરે પણ હેત્વીએ માર્ચ ૨૦૨૪માં દક્ષિણ કોરિયામાં યોજાયેલા 'કોરિયન એક્સપોઝર કેમ્પ'માં ભાગ લઈ અનુભવ મેળવ્યો.

હેત્વીની આ સફળતાઓ DLSS જેવા સ્પોર્ટસ સંકુલો તથા સરકારની શક્તિદૂત યોજનાઓના સહકારથી શક્ય બની છે.

# આહવા-ડાંગમાં ૧૮૪થી ૧૯૩ હનુમંત સંકલ્પ સેન્ટરોના ભવ્ય લોકાર્પણ મહોત્સવનું આયોજન





આહવા, ડાંગ: લેન્ડમાર્ક કોર્પોરેશનના માધવજીભાઈ માંગુકિયા પરિવાર દ્વારા શ્રી રામકૃષ્ણા વેલફેર ટ્રસ્ટના ગોવિંદકાકા ધોળકિયાના સહયોગથી ડાંગના આહવા ખાતે ૧૧૧૧ હનુમંત સંકલ્પ યાત્રા અંતર્ગત મહાલપાડા ખાતે ૧૯૨માં હનુમાન મંદિર અને હનુમંત સંકલ્પ સેન્ટરનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

શ્રી રામકૃષ્ણા વેલફેર ટ્રસ્ટ અને ગોવિંદકાકા ધોળકિયાના માર્ગદર્શન હેઠળ ડાંગના વિવિધ વિસ્તારોમાં ૧૮૪થી ૧૯૩ હનુમંત સંકલ્પ સેન્ટરોના લોકાર્પણ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૧૫ અને ૧૬ ઓગસ્ટ, ૨૦૨૬ દરમિયાન આહવા તાલુકાના ગડદ, ભવાનદગડ, મહાલપાડા સહિતના વિવિધ સ્થળોએ કાર્યક્રમો યોજાયા હતા. મહાલપાડા ખાતે ૧૯૨માં હનુમંત સંકલ્પ સેન્ટરના લોકાર્પણ પ્રસંગે ઢોલ-નગારાના નાદ, નૃત્ય અને ભક્તિમય માહોલ વચ્ચે સમગ્ર કાર્યક્રમ ધામધૂમથી સંપન્ન થયો હતો. સ્થાનિક ગ્રામજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમમાં ભાગ લીધો હતો અને ભક્તિભાવ તથા ઉત્સાહ સાથે આ પ્રસંગની ઉજવણી કરી હતી. આ પ્રસંગે ડાંગના પરમ પૂજ્ય પી.પી. સ્વામી, પૂજ્ય શ્રી ભક્તિબાપુ – માનવમંદિર, સાવરકુંડલા, પ્રમુખસ્થાને શ્રી સાંવરપ્રસાદ બુધિયા (ચેરમેન, સ્ટીમહાઉસ) તેમજ સમારોહના મુખ્ય મહેમાન શ્રી ભરતભાઈ દેવજીભાઈ સુખડીયા (દેવજી કન્સ્ટ્રક્શન) સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન સેવાકીય દાતા તરીકે લેન્ડમાર્ક કોર્પોરેશનના માધવજીભાઈ પટેલ, ઉષાબેન, નિલમબેન, ધ્રુવિનભાઈ, ઓ.ડી. માંગુકિયા સહિતના દાતાઓ તથા અન્ય મહાનુભાવોનું સન્માન કરવામાં આવ્યું હતું. ૧૧૧૧ હનુમંત સંકલ્પ યાત્રા અંતર્ગત ડાંગના વિવિધ વિસ્તારોમાં ધાર્મિક આસ્થા સાથે લોકસહભાગિતા અને સેવાભાવને પ્રોત્સાહન આપતા કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. મહાલપાડા ખાતે ૧૯૨માં હનુમંત સંકલ્પ સેન્ટરના લોકાર્પણ પ્રસંગે ગ્રામજનોની મોટી હાજરી અને ઉત્સાહ વિશેષ આકર્ષણ બન્યો હતો.

## ભારતના વૈશ્વિક વેપાર માટે વિઝિન્ઝમ બન્યું નવું ગેટવે

# વિદેશી બંદરો પરની નિર્ભરતા ઘટશે, સમય અને લોજિસ્ટિક્સ ખર્ચમાં થશે બચત




તિરુવનંતપુરમ, ૧૮ ઓગસ્ટ

ભારતના દરિયાઈ વેપાર ક્ષેત્રે મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ વિકાસ તરીકે વિઝિન્ઝમ ઈન્ટરનેશનલ સીપોર્ટે સંપૂર્ણ આયાત-નિકાસ (EXIM) કામગીરીનો પ્રારંભ કર્યો છે. આ સાથે વિઝિન્ઝમ માત્ર ટ્રાન્સશિપમેન્ટ હબ નહીં, પરંતુ ભારતીય નિકાસકારો અને આયાતકારોને વૈશ્વિક બજારો સાથે સીધા જોડતું મહત્વપૂર્ણ ગેટવે બન્યું છે.

કેરળના મુખ્યમંત્રી શ્રી વી.ડી. સતીશન, ઉદ્યોગ મંત્રી શ્રી પી.કે. કુંહાલિકુટ્ટી, ધારાસભ્ય શ્રી એમ. વિન્સેન્ટ, ભારત સરકારના મેરિટાઈમ એડમિનિસ્ટ્રેશનના ડાયરેક્ટર જનરલ શ્રી શ્યામ જગન્નાથન (IAS) સહિત મહાનુભાવોની ઉપસ્થિતિમાં EXIM કામગીરીનો પ્રારંભ થયો હતો. હવે વિઝિન્ઝમ પર આંતરરાષ્ટ્રીય શિપિંગ સેવાઓ વચ્ચે ટ્રાન્સશિપમેન્ટ ઉપરાંત ભારત આવતા અને ભારતમાંથી જતા કાર્ગોનું પણ સીધું સંચાલન શક્ય બનશે. આ પ્રસંગે કેરળના મુખ્યમંત્રી શ્રી વી.ડી. સતીશને જણાવ્યું હતું કે, "વિઝિન્ઝમ હવે વિશ્વ માટે એક ગેટવે છે. મજબૂત રોડ-રેલ કનેક્ટિવિટી અને મોટા ખાનગી રોકાણો દ્વારા આ તકનો મહત્તમ લાભ લેવાનો સમય આવી ગયો છે." તેમણે રિંગ રોડ માટે જમીન સંપાદન માટે ?૩,૨૦૦ કરોડ ફાળવવાની જાહેરાત પણ કરી હતી. અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિમિટેડ (APSEZ)ના CEO અને હોલ-ટાઈમ ડાયરેક્ટર શ્રી અશ્વિની ગુપ્તાએ જણાવ્યું હતું કે, "વિઝિન્ઝમ કેરળની પ્રતિભા અને ભારતની આકાંક્ષાઓને વૈશ્વિક બજારો સાથે જોડતો નવો ગેટવે છે." તેમણે ઉમેર્યું કે આ વિકાસ ભારતની આત્મનિર્ભરતા, વૈશ્વિક સ્પર્ધાત્મકતા અને મેરિટાઈમ ક્ષેત્રે નેતૃત્વને વધુ મજબૂત બનાવશે. હાલમાં ભારતનો ૭૫ ટકાથી વધુ કન્ટેનર ટ્રાન્સશિપમેન્ટ કાર્ગો વિદેશી બંદરો મારફતે હેન્ડલ થાય છે. વિઝિન્ઝમની EXIM કામગીરીથી આ નિર્ભરતા ઘટાડવામાં તેમજ સમય અને લોજિસ્ટિક્સ ખર્ચમાં બચત કરવામાં મદદ મળશે. ૩ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ વ્યાપારી કામગીરી શરૂ કરનાર વિઝિન્ઝમે અત્યાર સુધી ૨.૨૮ મિલિયનથી વધુ ્EUs અને ૧,૧૦૦થી વધુ જહાજોનું સંચાલન કર્યું છે. તેમાં ૮૦થી વધુ અલ્ટ્રા લાર્જ કન્ટેનર વેસલ્સનો સમાવેશ થાય છે. પોર્ટે માત્ર ૧૦ મહિનામાં ૧ મિલિયન અને ૧૮ મહિનામાં ૨ મિલિયન્ ઈંજનો આંકડો પાર કર્યો છે. પ્રારંભિક તબક્કામાt EXIM કામગીરીનો સીધો લાભ કેરળ, તમિલનાડુ અને કર્ણાટકના ઉદ્યોગોને મળશે. બેંગલુરુ, કોઈમ્બતોર અને તિરુપ્પુર જેવા ઉત્પાદન કેન્દ્રોને વૈશ્વિક શિપિંગ નેટવર્કની વધુ ઝડપી અને કાર્યક્ષમ પહોંચ મળશે. સાથે જ લોજિસ્ટિક્સ, વેરહાઉસિંગ અને ફ્રેટ ફોરવર્ડિંગ ક્ષેત્રે ૫,૦૦૦થી વધુ પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીની તકો ઊભી થવાની અપેક્ષા છે. આગામી ?૧૬,૦૦૦ કરોડના બીજા તબક્કાના વિસ્તરણથી પોર્ટની વાર્ષિક ક્ષમતા વધીને ૫.૭ મિલિયન્ ઈંજ થશે. ૧,૨૦૦ મીટરની નવી કન્ટેનર બર્થ ઉપરાંત રેલ-રોડ કનેક્ટિવિટી, લોજિસ્ટિક્સ પાર્ક અને વેરહાઉસિંગ સુવિધાઓ વિકસાવવામાં આવશે. સમગ્ર તબક્કો ડિસેમ્બર ૨૦૨૮ સુધીમાં પૂર્ણ કરવાનો લક્ષ્યાંક છે.




# સુરતના ડભારી બીચ અને તેની આસપાસના દરિયાઇ કાંઠા વિસ્તારમાં મરીન ટાસ્કફોર્સ દ્વારા " સઘન કોસ્ટલ પેટ્રોલીંગ"

દેશની દરિયાઇ સરહદો પર બાજ નજર રાખવા અને કોઇપણ પ્રકારની રાષ્ટ્રવિરોધી પ્રવૃતિઓને જડબાતોડ જવાબ આપવા માટે મરીન ટાસ્ક ફોર્સ દ્વારા તારીખ ૧૮/૦૮/૨૦૨૬ના રોજ ડભારી બીચ અને તેની આસપાસના દરિયાકાંઠા વિસ્તારમાં સઘન કોસ્ટલ પેટ્રોલીંગ અને સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ હતુ.

મરીન ટાસ્ક ફોર્સના છહ્હ્ય શ્રી અમિત વિશ્વકર્મા અને હ્રૈં શ્રી એ.એમ.મુનિયા તથા મરીન ટાસ્ક ફોર્સ-હજીરાના પોલીસ અધિક્ષક અને મરીન સેક્ટર કમાન્ડર શ્રી એસ.જે.પરમારના માર્ગદર્શન હેઠળ પો.ઈન્સ.શ્રી એમ.એમ.જાંબુકીયા, પી.એસ.આઈ.શ્રી, બી.આર.તડવી તેમજ પી.એસ.આઈ. શ્રી એસ.બી.પટેલ અને મરીન કમાન્ડોની અલગ-અલગ ટીમો દ્વારા કટોકટીની સ્થિતિને પહોચી વળવા માટે ફૂટ પેટ્રોલીંગ કર્યુ હતુ. કમાન્ડોઝ દ્વારા દરિયાકાંઠાની અવાવરૂ જગ્યાઓ, શંકાસ્પદ ઝાંડી-ઝાંખરા અને તમામ સંભવિત છુપાવવાના સ્થળોને ખુંદી વળવામાં આવ્યા હતા.

દરિયાઈમાર્ગે થતી ગુનાખોરી અને ઘૂસણખોરી રોકવા માટે કિનારે લાંગરેલી તેમજ શંકાસ્પદ જણાતી બોટોનું બારીકાઈથી ઓન-સ્પોટ ચેકીગ કરવામાં આવ્યુ હતુ. આ વિસ્તારમાં ફરતાં શંકાસ્પદ ઈસમોને અટકાવીને તેમની પૂછપરછ પણ કરવામાં આવી હતી.




# તુલસી જયંતિના ઉપલક્ષ્યમાં પૂ.મોરારિબાપુના વરદ્હસ્તે અમેરિકામાં અર્પણ થશે વિવિધ એવોર્ડ

વેળાવદર (તખુભાઈ સાંડસુર દ્વારા)

પૂજ્ય મોરારિબાપુની પાવન સન્નિધિમાં દરવર્ષે રામચરિત માનસ, ભાગવત અને અન્ય સદગ્રંથના મિમાંસકો, ગાયકો વગેરેને વાલ્મિકી, તુલસી, વ્યાસ અને રત્નાવલી એવોર્ડ અર્પણ થાય છે. આ કાર્યક્રમ દર વર્ષે મોટાભાગે તલગાજરડાના ચિત્રકૂટ ધામમાં યોજાયો છે. પરંતુ ચાલુ વર્ષે આ કાર્યક્રમ અમેરિકાની હાર્વર્ડ યુનિવર્સિટીમાં આગામી તારીખ ૧૯/૮ ના રોજ યોજાશે. જેમાં વિવિધ વિદ્વાનો મહાનુભાવોને આ એવોર્ડ અર્પણ થશે .

"માનસ ગુરુ પ્રસાદ" કથાના દ્વિતીય દિવસે કાર્યક્રમ સંચાલક શ્રી હરિશ્ચંદ્રભાઈ જોશી એ વિવિધ એવોર્ડની જાહેરાત કરી છે. જેમાં ચાલુ વર્ષે દેશાવરોના વિદ્વાનોને આ એવોર્ડ વધું અર્પણ થશે.

વાલ્મીકિ પુરસ્કાર

૧,સેલ્ક સેથરલેન્ડ ગોલ્ડમેન અને પ્રો રોબર્ટ પી ગોલ્ડમેન (યુએસએ)

૨, પ્રો. માદુઓકા ફુકુઓકા-(જાપાન )

વ્યાસ એવોર્ડ

૩,દેવી ચિત્રલેખા જી-(વૃંદાવન)

૪, ડૉ. અશ્વિનભાઈ કાંતિભાઈ રાજગોર-(યુએસએ)

૫, પ્રો. જોન સ્કાર્ટડ હોલીને-(યુએસએ)

તુલસી એવોર્ડ

૬,પિયુષભાઈ મહેતા-(યુકે)

૭, પ્રો. રુપર્ટ સ્નેલ-(ગ્રીસ)

રત્નાવલી એવોર્ડ

૮,પ્રો. ડાયના જી-હાર્વર્ડ યુનિવર્સિટી-બોસ્ટન (યૂએસએ)ને અર્પણ કરવામાં આવશે.

કુલ ૮ એવોર્ડ પૈકીના ૭ પુરસ્કારો દેશાવરોના મહાનુભાવોને અર્પણ થઈ રહ્યાં છે. આજે શ્રાવણ સુદ તુલસી જયંતિના દિવસે આ એવોર્ડ પૂ.મોરારિબાપુના પાવન અને શુદ્ધ હસતોથી અર્પણ થશે.






# સુરત એકેડેમિક એસોસિએશન દ્વારા ભવ્ય "પ્રતિભા સન્માન સમારોહ" યોજાયો

## ૩૦૦ થી વધુ ઈનામો આપી વિદ્યાર્થી અને સંચાલકોને પ્રોત્સાહિત કરાયા

**સુરત, તા. ૧૬ ઓગસ્ટ ૨૦૨૬:**

વિદ્યાર્થીઓની પ્રતિભાને પ્રોત્સાહન આપી તેમને શિક્ષણક્ષેત્રે વધુ ઊંચી સિદ્ધિઓ હાંસલ કરવા માટે પ્રેરણા મળે તેવા ઉમદા હેતુ સાથે સુરત એકેડેમિક એસોસિએશન દ્વારા "સફળતાની ઉડાન – પ્રતિભા સન્માન સમારોહ"નું ભવ્ય આયોજન જહાંગીરપુરા સ્થિત જીસ્ઝ પાર્ટી પ્લોટ ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં શૈક્ષણિક સંસ્થાઓના સંચાલકો, શિક્ષણવિદો, વિદ્યાર્થીઓ, વાલીઓ તથા શિક્ષણપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સુરત એકેડેમિક એસોસિએશનના પ્રમુખ શ્રી વિમલ નાણાવટી અને મંત્રી શ્રી ડો. નૈલેશ પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ સુરતના શૈક્ષણિક ક્ષેત્રમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ, પ્રતિભા પ્રોત્સાહન અને સંચાલકો વચ્ચે સકારાત્મક શૈક્ષણિક સહયોગની ભાવનાને વધુ મજબૂત બનાવવાનો રહ્યો હતો.

કાર્યક્રમમાં વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ શૈક્ષણિક અને વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓની મહેનત, પ્રતિભા અને સિદ્ધિને જાહેર મંચ પર સન્માનિત કરવાનો આ પ્રયાસ માત્ર પુરસ્કાર વિતરણ પૂરતો સીમિત ન રહેતા, અન્ય વિદ્યાર્થીઓ માટે પણ "મહેનત કરો, આગળ વધો અને સફળતાને નવી ઊંચાઈ આપો" તેવો પ્રેરણાદાયી સંદેશ બની રહ્યો હતો.

સમારોહમાં પદ્મશ્રી શ્રી યઝદી કરંજિયા મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. મુખ્ય મહેમાન તથા મહેમાનોએ પોતાના પ્રેરણાદાયી સંબોધનમાં જણાવ્યું હતું કે, વિદ્યાર્થીની સફળતા પાછળ તેની મહેનત સાથે માતા-પિતા, શિક્ષકો અને શૈક્ષણિક સંસ્થાઓનું મહત્વપૂર્ણ યોગદાન હોય છે. પ્રતિભાને યોગ્ય સમયે ઓળખીને તેને પ્રોત્સાહન આપવું એ સમાજની જવાબદારી છે. આવા સન્માન સમારોહ વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ વધારવાની સાથે તેમને ભવિષ્યના પડકારો માટે તૈયાર કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

એસોસિએશન દ્વારા માત્ર વિદ્યાર્થીઓની સિદ્ધિને બિરદાવવા પૂરતું નહીં પરંતુ શિક્ષણક્ષેત્ર સાથે સંકળાયેલા તમામ લોકોને એક મંચ પર લાવીને "સારા શિક્ષણ માટે સાથે મળીને કાર્ય કરીએ" એવો સંકલ્પ પણ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

"એક વિદ્યાર્થીની સિદ્ધિનું સન્માન એટલે અનેક વિદ્યાર્થીઓના સપનાને ઉડાન આપવાનો પ્રયાસ."

કાર્યક્રમમાં સ્પોન્સર સાથે સાથે સુરત એકેડેમિક એસોસિએશનના પૂર્વ પ્રમુખશ્રી, સ્થાપક પ્રમુખ, કારોબારી સભ્યશ્રીઓ તથા એરીયા સેક્રેટરીઓ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

સુરત એકેડેમિક એસોસિએશન દ્વારા આગામી દિવસોમાં પણ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને શૈક્ષણિક સંસ્થાઓના સર્વાંગી વિકાસ માટે વિવિધ શૈક્ષણિક, પ્રેરણાત્મક અને સમાજોપયોગી પ્રવૃત્તિઓ યોજવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી.

તંત્રી લેખ...

**બુધવાર, તા. ૧૯ ઓગષ્ટ ૨૦૨૬**

# ટીમ 'નવીન' ; યુવા કૌશલ્ય અને નારીક્ષમતા પર દાવ

ભારતીય જનતા પાર્ટીએ રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષે પોતાની નિયુક્તિ થયા પછી ઘણા સમયે રાષ્ટ્રીય સંગઠનનું પોતાનું નવું માળખું જાહેર કર્યું, ૬૫ પદાધિકારીના આ કાફલામાં ૫૧ નવા ચહેરા છે, ૧૩ રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ, આઠ મહામંત્રીનો સમાવેશ છે. પીયૂષ ગોયલને કોષાધ્યક્ષનું ઉત્તરદાયિત્વ સોંપીને તેમની નિષ્ઠા અને કૌશલ્યને પાર્ટીએ - નીતિને પ્રમાણ્યું એમ કહી શકાય, સરકારી કામ ઉપરાંત હવે તેઓ સંગઠનમાં પણ પોતાના અનુભવનો નિચોડ આપશે. સંગઠન મંત્રી તરીકે બી.એલ. સંતોષને પસંદ કરાયા છે. આખી ટીમ સંતુલિત દેખાઈ રહી છે. આ યાદીને હોદ્દાની યાદી માત્ર તરીકે જોવી ભૂલ ભરેલો દૃષ્ટિકોણ રહેશે. કોઈ પણ રાજકીય પક્ષ માટે સંગઠનની રાષ્ટ્રીય ટીમ તેની આગામી રાજકીય યાત્રા માટેનો નકશો છે. ભાજપ સંગઠન, આયોજન, વિવિધ સ્તરીય વ્યવસ્થા માટે જાણીતો પક્ષ છે. રાષ્ટ્રીય રાજનીતિમાં બે બેઠકથી શરૂ કરીને આજે કેન્દ્રમાં તથા બાવીસ રાજ્યમાં ભાજપ સત્તા પર હોય તો તેમાં ઝંઝાવાતી પ્રચાર, રાજકીય હવામાન ઉપરાંત તેના કાર્યકર્તાઓ અને સંગઠનની રચના પણ શ્રેયસ્કર છે. ૨૦૧૪માં ભાજપ કેન્દ્રમાં સત્તા ઉપર આવ્યો, તેનો વિજયરથ છેક પશ્ચિમ બંગાળમાં પહોંચી ગયો તે દેશ-દુનિયાની નજર સામે છે તેમ છતાં આજે દેશનું રાજકીય હવામાન એવું છે કે, ભાજપને શિથિલ રહેવું પાલવે તેમ નથી. વિવિધ આંદોલનો, યુવાપેઢીનાં મનોવલણનું ભાજપે ધ્યાન રાખવું પડે તેમ છે. ૨૦૨૭નું વર્ષ ચૂંટણીઓનું છે. પંજાબ, ઉત્તર પ્રદેશ, ગુજરાત સહિતનાં રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી છે. ૨૦૨૯ની લોકસભા ચૂંટણી પૂર્વેની આ ચૂંટણી સ્વાભાવિક રીતે અગત્યની છે. નવું રાષ્ટ્રીય સંગઠન આ ચૂંટણીનું આયોજન અને અમલ કરવામાં નિર્ણાયક રહેશે. નીતિન નબીને અનુભવી સંગઠનકર્મીઓ અને નવા કે યુવાન કાર્યકર્તાઓનું સાયુજ્ય સાધ્યું છે. વસુંધરા રાજે સીધિયા, રામ માધવ, સ્મૃતિ ઈરાની સહિતના ચહેરાઓ વર્ષોથી જાહેરજીવનમાં - પક્ષમાં વિવિધ જવાબદારી નિભાવી ચૂક્યા છે. રામ માધવ અને સ્મૃતિ ઈરાનીનું પુનરાગમન સૂચક છે, સંપર્કની દૃષ્ટિએ ભાજપે અનુભવી અને વ્યાપક જાહેર સંપર્કની ક્ષમતાને ઉપયોગમાં લીધી છે. ત્રિપુરાના પૂર્વ મુખ્યમંત્રી વિપ્લવ દેવની પણ સંગઠનમાં સેવા લેવામાં આવી છે. સ્મૃતિ ઈરાની મહિલા મોરચાના પ્રમુખ રહી ચૂક્યાં છે અને કોંગ્રેસ સામે આગલી હરોળના યોદ્ધા રહ્યા છે. એમની આક્રમક શૈલી દેશભરમાં વખણાય છે. રાહુલ ગાંધી અને પ્રિયંકાને પડકારવાની એમની શક્તિ છે. નવાં માળખાંમાં ભિન્ન-ભિન્ન પ્રાંત, સામાજિક સમુદાયને સ્થાન અપાયું છે. ૧૦ મહિલા અને ૭ લઘુમતી સમુદાયના નેતાઓનો સમાવેશ છે. જે સમાજ સંગઠનમાં સમાવિષ્ટ છે તેમનું પાર્ટી સાથેનું જોડાણ અગત્યનું છે તેટલું જ મહત્ત્વ તેમના પ્રશ્નોના ઉકેલનું છે. જો કે, લોકતંત્ર અને સંવિધાન તો તમામ સમાજ - જ્ઞાતિ - ધર્મને સમાન ગણે છે. રાષ્ટ્રીય સંગઠનમાં ગુજરાતનાં મહિલા અગ્રણી સુરેન્દ્રનગરનાં પૂર્વ ધારાસભ્ય વર્ષાબેન દોશીને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષની જવાબદારી સોંપાઈ છે. હેમાંગ જોશીને ભારતીય જનતા પાર્ટી યુવા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષનું પદ અપાયું છે. ગુજરાત ભાજપની સંગઠન ક્ષમતાની નોંધ રાષ્ટ્રીય સ્તરે લેવાઈ છે. તેજસ્વી સૂર્યા-ભારતની યુવા પેઢીને આકર્ષીને કોકરોચનો પ્રતિકાર કરી શક્યા નહીં તેથી આ પરિવર્તન જરૂરી હતું. સોશિયલ મીડિયા- આઈ.ટી. સેલનાં માળખાંમાં પણ પરિવર્તન થયાં છે. યુવા પેઢીનાં આંદોલન પછી હવે ભાજપ પોતાના પ્રચાર-પ્રસારનો તે વિસ્તાર વધારે મજબૂત બનાવશે તેવી શક્યતા વધી જાય છે. ભારત સરકાર અને ભાજપ માટે દેશની યુવા પેઢીનું સમર્થન મેદાનમાં અને ઓનલાઈન બંને મોરચે જરૂરી છે. કોકરોચ પાર્ટીએ ઘણા ઓછા સમયમાં ભાજપ અને કોંગ્રેસ બંનેને ઈન્સ્ટાગ્રામમાં પાછળ રાખી દીધા હોવાનો સ્વીકાર થાય છે.

# ચોમાસુ સત્ર પણ ધોવાઈ ગયું

સંસદનું ચોમાસુ સત્ર કોઈ જ નક્કર ચર્ચા વગર ગુરુવારે સંપન્ન થઈ ગયું. જો કે, ભારતમાં સંસદની કાર્યવાહી પૂર્ણ સમય ન ચાલવી તે નવી વાત નથી, અગાઉનાં અનેક સત્રની જેમ આ વખતે પણ જન ગણના પ્રશ્નોની ચર્ચા થવી જોઈએ તેટલી થઈ શકી નહીં. દેશના મતદારો આશા-અરમાનો સાથે મત આપીને સાંસદોને ચૂંટે ત્યારે એમ હોય કે આપણો 'અવાજ' દિલ્હીમાં પહોંચશે, પરંતુ સંસદના 'શોર'માં પ્રજાનો અવાજ દબાઈ જાય છે. ૨૦મી જુલાઈએ શરૂ થયેલી ભારતની સંસદનું ચોમાસુ સત્ર ૧૩મી ઓગસ્ટે પૂર્ણ થયું ત્યારે તેના નિરાશાજનક તારણ આવ્યા છે. સરકાર કે વિપક્ષની ભૂમિકા ચર્ચવા કરતાં અગત્યની વાત પ્રજાના પૈસા અને સમયની છે. જેને પારંપરિક સમાપન ભાષણ કહેવાય છે તેવું વકતવ્ય પણ સ્પીકર ઓમ બિરલાએ આપ્યું નથી. સંસદમાં સાંપ્રત મુદ્દા ઉઠાવવાનો, સરકારની અયોગ્ય લાગતી બાબતનો વિરોધ કરવાનો વિપક્ષનો બંધારણીય અધિકાર છે, પરંતુ સંસદની કાર્યવાહી જ આગળ ન ચાલે તેટલી હદે થતો વિરોધ લોકશાહી પ્રક્રિયામાં જ અવરોધક બની જાય. આ સત્રમાં નીટની પરીક્ષાના પેપર લીકનો મુદ્દો ગાજતો રહ્યો, રામ મંદિર ચડાવાનો પ્રશ્ન પણ વિપક્ષે બરાબર પકડયો. આ બંને મુદ્દા અગત્યના હતા અને જનતા તેનો જવાબ માગે તે સ્વભાવિક છે, પરંતુ સદનમાં પ્રશ્નકાળ દરમિયાન પ્રશ્નોત્તરી થઈ નહીં અને વારંવાર સંસદ સ્થગિત કરવી પડી. પ્રતિ દિવસ ૭ કલાક સંસદની કાર્યવાહી ચાલવી જરૂરી છે તે અનુસાર ૧૧૪ કલાક ગૃહો ચાલવાં જોઈએ, પરંતુ લોકસભામાં ૩૭ કલાક એટલે કે ૧૯ ટકા અને રાજ્યસભામાં ૪૧ કલાક એટલે કે ૩૯ ટકા કામ થઈ શકતું હતું. દેશના કોઈ જાગૃત નાગરિકને એવું સૂઝતું નથી કે, સંસદની કાર્યવાહી જેટલા કલાક ચાલે તેટલા કલાક જ સાંસદોને ભથ્થું ચૂકવવું, નહીં તો શું થાય? લોકતંત્ર માટે આ સદનની કાર્યવાહી ન ચાલવી સારું લક્ષણ નથી. જો કે, આ સત્રમાં લોકસભામાં ૧૦ અને રાજ્યસભામાં બે બિલ પસાર થઈ શક્યાં છે તેમાં પેપર લીક અને કેરળના નામ પરિવર્તન અંગે વિશેષ ચર્ચા થઈ. એફસીઆરએ પણ છેવટ સુધી ચર્ચામાં રહ્યું. વિપક્ષે ગૃહપ્રધાન અમિત શાહની ગેરહાજરીને પણ ગજાવી, ગૃહપ્રધાને કહ્યું પણ ખરું તેઓ ચર્ચા માટે તૈયાર છે. ખરડા પસાર થવાની દૃષ્ટિએ કાર્યવાહી યોગ્ય થઈ છે, પરંતુ પ્રશ્નોત્તરીકાળ દરમિયાન ઓછી ચર્ચા થઈ છે. તમામ પક્ષોની એ જવાબદારી છે કે, સંસદની ગરિમા જળવાય.

**૨૦મી જુલાઈએ શરૂ થયેલી ભારતની સંસદનું ચોમાસુ સત્ર ૧૩મી ઓગસ્ટે પૂર્ણ થયું ત્યારે તેના નિરાશાજનક તારણ આવ્યા છે. સરકાર કે વિપક્ષની ભૂમિકા ચર્ચવા કરતાં અગત્યની વાત પ્રજાના પૈસા અને સમયની છે.**

**રાજપૂતાણી ઈષ્ટદેવ માંડવરાજની પ્રભાતપૂજા કરતાં હતાં ત્યાં પહોંચી દેવમૂર્તિના બાજઠની નીચે લપાઈ ગયું.**

# એક તેતરને કારણે અળ રાખી અખિયાત

## નાગ ફાગ અને દિવાળી, એ ત્રણે એક વારી કહેવતનો ભાવાર્થ છે

ઝબાન સંભાલ કે - ગુજરાતી સાહિત્યમાં વિપુલ ખેડાણ થયું છે. દરેક રસની કથા - વાર્તા અહીં મળી આવે છે. સૌરાષ્ટ્ર તરફના લખાણમાં વીરરસને પ્રાધાન્ય મળ્યું છે. આ ભૂમિની વાર્તાની વાત નીકળે એટલે સૌથી પહેલાં સ્મરણ થાય ઝવેરચંદ મેઘાણીનું. 'સૌરાષ્ટ્રની રસધાર' મેઘાણી દ્વારા લખાયેલી એક પ્રખ્યાત અને લોકપ્રિય વાર્તામાળા છે. આ પુસ્તકમાં સૌરાષ્ટ્ર (કાઠિયાવાડ)ના શૂરવીરો, સતીઓ અને લોકજીવનની વફાદારી તથા ઉદારતા દર્શાવતી સચોટ લોકકથાઓનો અદ્ભુત સંગ્રહ છે. મેઘાણીની અનેક કથા દૃષ્ટાંત બની છે અને બીજી કેટલીક વાર્તાના કેટલાંક પ્રસંગો-વાક્યો કહેવતો અને કહેવત કથાઓમાં વર્ષોથી ધબકતાં રહ્યાં છે. આજે એનું એક ઉદાહરણ જાણીએ - માણીએ અને સાથે સાહિત્યની સમૃદ્ધિથી વાકેફ થઈએ. મેઘાણી સાહેબની એક બહુ જ જાણીતી લોકકથા પએક તેતરને કારણે'માં સુરેન્દ્રનગર જિલ્લાના અને આઝાદી પૂર્વે રજવાડું ગણાતા સાયલાના ચભાડ તીરંદાજો અને સોઢા પરમારો વચ્ચે શરણાગતના મુદ્દે થયેલા ભીષણ સંઘર્ષની વાત આલેખવામાં આવી છે. તોરમાં આવેલા ચભાડ તીરંદાજોએ એક તેતર પક્ષીને વીંધી નાખ્યું. પક્ષી બહુ ઘવાણું અને માથાફરેલ તીરંદાજો એવા કેફમાં હતા કે પેલા બીચારા પક્ષીની પીડા જોઈ કિકિયારી કરતા હતા. એક વિઘ્નસંતોષીએ તો એ ઘાયલ તેતર સોઢા પરમારોના પડાવમાં પ્રવેશ કરે એવો બેત રચ્યો. ઘાયલ અને કણસતું તેતર ચીસો પાડતું પાડતું પરમારના પાદરમાં દાખલ થઈ ગયું.

રાજપૂતાણી ઈષ્ટદેવ માંડવરાજની પ્રભાતપૂજા કરતાં હતાં ત્યાં પહોંચી દેવમૂર્તિના બાજઠની નીચે લપાઈ ગયું. તેતરના આક્રન્દને કારણે પૂજા કરતાં માની આંખો ખૂલી ગઈ અને શું દેખાયું? ઘાયલ તેતરના શરીરમાંથી રક્ત ટપકી રહ્યું હતું. હૃદયમાં કંપારી છૂટી ગઈ અને પૂજાપાઠને કોરાણે મૂકી તેતરની કાળજીમાં ધ્યાન પરોવ્યું. બાજઠ હેઠળ લપાઈને બેઠેલા ઘાવથી પીડાતા તેતરને હળવે અને હૂંફાળા હાથે ઝાલી લીધું. બાળકની સંભાળ લેતા હોય એમ એને હૈયાસરસું ચાંપી પંપાળતા કહેવા લાગ્યાં 'હવે બીવાની જરૂર નથી. મારા આંગણે આવ્યા પછી તને બીક કોની છે? આ તો રજપૂતાણીનો ખોળો છે. તું હવે હેમખેમ છો.'ઘાયલ તેતરનો પીછો કરતાં કરતાં ચભાડો સોઢા પરમારને ત્યાં પહોંચી ગયા અને બૂમો પાડવા લાગ્યા કે 'આપણો ચોર ભાગીને અહીં સંતાઈ ગયો છે. અંદર કોણ છે ભાઈ? અમારો ચોર હવાલે કરો.' હોંકારા-પડકારા સાંભળી સોઢાઓ બધા બહાર નીકળી કુતૂહલવશ પૂછવા લાગ્યા કે 'તમે છો કોણ? અને આટલી રાડ કેમ પાડો છો?' ચભાડોને તો કેફ ચડ્યો હતો. તોછડાઈથી બોલ્યા, 'અમારો ચોર તમારે ત્યાં પેસી ગયો છે. એને સોંપી દ્યો એટલે પત્યું.' સોઢાઓને જિજ્ઞાસા થઈ એટલે સામો સવાલ કર્યો કે 'કોણ છે તમારો ચોર?' એક ચભાડ છાતી કાઢતો આગળ આવ્યો અને બોલ્યો કે 'અંદર ગયો છે અમારો શિકાર, જખ્મી તેતર.'આ વાતચીત ચાલી રહી હતી ત્યાં માતા રજપૂતાણી બહાર આવ્યાં અને પૂછપરછ કરવા લાગ્યાં. ચભાડોએ તેતર આપી દેવા કહ્યું એટલે માતા બોલ્યાં કે 'એ તેતર હવે ન મળે. એ તો શરણે આવી ઠાકરના બાજોઠ હેઠળ બેઠો હતો. ભગવાનને શરણે આવેલાને પાછો તો ન જ આપું.' ચભાડોને રોષ ચડ્યો, પણ માતાએ તેતરને હૈયાસરસું ચાંપી ચોખ્ખી ના પાડી દીધી. કજિયો ઈચ્છતા ચભાડોએ તલવારો તાણી અને તેતરની રક્ષા કરવા સોઢાઓ પણ સજ્જ થઈ ગયા. જબરદસ્ત ધીંગાણું થયું અને બંને પક્ષે ખુવારી થઈ. શરણાગતિના મુદ્દે થયેલી આ લડાઈનું વર્ણન આવી રીતે થયું છે કે પડ્યા, ચભાડ પાંચસેં, સોઢા વીસું સાત, એક તેતરને કારણે અળ રાખી અખિયાત. પાંચસે ચભાડો મરણને શરણ થયા અને સાત વીસું (૧૪૦) સોઢા કામ આવ્યા, એમ એક તેતરને કારણે સોઢા પરમારોએ પૃથ્વી પર પોતાની ઈજ્જત આબાદ રાખી. અળ એટલે આબરૂ અને અખિયાત એટલે હેમખેમ - સલામત કે અકબંધ.

તિથિ તોરણને અનુસરતા લોકોના જીવનમાં તારીખ કરતાં તિથિનું મહત્ત્વ વિશેષ હોય છે. કેટલાક લોકો વરસગાંઠ તિથિ અનુસાર ઊજવતા હોય છે. અગિયારસ, વાઘ બારસ, અખાત્રીજ જેવી તિથિ સામાજિક જીવનમાં વિશેષ સ્થાન ધરાવે છે. પાંચમની તિથિ પણ અગત્યની છે. દિવાળી પછી આવતી લાભ પાંચમ, વસંત પંચમી, ઋષિ પંચમી સાથે નાગ પંચમીની પણ ઉજવણી થાય છે. નાગ પંચમી અમુક ઠેકાણે શ્રાવણ સુદ પાંચમ (સોમવાર ૧૭ ઓગસ્ટ) તો કેટલેક સ્થળે શ્રાવણ વદ પાંચમ (પહેલી સપ્ટેમ્બર) ઊજવાય છે. આપણે અહીં ભાષામાં સાપ કેવી રીતે વણાઈ ગયો છે એની વાત કરવાના છીએ. સરપ - સર્પ, નાગ, એ, ભુજંગ, વિષધર, વાસુકિ વગેરે એના પર્યાયવાચક નામ છે. વિજ્ઞાન માટે એ સરીસૃપ વર્ગનું ઝેર ધરાવતું પ્રાણી છે. જોકે, સાપ નામ કાને પડતા ડર અને ઘૃણાના ભાવ ઉત્પન્ન થાય છે તો નાગ શબ્દ અનાયાસે ભક્તિભાવ જગાડે છે. શ્રીકૃષ્ણ-શેષ નાગ, કાલિનાગની પૌરાણિક કથા એને માટે જવાબદાર હોવી જોઈએ.

એરુ આભડવો એટલે સર્પદંશ થવો. ભુજંગ એટલે કાળો નાગ અને ભુજંગશયન એટલે શેષનાગ ઉપર સૂવું. વિષ્ણુના શ્લોકમાં પશાંતાકારં ભુજગશયનમ' એવો ઉલ્લેખ આવે છે. શેષનાગ (સાપ) પર શયન કરનારા અર્થાત્? પોઢનારા એવા શાંત સ્વરૂપ ભગવાન વિષ્ણુ એવો એનો અર્થ થાય છે. ગરુડ, નોળિયો અને મોર સાપ - નાગને મારી નાખતા હોવાથી ભુજંગરિપુ કહેવાય છે. રિપુ એટલે દુશ્મન. ભુજંગપુષ્પ એટલે એક જાતની વનસ્પતિ, નાગકેસર. આ ફૂલ સુગંધી હોય છે. ફેણવાળો સાપ નાગ કહેવાય છે. બધા સર્પ નાગ નથી કહેવાતા, પણ બધા નાગ સર્પ કહેવાય છે.

નાગ ફાગ અને દિવાળી, એ ત્રણે એક વારી કહેવતનો ભાવાર્થ છે સારા અને ખરાબ પ્રસંગ વચ્ચે ભેદભાવ ન હોવો. નાગપદમણી જેવી એટલે નાગકન્યા જેવી શ્યામ અને ચકચકિત સુંવાળા શરીરવાળી. ભેંસ માટે આ પ્રયોગ વપરાય છે. ઈશાન ભારતમાં નાગ લોકોનો વસવાટ છે. આ લોકો સર્પની પેઠે ચૂપકીથી અને ઘાતકીપણે હુમલો કરતા હશે એટલે નાગ કહેવાયા હશે એવી અટકળ છે.

તમે કદાચ કોઈ વાર્તામાં કે ગામડાના પ્રવાસ દરમિયાન સાપની માસીનો ઉલ્લેખ સાંભળ્યો હશે. સાપબામણી એટલે ગરોળીના ઘાટની લીસી સુંદર ચિતરામણી ચામડીવાળી જે સાપની માસી તરીકે ઓળખાય છે. હકીકતમાં આ એક નાનકડો સાપ જ હોય છે. સાપની તો ઘણી કહેવતો છે. આગળ સાપને પાછળ વાઘ એટલે સૂડી વચ્ચે સોપારી જેવી સ્થિતિ. ગ્રહણ વખતે સાપ કાઢવો એટલે કામને વખતે વચ્ચે મુશ્કેલી કે આડી વાત કરવી. સાપ ગયા પણ લિસોટા રહ્યા એટલે કાર્યની સમાપ્તિ પછી પણ અસર ચાલુ રહેવી, રીતરિવાજ ચાલુ રહેવા. સાપે છછુંદર ગળવા જેવી હાલત એટલે બેઉ બાજુએથી મુશ્કેલીમાં મુકાઈ જવું. સાપનો ભારો એટલે સાથે રાખી ન શકાય એવી પરિસ્થિતિ. લગ્નની ઉંમર વટાવી ચૂકેલી કન્યા.

# 'વંદે માતરમ્' વિવાદ: સોનિયાનો બચાવ થઈ શકે તેમ જ નથી

- **બેંગલૂરુમાં ભાજપ યુવા મોરચાએ મલ્લેશ્વરમમાં અને મેંગલૂરુમાં ભાજપના નેતાઓએ ઉર્વા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપી છે પણ પોલીસે હજુ એફઆઈઆર નોંધયો નથી.**

કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે રાષ્ટ્રીય ગાન (નેશનલ સોંગ) 'વંદે માતરમ્'ને દેશના સન્માનનું પ્રતીક બનાવીને તેના અપમાન કે અનાદર માટે ત્રણ વર્ષની જેલની સજાની જોગવાઈ કરતું બિલ પસાર તો કરી દીધું પણ રાષ્ટ્રપતિની સહી નથી થઈ. રાષ્ટ્રપતિની સહી અને પછી ગેઝેટમાં નોટિફિકેશન એ બે બંધારણીય ઔપચારિકતા હજુ બાકી હોવાથી આ કાયદો અમલી બન્યો નથી પણ કાયદો અમલી બને એ પહેલાં સોનિયા ગાંધીએ વંદે માતરમ્નું અપમાન કર્યું હોવાનો બખેડો ઊભો થઈ ગયો છે. આખા દેશે સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરીને કૉંગ્રેસ મુખ્યાલયમાં પણ તેની ઉજવણી કરાઈ. ઉજવણીના કાર્યક્રમની શરૂઆત વંદે માતરમ્ના ગાન સાથે થઈ પણ આખું રાષ્ટ્રીય ગાન પૂરું થાય એ પહેલાં તેને રોકવાનો ઈશારો કર્યો તેમાં વિવાદ ખડો થઈ ગયો છે. ભાજપનું કહેવું છે કે, સોનિયા ગાંધી આખું વંદે માતરમ્ ગવાતાં ગુસ્સે થઈ ગયેલાં તેથી વચ્ચે જ વંદે માતરમ્ રોકવાનો ઈશારો કરીને વંદે માતરમ્નું અપમાન કરી દીધું. કૉંગ્રેસનું કહેવું છે કે, સોનિયાએ વંદે માતરમ્ રોકવા કહ્યું જ નહોતું પણ કૉંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેથી ઊભા રહેવાતું નહોતું તેથી તેમના માટે ખુરશી લાવવા કહેલું પણ ભાજપે વાતનું વતેસર કરીને વંદે માતરમ્ના અપમાનનો બખેડો ઊભો કરી દીધો. કૉંગ્રેસનું કહેવું છે કે, નીટ પેપર લીકનો વિવાદ શમ્યો નથી ત્યાં યુજીસી-નેટનાં પેપર ફૂટી ગયાં એટલે દેશના યુવાઓમાં ભયંકર આક્રોશ છે. આ આક્રોશના કારણે નવું જનઆંદોલન ઊભું થઈ રહ્યું છે તેથી ડરેલો ભાજપ લોકોનું ધ્યાન બીજે વાળવા માટે સોનિયા ગાંધી દ્વારા વંદે માતરમ્ના અપમાનનું જૂઠાણું ચલાવી રહ્યો છે. કૉંગ્રેસ અને ભાજપમાંથી કોણ સાચું બોલે છે એ ખબર નથી પણ આ મુદ્દો રાજકીય રીતે ગરમ થઈ ગયો છે. ભાજપે સોનિયાની હરકતને રાષ્ટ્રીય ગાન 'વંદે માતરમ્'નું અપમાન ગણાવીને દેશભરમાં દેખાવો શરૂ કરી દીધા છે ને નેતાઓ સોનિયાની ઝાટકણી કાઢતાં નિવેદનો ફટકારવા માંડ્યાં છે. ભાજપે એલાન કર્યું છે કે, સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીએ વંદે માતરમ્ના અપમાન બદલ દેશની જનતાની માફી માગવી જોઈએ અને બંને માફી ન માગે ત્યાં સુધી દેખાવો ચાલુ રહેશે. સામે કૉંગ્રેસ પણ સોનિયાનો બચાવ કરવા માટે ઊતરી પડી છે તેથી રાજકીય ગરમીનો માહોલ પેદા થઈ ગયો છે. કૉંગ્રેસ મુખ્યાલયમાં ઉજવણીના વીડિયોમાં સોનિયા 'વંદે માતરમ્'ના ગાન વખતે ઈશારો કરતાં સ્પષ્ટ દેખાય છે. સોનિયાએ બે અંતરા ગવાયા પછી ઈશારો કરીને ગાન રોકવા કહેલું એવો ભાજપનો આક્ષેપ સાચો છે કે નહીં એ પણ ખબર નથી કેમ કે વાઈરલ વીડિયોમાં સોનિયા ત્રણ અંતરા પૂરા થયા પછી ઈશારો કરતાં દેખાય છે. સોનિયાએ બે અંતરા પત્યા પછી ઈશારો કર્યો હોય પણ કેમેરા તેમના તરફ નહોતો તેથી ધ્યાન ના ગયું હોય એ શક્ય છે પણ બે અંતરા કે ત્રણ અંતરા એ મુદ્દો જ નથી. સોનિયા વંદે માતરમ્ સંપૂર્ણ ગવાયું નહોતું એ પહેલાં ઈશારો કરે છે એ સ્પષ્ટ છે. સોનિયા, ખડગે અને બીજા નેતાઓને પણ કંઈક કહે છે પણ શું કહે છે એ સંભળાતું નથી. આ કારણે સોનિયાએ ખરેખર આખું વંદે માતરમ્ ગાવા સામે વાંધો લઈને તેને રોકી દેવા કહેલું કે કેમ એ કહેવું મુશ્કેલ છે પણ સોનિયા વચ્ચે ઈશારો કરે છે ને થોડીક સેકન્ડો સુધી ઉગ્રતાથી કંઈક કહે છે એ સ્પષ્ટ દેખાય છે. માનો કે, સોનિયાએ વંદે માતરમ્નું ગાન રોકવા નહીં પણ ખડગે માટે ખુરશી લાવવા કહ્યું હોય તો પણ આ હરકત યોગ્ય નથી. 'વંદે માતરમ્' આખું ગાવાનો સમય ત્રણ મિનિટ અને ૧૦ સેકન્ડ નક્કી કરાયો છે ને અડધાથી વધારે વંદે માતરમ્ ગવાઈ ગયેલું એ જોતાં ખડગેએ બીજી માંડ દોઢ મિનિટ ઊભા રહેવાનું હતું. આ દોઢ મહિનામાં એ કંઈ પડી જવાના નહોતા એ જોતાં સોનિયાએ વંદે માતરમ્ના ગાનની વચ્ચે કશું કરવાની જરૂર જ નહોતી એ જોતાં તેમણે માફી માગવી જ જોઈએ. ખરેખર ખડગેની ચિંતા થઈ હોય એ શક્ય છે કેમ કે ખડગે ૮૪ વર્ષના વયોવૃદ્ધ છે. અથવા ભેરવાઈ ગયાં હોય એટલે ખડગે માટે ખુરશીનો લૂલા બચાવ રજૂ કરી દીધો હોય એ પણ શક્ય છે. બંને સંજોગોમાં સોનિયા ગાંધીએ આખું વંદે માતરમ્ ગવાય એ પહેલાં વિઘ્ન ઊભું કરી જ દીધું છે. સોનિયા રાષ્ટ્રીય કક્ષાનાં નેતા છે, ૨૦ વર્ષથી વધારે સમય કૉંગ્રેસનાં પ્રમુખ રહ્યાં છે એ જોતાં તેમનામાં એટલી વિવેકબુદ્ધિ હોવી જ જોઈએ કે, હમણાં જ વંદે માતરમ્ના અપમાન બદલ સજાનો કાયદો બન્યો છે એ જોતાં સતર્કતા બતાવવી જોઈએ. સોનિયા આ વિવેકબુદ્ધિ ના બતાવી શક્યાં એટલે હવે તેમણે માફી માગીને વાતને વાળી લેવી જોઈએ ને મોટપ બતાવવી જોઈએ. આ મુદ્દે કાનૂની રીતે કશું થઈ શકે તેમ નથી કેમ કે હજુ કાયદો બન્યો નથી. આ જ કારણે આ ઘટના નવી દિલ્લીમાં બની છે છતાં દિલ્હી પોલીસે કોઈ કાર્યવાહી નથી કરી પણ બેંગ્લૂરુ અને મેંગલોરમાં સોનિયા ગાંધી સામે વંદે માતરમના અપમાન બદલ એફઆઈઆર નોંધવા અરજી કરાઈ છે. બેંગલૂરુમાં ભાજપ યુવા મોરચાએ મલ્લેશ્વરમમાં અને મેંગલૂરુમાં ભાજપના નેતાઓએ ઉર્વા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપી છે પણ પોલીસે હજુ એફઆઈઆર નોંધયો નથી. એફઆઈઆર નોંધાય એવી શક્યતા પણ નથી કેમ કે કર્ણાટકમાં કૉંગ્રેસની સરકાર છે. કૉંગ્રેસ માટે સોનિયા ગાંધી માઈ-બાપ છે તેથી કૉંગ્રેસ શાસિત રાજ્યમાં સોનિયા ગાંધી સામે એફઆઈઆર નોંધાય એ વાતમાં માલ નથી પણ ભાજપને તેનાથી ફરક પડતો નથી. ભાજપ માટે 'વંદે માતરમ્' એક રાજકીય મુદ્દો છે તેથી ભાજપ તેનો રાજકીય ફાયદો લેવા માટે પ્રયત્ન કરવાનો જ. ભાજપ રાજકીય પક્ષ ચલાવે છે, ભજન મંડળી ચલાવતો નથી એટલે આ રાજકીય મુદ્દાને ચગાવે તેમાં કશું ખોટું નથી. કૉંગ્રેસે સતર્ક રહેવું જોઈએ ને ભાજપને રાજકીય ફાયદો લેવાની તક મળે એવું કશું ના કરવું જોઈએ પણ સોનિયાએ એ તક આપી છે તો હવે માફી માગવામાં પણ સંકોચ ના જ થવો જોઈએ. કૉંગ્રેસે વંદે માતરમ્ મુદ્દે મુસ્લિમ તુષ્ટિકરણ કરેલું ને 'વંદે માતરમ્'માં મા સરસ્વતી, દુર્ગા અને લક્ષ્મીના ઉલ્લેખ ધરાવતા અંતરા મુસ્લિમોને ખરાબ લાગશે એ ડરે કાઢી નાખ્યા હતા. ૧૯૩૭માં મુસ્લિમ લીગ દ્વારા અલગ પાકિસ્તાનની માગણી કરાઈ રહી હતી. ફૈઝપુરના ત્યારે કૉંગ્રેસ અધિવેશનમાં જવાહરલાલ નહેરુએ હિંદુ દેવીઓના કારણે મુસ્લિમો વંદે માતરમ નહીં ગાય એવો ડર વ્યક્ત કરેલો. કૉંગ્રેસે આ ડરને સ્વીકારીને બે અંતરા જ રાષ્ટ્રગીત તરીકે માન્ય રાખ્યા ને આઝાદી પછી વંદે માતરમ્ને રાષ્ટ?ગીત ના બનવા દીધું. રાષ્ટ્રીય ગાન તરીકે માન્યતા આપી તો પણ બે અંતરા સાથેના ગીતને જ માન્યતા આપી એ જોતાં કૉંગ્રેસ પણ રાજકારણ રમી જ છે તેથી ભાજપને પણ વંદે માતરમ્ પર રાજકારણ રમવાનો પૂરો અધિકાર છે.

**ખાલી ઈથેનોલથી ચાલતાં વાહનોનો ઉપયોગ વધે એ માટે પ્રયત્ન કરે તેમાં પણ ખોટું નથી**

# ઈથેનોલની ઘેલછા, સરકાર પોતાના સલાહકાર ની જ વાત સાંભળશે?

## નાગેશ્વરને તો ચેતવણી આપી છે કે, ભવિષ્યમાં ઇથેનોલ બનાવતી કંપનીઓ માગને પહોંચી વળવા માટે ઊંચા ભાવ આપીને મકાઈ ખરીદવા લાગશે

ભારતમાં શુદ્ધ પેટ્રોલમાં ૨૦ ટકા ઈથેનોલની મિલાવટ સાથેના ઈ-૨૦ પેટ્રોલનું વેચાણ ફરજિયાત કરી દેવાયું છે તેની સામે વિરોધ થઈ રહ્યો છે. સરકારના આ નિર્ણય સામે આંદોલનની તૈયારી પણ થયેલી પણ સરકારે ગમે તે રીતે આંદોલનની હવા કાઢી નાંખી પણ આ મુદ્દો શમી ગયો નથી ત્યારે કેન્દ્ર સરકારના મુખ્ય આર્થિક સલાહકાર વી. અનંત નાગેશ્વરને જૂનાં વાહનો માટે ઈ-૧૦ પેટ્રોલ પાછું લાવવાનું સૂચન કરતાં આ અંગે પાછી ચર્ચા શરૂ થઈ છે. નાગેશ્વરનનું કહેવું છે કે, ભારતના સાતથી આઠ કરોડ વાહનો ઈ-૧૦ ઈથેનોલ પેટ્રોલ માટે બનાવાયાં છે, ઈ-૨૦ ઈથેનોલ મિશ્રણવાળા પેટ્રોલ માટે બનાવાયેલાં નથી. ઈ-૨૦ પેટ્રોલના કારણે તેમની એવરેજ તો ઘટે જ છે પણ જૂના એન્જિનમાં કમ્પેટિબિલિટીની તકલીફ આવી શકે છે. ઈથેનોલ રબર સોલ અને ફ્યુઅલ સિસ્ટમના પાર્ટ્સ પર અસર કરે છે અને કાર્બોરેટરવાળા વાહનોને પણ વધુ ઈથેનોલવાળા મિશ્રણથી ચાલતા વાહનોના લીધે તકલીફ પડી શકે છે એ જોતાં ૨૦ ટકા ઈથેનોલની મિલાવટ ફાયદાકારક નથી. નાગેશ્વરનના સૂચનનો ઈથેનોલ ઈન્ડસ્ટ્રીઝે વિરોધ કર્યો છે ને દાવો કર્યો છે કે, એકદમ વૈજ્ઞાનિક અભ્યાસ પછી આ નિર્ણય લેવાયો છે એ જોતાં તેમાં હવે આઘુંપાછું થઈ શકે તેમ નથી. નાગેશ્વરને ઈથેનોલની ભેળસેળના કારણે ભવિષ્યમાં પડનારી ખતરનાક અસરો તરફ પણ ધ્યાન દોર્યું છે. ઈથેનોલના વપરાશના કારણે ભવિષ્યમાં ખાદ્યાન્નની તંગી પેદા થઈ શકે ને મોંઘવારી બેફામ થઈ જશે એવી ચેતવણી ગંભીર છે. વાહનો પરની અસરને ધ્યાનમાં ના લો તો પણ આ મુદ્દાને અવગણી શકાય તેમ જ નથી. આ મુદ્દો પહેલાં પણ ઉઠાવાયો છે પણ તેની ગંભીરતાથી ચર્ચા થઈ નથી. નાગેશ્વરનનું કહેવું છે કે, પેટ્રોલમાં ભેળવવા માટે ઈથેનોલનું ઉત્પાદન વધારાશે તેના કારણે દેશમાં મોંઘવારી તો વધશે જ પણ ખાદ્ય પદાર્થોની અછત પણ પેદા થઈ શકે છે. નાગેશ્વરને કરે લી વાત પર બહુ ગંભીરતાથી વિચારવાની જરૂર છે. તેમનું કહેવું છે કે, અત્યારે પેટ્રોલમાં ૨૦ ટકા ઈથેનોલ ભેળવવામાં આવે છે તેથી ઈથેનોલની જોરદાર માગ છે.

અત્યાર લગી ઈથેનોલની માગને પૂરી કરવા માટે શેરડીના કૂચા સહિતના કચરાનો ઉપયોગ થતો પણ ઈથેનોલની વધતી જતી માગને પૂરી કરવા માટે ખેતપેદાશોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. શેરડી, મકાઈ અને ચોખા તેમાં મુખ્ય છે. અત્યારે ઈથેનોલ બનાવતી ફેક્ટરીઓ જંગી પ્રમાણમાં શેરડી, મકાઈ અને ચોખાની ખરીદી કરી રહી છે તેથી ભવિષ્યમાં શેરડી, મકાઈ અને ચોખાની અછત ઊભી થઈ શકે છે. અછત ઊભી થાય એટલે ભાવ વધવાના ને તેની અસર સામાન્ય લોકોના ખિસ્સા પર જ પડશે.

નાગેશ્વરને તો ચેતવણી આપી છે કે, ભવિષ્યમાં ઈથેનોલ બનાવતી કંપનીઓ માગને પહોંચી વળવા માટે ઊંચા ભાવ આપીને મકાઈ ખરીદવા લાગશે તો અત્યારે મકાઈનો ખાદ્યાન્ન તરીકે ઉપયોગ કરતા આદિવાસી સહિતના લોકો શું ખાશે ? પોલ્ટ્રી ઈન્ડસ્ટ્રીમાં તો કાચો માલ જ મકાઈ છે તેથી સૌથી મોટો ખતરો પોલ્ટ્રી ઉદ્યોગ પર છે. મકાઈ ઈથેનોલની ફેક્ટરીઓમાં મોકલવામાં આવતાં પશુઓ માટેનો ચારો મોંઘો થઈ જશે. પરિણામે ઈંડા, ચિકન, દૂધની સાથે અન્ય ડેરી પેદાશો મોંઘી થતાં ફુગાવો વધશે અને સામાન્ય લોકોની પહોંચની બહાર ભાવ જતા રહેશે.

ભારતમાં લોકોને ખાંડ અને ગોળ વિના ચાલતું નથી. લોકોની રોજિંદી ખાવાની આદતોમાં ગોળ-ખાંડ અનિવાર્ય છે. શેરડી ઈથેનોલ બનાવવા વપરાવા માંડે તો ગોળ-ખાંડની અછત પણ ઊભી થાય ને તેના ભાવ વધે. ખાંડ બહારથી મંગાવાય તો વિદેશી હૂંડિયામણ પણ વેડફાય. ભારતમાં કરોડો લોકો સુગર, પોલ્ટ્રી અને ડેરી ઉદ્યોગ પર નભે છે ને ભવિષ્યમાં સુગર, પોલ્ટ્રી અને ડેરી ઉદ્યોગ માટે સંકટ સર્જાય તો તેમની રોજગારી પર પણ સંકટ ઊભું થશે એ જોતાં ઈથેનોલની ગંભીર ને ખતરનાક અસરો લોકો પર પડશે. નાગેશ્વરન વિપક્ષના નેતા નથી કે સરકારને ભીંસમાં લેવા માટે જીભે ચડે એ બોલી નાંખે ને પુરાવા વિનાના આક્ષેપો પણ કરી નાંખે. નાગેશ્વરન ભાજપના નેતા પણ નથી કે સાંધાની સૂઝ ના પડતી હોય છતાં ગામ આખાને જ્ઞાન પિરસ્યા કરે. મોદી સરકારને અર્થશાસ્ત્રનો અ પણ ખબર ના હોય પણ સરકારમાં બેઠેલા લોકોની ચાપલૂસીમાં નિષ્ણાત હોય એવા લોકોને રિઝર્વ બૅંકમાં બેસાડી દીધા છે પણ નાગેશ્વરન એ જમાતના પણ નથી. નાગેશ્વરને વરસો લગી ટોચની બૅંકો સાથે કામ કર્યું છે અને અર્થશાસ્ત્રના પ્રોફેસર તરીકે પણ કામ કર્યું છે તેથી સૂંઠના ગાંગડે બનેલા ગાંધી નથી પણ ખ્યાતિપ્રાપ્ત અર્થશાસ્ત્રી છે. નાગેશ્વરનને મોદી સરકારે પોતે આર્થિક બાબતો અંગે સલાહ આપવા નિમ્યા છે એ જોતાં મોદી સરકારે તેમની સલાહ માનવી જોઈએ. તેમનો સ્પષ્ટ અભિપ્રાય છે કે, ઈથેનોલનો ખેલ દેશના ફાયદામાં નથી. મોદી સરકારે દેશહિતનો વિચાર કરીને પણ આ વાત માની લેવાની જરૂર છે ને ઈથેનોલની પેટ્રોલમાં ભેળસેળનો ખેલ બંધ કરવાની જરૂર છે. મોદી સરકારે ઈથેનોલને પ્રોત્સાહન આપે તો વાંધો નથી. ખાલી ઈથેનોલથી ચાલતાં વાહનોનો ઉપયોગ વધે એ માટે પ્રયત્ન કરે તેમાં પણ ખોટું નથી પણ લોકો પોતાની મરજીથી ઈથેનોલ તરફ વળે એવું થવું જોઈએ. સરકારી કંપનીઓ પેટ્રોલમાં ઈથેનોલ ભેળવીને આપે ને લોકોએ જખ મારીને એ ખરીદવું જ પડે એ સ્થિતિ ના હોવી જોઈએ. મોદી સરકાર સામે એક આક્ષેપ એવો થઈ રહ્યો છે કે, પેટ્રોલમાં ઈથેનોલ ભેળવવાનો ખેલ અમેરિકાના લાભાર્થે કરાઈ રહ્યો છે. યુનાઈટેડ સ્ટેટ્સ વિશ્વમાં ઈથેનોલનું સૌથી મોટું ઉત્પાદક છે અને વૈશ્વિક ઉત્પાદનના લગભગ ૫૪ ટકા ઈથેનોલ અમેરિકામાં બને છે. અમેરિકાએ ૨૦૨૫માં ૧૬ અબજ ગેલન ઈથેનોલનું ઉત્પાદન કર્યું હતું. બ્રાઝિલ બીજા નંબરે જ્યારે આપણે ત્રીજા નંબરે છીએ. જો કે વિશ્વમાં વધારે માગ બ્રાઝિલના ઈથેનોલની છે કેમ કે, અમેરિકામાં મોટા ભાગનું ઈથેનોલ મકાઈમાંથી બને છે જ્યારે બ્રાઝિલનું મોટા ભાગનું ઈથેનોલ શેરડીમાંથી બને છે. શેરડીમાંથી બનતું ઈથેનોલ વધારે માઈલેજ આપે છે તેથી અમેરિકાનું ઈથેનોલ ઓછું પસંદ કરાય છે. અમેરિકાએ ભારતને ઈથેનોલ બતાડીને પોતાની કંપનીઓને ફાયદો કરાવવાનો ખેલ પાડ્યો હોવાનું કહેવાય છે. ભારતમાં પેટ્રોલની ખપત બહુ વધારે છે ને પેટ્રોલમાં ૧૦ ટકા ઈથેનોલ વધારે નંખાય તો પણ અબજો ગેલન ઈથેનોલ જોઈએ. અમેરિકા આપણને ઈથેનોલ આપીને ખંખેર્યા કરે તેથી આખો કાર્યક્રમ હાથ ધરાયાનું કહેવાય છે. આ વાત સાચી હોય તો તેના કારણે ભારતમાં મકાઈ, શેરડી કે ચોખાની અછત ના સર્જાય પણ અમેરિકા પાસેથી ઈથેનોલ ખરીદવામાં વિદેશી હૂંડિયામણ તો વેડફાય જ તેથી એ પણ દેશના હિતમાં નથી જ.

# ‘માલામાલ વીકલી ૨’માં રિતેશ દેશમુખ, એલ્વિશ યાદવ, પરેશ રાવલ અને રાજપાલ યાદવ લીડ રોલમાં

પ્રિયદર્શનની ૨૦૦૬ની લોકપ્રિય કોમેડી ફિલ્મ ‘માલામાલ વીકલી’ની સિક્વલ ‘માલામાલ વીકલી ૨’ને લઈને નવી અપડેટ સામે આવી છે. આ માહિતી મુજબ ફિલ્મ માટે રિતેશ દેશમુખ, એલ્વિશ યાદવ, પરેશ રાવલ અને રાજપાલ યાદવને લીડ રોલ માટે પસંદ કરવામાં આવ્યા છે. ફિલ્મનું શૂટિંગ નવેમ્બર ૨૦૨૬થી શરૂ કરવાની યોજના છે.

ફિલ્મ સાથે જોડાયેલી અગાઉની માહિતી મુજબ સિક્વલમાં પરિણીતી ચોપરા, રવિના ટંડન અને શિલ્પા શિરોડકર મહિલા કલાકારો તરીકે જોડાઈ ચૂક્યાં છે. હવે મુખ્ય પુરુષ કલાકારોનું કાસ્ટિંગ પણ લગભગ નક્કી થઈ ગયું છે.

સુત્રોના જણાવ્યા અનુસાર, રિતેશ દેશમુખ ફિલ્મને લીડ કરશે, જોકે તે હજુ સ્ક્રિપ્ટ વાંચી રહ્યો છે અને તેણે અંતિમ કરાર પર હસ્તાક્ષર કર્યા નથી. રિતેશ, પરેશ રાવલ અને રાજપાલ યાદવની મૂળ ફિલ્મની ત્રિપુટીમાંથી કલાકારો ફરી સિક્વલમાં જોવા મળશે, જ્યારે એલ્વિશ યાદવ નવાં કાસ્ટિંગ તરીકે જોડાશે. ચારેય કલાકારોની મૌખિક રીતે પુષ્ટિ થઈ ગઈ છે અને હાલમાં ઔપચારિક કાગળની કાર્યવાહી ચાલી રહી છે. એલ્વિશ યાદવ લોકપ્રિય યુટ્યુબ કન્ટેન્ટ ક્રિએટર અને ‘બિગ બોસ ૨’નો વિજેતા છે. આ ફિલ્મ તેની બીજી બોલિવૂડ ફિલ્મ હશે. તેની આગામી એક્શન ડ્રામા ફિલ્મમાં ટાઈગર શ્રોફ અને રેમો ડિસોઝા સાથે તે જોવા મળવાનો છે.




‘માલામાલ વીકલી ૨’ની વાર્તા સંપૂર્ણપણે નવી હશે. જોકે, ફિલ્મ મૂળ ભાગના મુખ્ય કોમિક તત્વને જાળવી રાખશે. જેમાં નાના શહેરનાં સામાન્ય લોકો, ગરીબી, લાલચ અને અચાનક પૈસા મળી જવાની શક્યતાથી ઊભી થતી અરાજકતા મુખ્ય વિષય હોઇ શકે છે.

‘તેરી બાતોં મેં ઐસા ઉલઝા જિયા’ના સહ-દિગ્દર્શક અમિત જોશી આ ફિલ્મનું ડિરેક્શન કરશે. તેઓ હાલમાં સ્ક્રિપ્ટને અંતિમ સ્વરૂપ આપી રહ્યાં છે અને નિર્માતાઓ નવેમ્બર ૨૦૨૬માં ફિલ્મને ફ્લોર પર લઈ જવાની તૈયારીમાં છે.

૨૦૦૬માં રિલીઝ થયેલી ‘માલામાલ વીકલી’ બોક્સ ઓફિસ પર સફળ રહી હતી. ફિલ્મને બાદમાં તેલુગુ, કન્નડ અને મલયાલમ ભાષામાં રિમેક કરવામાં આવી હતી. મલયાલમ વર્ઝનનું ડિરેક્શન પણ પ્રિયદર્શને જ કર્યું હતું.

મૂળ ફિલ્મની વાર્તા લોટરી ટિકિટ વેચનાર

લિલારામ અને તેના ગામના લોકોની આસપાસ ફરે છે. લોટરી લાગ્યા બાદ એક વ્યક્તિના મૃત્યુથી શરૂ થતી પૈસાની લાલચ આખા ગામને રમુજી અફરાતફરીમાં ધકેલી દે છે. હવે ‘માલામાલ વીકલી ૨’માં નવી વાર્તા અને નવા સંજોગો સાથે મૂળ ફિલ્મની એ જ કોમેડી ઓફ એરર્સ અને લાલચમાંથી જન્મતી અરાજકતાને ફરી પડદા પર રજૂ કરવાની તૈયારી છે.



## વિમલની જાહેરાતનો વિવાદ

# શાહરુખ ખાન, અજય દેવગન અને ટાઇગરને FSAની નોટિસ કેમ મળી?

### સની દેઓલે કહ્યું, મને જેમાં વિશ્વાસ ન હોય એ કામ હું કરતો નથી

શાહરુખ ખાન, અજય દેવગન અને ટાઇગર શ્રોફને દર્શાવતી વિમલ ઇલાયચીની જાહેરાતને લઈને મહારાષ્ટ્રમાં નિયમનકારી વિવાદ ઊભો થયો છે. મહારાષ્ટ્રના ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશને સવાલ ઉઠાવ્યો છે કે આ જાહેરાત શું આડકતરી રીતે પાન મસાલાના પ્રચાર સમાન છે?મહારાષ્ટ્ર એફડીએના કમિશનર તુકારામ મુંઢે દ્વારા જાહેર કરાયેલી નોટિસ ૨૦૨૪ની એક જાહેરાત સાથે સંબંધિત છે, જેમાં ત્રણેય કલાકારોએ વિમલ ઇલાયચીનું પ્રમોશન કર્યું હતું. આ પ્રોડક્ટને એલચી આધારિત માઉથ ફ્રેશનર તરીકે રજૂ કરવામાં આવે છે, પરંતુ એફડીએએ તેના બ્રાન્ડિંગ અને વ્યાપક વિમલ પાન મસાલા બ્રાન્ડ સાથેના જોડાણ અંગે ચિંતા વ્યક્ત કરી છે. આ અંગેની નોટિસમાં જણાવાયું છે કે જાહેરાત “ગ્રાહકોને ગેરમાર્ગે દોરી શકે છે” અને મહારાષ્ટ્રમાં પ્રતિબંધિત પ્રોડક્ટની બ્રાન્ડ ઓળખને આડકતરી રીતે પ્રોત્સાહિત કરી શકે છે. તેથી સવાલ એ છે કે આ અભિયાનને માત્ર એલચીના માઉથ ફ્રેશનરની જાહેરાત માનવી કે પાન મસાલાના પરોક્ષ પ્રચાર તરીકે જોવું.એફડીએ દ્વારા શાહરુખ ખાન, અજય દેવગન અને ટાઇગર શ્રોફને આ જાહેરાતમાં ભાગ લેવાનું બંધ કરવા અને પોતાના સત્તાવાર સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ પરથી સંબંધિત પ્રમોશનલ સામગ્રી દૂર કરવા જણાવ્યું છે. ત્રણેય કલાકારોને પોતાનો પક્ષ રજૂ કરવા પણ કહેવામાં આવ્યું છે.કોઈ કાયદેસર પ્રોડક્ટની જાહેરાત કરવામાં આવે, પરંતુ તેના નામ, પ્રસ્તુતિ અથવા બ્રાન્ડિંગથી એ જ બ્રાન્ડની પ્રતિબંધિત પ્રોડક્ટ ગ્રાહકોના મનમાં વધુ મજબૂત રીતે સ્થાપિત થાય, તો તે સરોગેટ એડવર્ટાઇઝિંગના દાયરામાં આવી શકે છે. એફડીએની નોટિસ મુજબ, જો વિમલ નામનો ઉપયોગ પાન મસાલા અથવા તમાકુ સાથે જોડાયેલી પ્રોડક્ટની બ્રાન્ડ ઓળખને “જાળવવા, મજબૂત કરવા અથવા વધારવા” માટે થતો હોવાનું માનવામાં આવે, તો તેને આડકતરી પ્રમોશન તરીકે ગણવામાં આવી શકે છે.

તમાકુ અને પાન મસાલાના સંદર્ભમાં આ મુદ્દો ખાસ મહત્વનો છે. ભારતમાં સિગારેટ અને અન્ય તમાકુ પ્રોડક્ટ્સની જાહેરાત તેમજ તેની કેટલીક આડકતરી જાહેરાતો પર પ્રતિબંધ છે. એફડીએ દ્વારા માત્ર જાહેરાતને જ નહીં, પરંતુ તેમાં સામેલ સેલિબ્રિટી એન્ડોર્સર્સની ભૂમિકાને પણ ધ્યાનમાં લેવામાં આવી છે. તેની માર્ગદર્શિકા અંગેના અહેવાલ મુજબ, એફડીએ દ્વારા ત્રણેય કલાકારો પાસેથી તેમના એન્ડોર્સમેન્ટ કરાર, કેમ્પેઇન બ્રીફ, ચુકવણીની વિગતો અને જાહેરાતમાં જોડાતા પહેલાં કરવામાં આવેલી ડ્યૂ ડિલિજન્સ અંગે માહિતી માગવામાં આવી છે.જોકે, આ નોટિસનો અર્થ એ નથી કે ત્રણેય કલાકારો કાયદો તોડવા માટે દોષી ઠર્યા છે. આ શોકોઝ નોટિસ છે, એટલે તેમને આક્ષેપો અંગે પોતાનો જવાબ અને સ્પષ્ટતા આપવા તક આપવામાં આવી છે.અહેવાલ મુજબ, કલાકારો દ્વારા કાયદાનું ઉલ્લંઘન સાબિત થાય તો નોટિસમાં ૧૦ લાખથી ૫૦ લાખ સુધીના દંડ તથા ત્રણ વર્ષ સુધીના એન્ડોર્સમેન્ટ પ્રતિબંધની જોગવાઈઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જોકે, અંતિમ કાર્યવાહી કલાકારોના જવાબ અને સત્તાવાળાઓના તારણ પર આધારિત રહેશે. મહારાષ્ટ્રમાં ગુટખા અને પ્રતિબંધિત ઘટકો ધરાવતા પાન મસાલા સામે અગાઉથી જ નિયમનકારી કાર્યવાહી થતી આવી છે.હવે શાહરુખ ખાન, અજય દેવગન અને ટાઇગર શ્રોફને મહારાષ્ટ્ર એફડીએની નોટિસનો જવાબ આપવાની તક આપવામાં આવી છે. આ મામલો સેલિબ્રિટી એડવર્ટાઇઝિંગ અંગેના મોટા સવાલને પણ ફરી સામે લાવે છે.આ વિવાદ વચ્ચે સની દેઓલે તાજેતરમાં જણાવ્યું છે કે તે પાન મસાલાની જાહેરાતોમાં ક્યારેય કામ નહીં કરે. એક પોડકાસ્ટમાં વાત કરતાં સની દેઓલે જણાવ્યું કે તેને આવી જાહેરાતોની ઓફર મળી છે, પરંતુ તેણે પોતાનાં સિદ્ધાંતોને કારણે તે સ્વીકારી નથી.સની દેઓલે કહ્યું, “હું પાન મસાલાની જાહેરાતો કરતો નથી અને ક્યારેય કરીશ પણ નહીં. આવી કોઈ વસ્તુ હું નહીં કરું. ઓફર્સ આવે છે, પરંતુ હું સ્વીકારતો નથી. હું એવી કોઈ વસ્તુનું પ્રમોશન કરવા માગતો નથી, જેમાં હું માનતો જ નથી. મને નથી લાગતું કે આવી વસ્તુઓને પ્રમોટ કરવી યોગ્ય છે.”

તેણે વધુમાં કહ્યું, “હું ઘણી એવી બાબતો નથી કરતો, કારણ કે મારો અંતરાત્મા મને તેની મંજૂરી આપતો નથી અને જે કરવું યોગ્ય લાગે છે, તે હું કરું છું.”

**તમાકુ અને પાન મસાલાના સંદર્ભમાં આ મુદ્દો ખાસ મહત્વનો છે. ભારતમાં સિગારેટ અને અન્ય તમાકુ પ્રોડક્ટ્સની જાહેરાત તેમજ તેની કેટલીક આડકતરી જાહેરાતો પર પ્રતિબંધ છે.**




# ‘બટવારા ૧૯૪૭’ બોક્સ ઓફિસ ખાસ કમાલ કરી શકી નહીં

સની દેઓલની પિરિયડ ડ્રામા ‘બટવારા ૧૯૪૭’ માટે ઓપનિંગ વીકએન્ડ અપેક્ષા મુજબનું રહ્યું નથી. સ્વતંત્રતા દિવસના અવસર પર બીજા દિવસે કલેક્શનમાં જોરદાર ઉછાળો મળ્યા બાદ ફિલ્મની કમાણીમાં ત્રીજા દિવસે ફરી મોટો ઘટાડો નોંધાયો છે. ટ્રેડ ટ્રેકર સેકનિકના આંકડા અનુસાર, ફિલ્મે ત્રીજા દિવસે ભારતમાં અંદાજે ૭.૨૫ કરોડ અંદાજિતની કમાણી કરી છે. આ સાથે ત્રણ દિવસની ભારતની કુલ કમાણી આશરે ૩૧.૬૧ કરોડ થઈ છે. રવિવારે ફિલ્મે ૭,૨૩૯ શોમાં આશરે ૨૨ ટકા હાજરી નોંધાઈ હતી. બીજા દિવસે ફિલ્મે ૧૩.૫૦ કરોડની કમાણી કરી હતી. તેની સરખામણીએ ત્રીજા દિવસે કમાણીમાં આશરે ૪૬.૩ ટકાનો ઘટાડો થયો છે. આ ઘટાડાને કારણે સ્વતંત્રતા દિવસના કારણે મળેલી ગતિ જાળવી રાખવામાં ફિલ્મ નિષ્ફળ રહી છે. ફિલ્મે શુક્રવારે અંદાજે ૫.૭૫ કરોડથી શરૂઆત કરી હતી. ૮,૭૨૧ શોમાં લગભગ ૧૫ ટકા હાજરી નોંધાઈ હતી. જોકે, શનિવારે સ્વતંત્રતા દિવસની રજાનો લાભ મળતાં ફિલ્મની કમાણીમાં લગભગ ૧૩૫ ટકાનો ઉછાળો આવ્યો અને કમાણી ૧૩.૫૦ કરોડ સુધી પહોંચી હતી. આ ઉછાળાથી પહેલું અઠવાડિયું વધુ સારું રહેવાની આશા જાગી હતી, પરંતુ રવિવારની કમાણીમાં આવેલા ઘટાડાએ આ આશા પર પાણી ફેરવી દીધું.

ફિલ્મનું ઓવરસીઝ કલેક્શન પણ ખાસ મજબૂત રહ્યું નથી. ત્રીજા દિવસે ફિલ્મે વિદેશી બજારમાં આશરે ૨ કરોડની કમાણી કરી છે. આ સાથે કુલ ઓવરસીઝ કલેક્શન લગભગ ૫.૫૦ કરોડ થયું છે. ત્રણ દિવસ બાદ ‘બટવારા ૧૯૪૭’નું વિશ્વવ્યાપી ગ્રોસ કલેક્શન આશરે ૩૭.૧૧ કરોડ છે. સની દેઓલની ફિલ્મને થિયેટરોમાં ઇમરાન હાશ્મીની ‘આવારાપન ૨’ સાથે પણ સ્પર્ધા કરવી પડી રહી છે. બંને ફિલ્મોની બોક્સ ઓફિસની રેસમાં હાલમાં તફાવત સ્પષ્ટ બન્યો છે.

‘આવારાપન ૨’એ વિશ્વભરમાં અત્યાર સુધી ૧૧૦.૧૦ કરોડથી વધુની કમાણી કરી લીધી છે, જેના કારણે ‘બટવારા ૧૯૪૭’ સામે તેને નોંધપાત્ર લીડ મળી છે.રાજકુમાર સંતોષીના દિગ્દર્શનમાં બનેલી ‘બટવારા ૧૯૪૭’ દ્વારા સની દેઓલ અને સંતોષીની જોડી લગભગ ૩૦ વર્ષ બાદ ફરી એકવાર સાથે આવી છે. બંનેએ અગાઉ ‘ઘાયલ’ (૧૯૯૦), ‘દામિની’ (૧૯૯૩) અને ‘ઘાતક’ (૧૯૯૬) જેવી યાદગાર ફિલ્મો આપી હતી. ફિલ્મ અસગર વજાહતના ૧૯૮૯ના નાટક ‘જિસ લાહોર નૈ વેખ્યા, ઓ જામ્યા એ નૈ’ પર આધારિત છે. વાર્તામાં ભારતની આઝાદીની ઉજવણી કરી રહેલા એક પરિણીત દંપતીની કથા છે, જેને ભારતના ભાગલા બાદ પાકિસ્તાન સ્થળાંતર કરવાની ફરજ પડે છે. ફિલ્મમાં સની દેઓલ અને પ્રીતિ ઝિન્ટા મુખ્ય ભૂમિકામાં છે અને તેનું નિર્માણ આમિર ખાન પ્રોડક્શન્સ હેઠળ કરવામાં આવ્યું છે.

# ‘આદર્શ બાલ વિદ્યાલય’ની સફળતા પછી સીઝન ૨ અને ૩ પણ આવશે

પ્રાઇમ વીડિયોએ તેની લોકપ્રિય ઓરિજિનલ કોમેડી-ડ્રામા સિરીઝ ‘આદર્શ બાલ વિદ્યાલય’ની સીઝન ૨ અને ૩ બનાવવાની સત્તાવાર જાહેરાત કરી છે. એટલે ટિંકી ટોલીની શાળામાં છેલ્લી ઘંટડી વાગી ગઈ હોવાનું માનતાં દર્શકો માટે હજુ ઘણું બાકી છે. ૨૪ જુલાઈ, ૨૦૨૬ના રોજ વર્લ્ડવાઇડ પ્રીમિયર થયા બાદ સિરીઝે ઝડપથી વૈશ્વિક દર્શકોમાં લોકપ્રિયતા મેળવી છે. તે દુનિયાની ટોપ-૧૦ યાદીમાં નંબર-૧ નોન-ઇંગ્લિશ સિરીઝ તરીકે ટ્રેન્ડ થઈ હતી. ભારતમાં સિરીઝને દેશના ૯૪ ટકા પિન કોડ્સમાંથી વ્યૂઅરશિપ મળી છે. પોશમ પા પિક્ચર્સના બેનર હેઠળ બનેલી આ સિરીઝનું દિગ્દર્શન હિમાંક ગૌરે કર્યું છે, જ્યારે બિસ્વપતિ સરકાર અને સમિર સક્સેના તેના સર્જક અને એક્ઝિક્યુટિવ પ્રોડ્યુસર છે.

સિરીઝની વાર્તા ટિંકી ટોલીની એકદમ ગેરવ્યવસ્થિત શાળાનાં આરામપ્રિય હેડમાસ્ટર જ્ઞાનેશ્વર ત્રિપાઠી અને શાળામાં વ્યવસ્થા લાવવાના તેમના મહત્વાકાંક્ષી પ્રયાસની આસપાસ ફરે છે. સિરીઝ બિસ્વપતિ સરકાર, અક્ષય અસ્થાના, નુપુર પાઈ, તત્સત પાંડે અને મેઘના શ્રીવાસ્તવે લખી છે.

‘આદર્શ બાલ વિદ્યાલય’માં કે કે મેનન, અર્ચના પુરણ સિંહ, અભિમન્યુ સિંહ, નવીન કસ્તુરીયા, પ્રસન્ના બિષ્ત, દેવેન ભોજાણી, અજિતેશ ગુપ્તા, અન્નપૂર્ણા સોની અને પ્રાચી શાહ મહત્વના રોલમાં જોવા છે. સીઝન ૨ અને ૩નું કામ શરૂ થવા સાથે ટિંકી ટોલીની શાળાની કહાની હજુ લાંબી ચાલવાની છે. પ્રાઇમ વીડિયોએ પણ હળવા અંદાજમાં સંકેત આપ્યો છે કે વિદ્યાર્થીઓ, શિક્ષકો અને ક્લાસ પૂરો થયો હોવાનું માનતા તમામ લોકો ફરી પોતાની બેઠકો પર આવી જાય—હાજરી ફરજિયાત છે!




# હાશ, હવે તીન દેવિયાંની ટક્કર ટળી...

કિયારા અડવાણીની બે ભાષામાં (અંગ્રેજી અને કન્નડ) સાથે ફિલ્માંકન કરવામાં આવ્યું છે એ ‘ટોક્સિકઃ અ લવ સ્ટોરી ફોર ગ્રોન અપ્સ’ ફિલ્મ અગાઉ ૧૯ માર્ચ, ૨૦૨૬ના દિવસે રિલીઝ થવાની હતી. જોકે, એ જ દિવસે રણવીર સિંહની ‘ધુરંધર ૨’ રિલીઝ થવાની હોવાથી એની સાથેની સીધી ટક્કર ટાળવા નવી તારીખ નક્કી કરવામાં આવી હતી. રિલીઝ મોકૂફીનું સત્તાવાર કારણ યુએસ - ઈરાન યુદ્ધને કારણે મિડલ ઈસ્ટમાં તણાવપૂર્ણ પરિસ્થિતિ ટાળવાનું આપવામાં આવ્યું હતું. અંતે આ ફિલ્મ ૨૬ ઓગસ્ટના દિવસે પ્રદર્શિત થઈ રહી છે.

હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ટક્કરના ટેન્શનની અનોખી મજા છે. એમાં મુખ્યત્વે બે કલાકાર બોક્સ ઓફિસ પર એકબીજાનો મુકાબલો કરતા હોય છે. ક્યારેક એકને જ્વલંત સફળતા મળે ને બીજો ઊંધે માથે પટકાય. ક્યારેક બંને સફળ થાય તો ક્યારેક બંને તરફથી પીઠ ફેરવી લેવામાં આવે એવુંય બને. સાથે કે આસપાસ રિલીઝ થતી અન્ય ફિલ્મ બળુકી લાગતી હોય અને એ પ્રેક્ષકો ખેંચી જશે એવો જો ડર કે શંકા હોય તો રિલીઝની તારીખ આઘી ઠેલવામાં આવે છે.

રસપ્રદ વાત એ છે કે માર્ચ મહિનામાં ‘ધુરંધર ૨’ સાથે ટક્કર ટાળવા ‘ટોક્સિક’ની રિલીઝ મુલતવી રાખવામાં આવી હતી અને હવે ‘ટોક્સિક’ સાથે મુકાબલો ટાળવા માટે બે અભિનેત્રીની ફિલ્મની રિલીઝ આઘી ઠેલવામાં આવી છે. મોકૂફ રાખવામાં આવેલી એક ફિલ્મ છે શ્રદ્ધા કપૂરની ‘ઈઠા’ અને બીજી છે તમન્ના ભાટિયાની ‘વનઃ ફોર્સ ઓફ ધ ફોરેસ્ટ’.

મહારાષ્ટ્રનાં તમાશા સમ્રાજ્ઞી વિઠાબાઈ નારાયણગાવકરના જીવન અને કવન પર આધારિત ‘ઈઠા’ ચોથી ડિસેમ્બરે રિલીઝ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જોકે, એ જ દિવસે પ્રભાસની ‘ફૌજી’ અને અનીસ બઝમીની અક્ષય કુમાર-વિદ્યા બાલનની કોમેડી ફિલ્મ (ટાઈટલ હજી નક્કી નથી) પણ રિલીઝ થવાની છે. બીજી વાર પણ ટક્કર ટાળવામાં આવશે? એ તો ત્યારે જ ખબર પડશે.

બીજી તરફ, તમન્ના ભાટિયાની હોરર ફિલ્મ ‘વનઃ ફોર્સ ઓફ ધ ફોરેસ્ટ’ના પ્રદર્શનની નવી તારીખ ૨૫ સપ્ટેમ્બર નક્કી કરવામાં આવી છે. એ દિવસે રાજેશ માપુસ્કર (‘ફેરારી કી સવારી’ અને પ્રિયંકા ચોપડા નિર્મિત મરાઠી ફિલ્મ ‘વેન્ટિલેટર’ના દિગ્દર્શક)ની એનિમેટેડ ફેન્ટસી ફિલ્મ ‘ચિરંજીવી હનુમાનઃ ધ ઈટર્નલ’ પણ રિલીઝ થવાની છે. તમન્ના ભાટિયાની ફિલ્મને કોઈ સીધો સંઘર્ષ નહીં હોવાથી એની ફિલ્મ તો એ જ દિવસે રિલીઝ થશે.

ટક્કર ટાળવાની બાબતમાં એક મજેદાર વાત એ પણ છે કે રિયલ લાઈફના પતિ - પત્નીનો બોક્સ ઓફિસ મુકાબલો પણ ટળી ગયો છે. વાત એમ છે કે તમન્નાની ફિલ્મ ‘વનઃ ફોર્સ ઓફ ધ ફોરેસ્ટ’નો હીરો છે સિદ્ધાર્થ મલ્હોત્રા. ‘મુંબઈ સમાચાર’ના સિને પ્રેમી વાચકો તો જાણતા જ હશે કે ‘શેરશાહ’ના શૂટિંગ દરમિયાન સિદ્ધાર્થ અને કિયારા વચ્ચે પ્રેમ પાંગર્યો હતો જેની ફલશ્રુતિ લગ્નમાં થઈ હતી. આમ પતિ-પત્નીની બોક્સ ઓફિસ ટક્કર પણ ટળી ગઈ છે.

વાચકોને એ પણ યાદ હશે કે રિયલ લાઈફના અન્ય યુગલ વિકી કૌશલ અને કટરિના કૈફના કેસમાં બોક્સ ઓફિસ ટક્કર ટાળી નહોતી શકાઈ. કટરિનાની બે ફિલ્મ ‘ટાઈગર ૩’ (દિવાળી ૨૦૨૩) અને ‘મેરી ક્રિસમસ’ (જાન્યુઆરી ૨૦૨૪)ની વચ્ચે વિકી કૌશલની ‘સેમ બહાદુર’ (૧ ડિસેમ્બર ૨૦૨૩) રિલીઝ થઈ હતી. એ સમયે વિકીએ હસતા હસતા કહ્યું હતું કે પત્નીની બે ફિલ્મ વચ્ચે પોતે સેન્ડવિચ થઈ ગયો.

કિયારા અડવાણી ‘ટોક્સિક’ ફિલ્મને પોતાની અભિનય યાત્રાનો નવો પડાવ માને છે. જોકે, યશના ડબલ રોલવાળી ફિલ્મમાં કિયારાના ભાગે કેટલો અને કેવો પરફોર્મન્સ આવ્યો હશે એ તો કેવળ અટકળનો વિષય છે પણ ‘રોલ બડા હોના ચાહિએ લંબા નહીં’ વ્યાખ્યામાં શ્રદ્ધા ધરાવતી કિયારા નાદિયા (નવી ફિલ્મના પાત્રનું નામ)ના રોલ બાબતે અત્યંત ઉત્સાહિત છે. ઈન્ટરવ્યૂમાં તેણે સ્પષ્ટપણે કહ્યું છે કે ‘આ ફિલ્મ મારી કારકિર્દીમાં ટર્નિંગ પોઈન્ટ સાબિત થશે. મારું માનવું છે કે આ ફિલ્મ પછી ‘ટોક્સિક’ પહેલાની કિયારા અને પછીની કિયારા એવા બે અલગ રૂપમાં તમે મને મૂલવી શકશો.’



ભારતીય ચિત્રપટ સૃષ્ટિમાં કેટલાક વખતથી પેન ઈન્ડિયા ફિલ્મ્સનો અખતરો ચાલી રહ્યો છે. પ્રાદેશિક ભાષાનું લેબલ હટાવી ફિલ્મ ભારતભરના અને વિદેશમાં વસતા વિવિધભાષી ભારતીય દર્શકો ફિલ્મને માણી શકે એ માટે ફિલ્મ જે ભાષામાં બની હોય એ ઉપરાંત અન્ય ભાષાઓમાં ડબ પણ કરવામાં આવે છે. આ અખતરાથી બહોળો પ્રેક્ષકવર્ગ મળે છે. હોલિવૂડની ફિલ્મો સુધ્ધાં આવો પ્રયાસ કરતું હોવાથી જયપુર, જાલંધર, જલપાઈગુડી અને જામનગરનો સ્થાનિક ભાષા જ સમજતો સિનેપ્રેમી પણ એ ફિલ્મ માણી શકે છે. ‘ટોક્સિક’ પણ સાઉથની ભાષા અને હિન્દીમાં ડબ કરી રજૂ કરવામાં આવશે.

જોકે, આની એક વિશેષતા એ છે કે આ ફિલ્મ એકસાથે બે ભાષા (અંગ્રેજી અને કધનડ)માં ફિલ્માવવામાં આવી છે. યશ કન્નડ ફિલ્મ ઈન્ડસ્ટ્રી (‘કેજીએફઃ ચેપ્ટર ૧’ અને ‘કેજીએફઃ ચેપ્ટર ૨’ વિશે જાણતા જ હશો) સાથે સંકળાયેલો કલાકાર હોવાથી અને કેજીએફની બે ફિલ્મ પછી યશની આ પહેલી ફિલ્મ રિલીઝ થઈ રહી હોવાથી કધનડનો આગ્રહ સમજી શકાય છે. બંને કેજીએફ ફિલ્મોને વિદેશમાં સારી સફળતા મળી હોવાથી ‘ટોક્સિક’ની ફરતે આશાવાદ વીંટળાયેલો હોય એ સ્વાભાવિક છે. નિતેશ તિવારીની ‘રામાયણ’માં યશ રાવણનો રોલ કરી રહ્યો હોવાથી સિને પ્રેમીઓમાં એના માટે કુતૂહલ જાગ્યું હોય એ સ્વાભાવિક છે.

### કોઈ ક્રિકેટરને આ વર્ષે રાષ્ટ્રીય પુરસ્કાર નહી

# ગાયત્રી ગોપીચંદ-ત્રિશા જોલી સહિત ૧૭ ખેલાડીઓને અર્જુન એવોર્ડ : ત્રણ કોચની ગુરૂદ્રોણ એવોર્ડ માટે પસંદગી

### વિવિધ ખેલમાં શ્રેષ્ઠ પ્રદર્શન માટેના એવોર્ડની જાહેરાત


નવી દિલ્હીઃ આ વર્ષના ખેલ એવોર્ડની જાહેરાત કરવામાં આવી છે. જેમાં ૧૭ ખેલાડીઓને અર્જુન એવોર્ડ માટે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે શ્રેષ્ઠ દેખાવ કરનાર શતરંજ (એસ) સહિતના ખેલાડીઓને આ એવોર્ડ આપવામાં આવશે. આ ઉપરાંત ખેલાડીઓ માટે કોચીગ કરનાર ખેલાડીઓને ગુરૂદ્રોણ એવોર્ડ પણ જાહેરાત એવોર્ડની પસંદગી થઈ છે. છેલ્લા ચાર વર્ષમાં ખેલાડીઓના રમતગમત ક્ષેત્રે દેખાવ બદલ આ એવોર્ડ અપાય છે.



રસપ્રદ બાબત એછે કે આ વર્ષના એવોર્ડમાં કોઈ ક્રિકેટરની પસંદગી થઈ નથી. અર્જુન એવોર્ડ માટે તેજસ્વીની શંકર, મોહમ્મદ અજમલ, પ્રિયંકા ગોસ્વામી, તમામ એથલેટીક્સ-ત્રિશા જોલી તથા ગાયત્રી ગોપીચંદ બન્ને બેડમીન્ટન, નરેન્દ્ર (મુક્કાબાજી) વિદીત ગુજરાતી દિવ્યા દેશમુખ (શતરંજ), ધનુષ શ્રીકાંત (બધીર શુટીગ) લાલ રેસિયાની તથા રાજકુમાર પાલ (હોકી), સુજીત તથા પુજા (કબ્બડી), રૂદ્રાશ બેડલવાલ (પેરા શુટીગ) એકતા ભ્યાન (પેરા એથલેટીક્સ) અરવિંદ સિંગ (રોઈંગ) તથા અખિલ શ્યોરણ (શુટીગ) માટે પસંદ કરાયા છે.

લાઈફ ટાઈમ એચીવમેન્ટ માટે અર્જુન એવોર્ડ આઈ અરૂમનાગગમ (ફુટબોલ)ને અપાશે તો દ્રોણાચાર્ય એવોર્ડ માટે પરમવીરસિંહ (એથલેટીક્સ) છોટાલાલ યાદવ (બોકસીંગ), નેહા નંદકુમાર (શુટીગ) માટે અપાશે તો લાઈફ ટાઈમ એચીવમેન્ટ દ્રોણાચાર્ય એવોર્ડ ધરમેન્દ્રસિંહ યાદવ (મુકકેબાજી) વિરેન્દ્રકુમાર (કુશ્તી) માટે અપાશે. ૨૦૨૫ના રાષ્ટ્રીય ખેલ પ્રોત્સાહન પુરસ્કાર માટે આર્મી પેરાલીક નોડ-પુનાની પસંદગી થઈ છે.

# ગેલે ટેસ્ટ મેચ : શ્રીલંકાને ૩૭૨ રનનો ટાર્ગેટ આપતું ભારત : વરસાદનું વિઘ્ન



શ્રીલંકા અને ભારતના ટેસ્ટ મેચમાં આજે ભારતનો બીજો દાવ ૧૯૩ રનમાં સમેટાઇ ગયો હતો અને પ્રથમ દાવની લીડના આધારે ભારતે શ્રીલંકાને આ મેચ જીતવા માટે ૩૭૨ રનનો ટાર્ગેટ આપ્યો છે. જોકે મેચમાં વરસાદનું વિઘ્ન આવ્યું છે.આ પૂર્વે ટીમ ઈન્ડિયા ૪૮.૫ ઓવરમાં જ ૧૯૩ રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારત તરફથી સૌથી વધુ રન વિકેટકીપર ઋષભ પંતે ૬૯ દડામાં વન-ડે સ્ટાઈલથી રમીને ૬૬ રન બનાવ્યા હતા જેમાં ૮ ચોગ્ગા અને ૨ છગ્ગા સામેલ હતા.જયારે અન્ય ખેલાડીઓમાં પ્રથમ દાવમાં સદી ફટકારનાર પડીકલ ૪૪ રનમાં આઉટ થયો હતો. ટીમ ઈન્ડિયાના ૭ ખેલાડીઓ સિંગલ ડિજીટમાં આઉટ થઈ ગયા હતા અને શ્રીલંકા તરફથી હવે બીજા દાવમાં ભારતના પડકારનો જવાબ આપવાનો રહેશે. શ્રીલંકાની ટીમ પ્રથમ દાવ ૨૮૪ રન બનાવી શકી હતી.

# ભારતનાં ૫૦૪ ખેલાડીઓ માટે ૧૬૭ સપોર્ટ સ્ટાફની માંગણી ; ક્રિકેટ ટીમ સાથે ૨૦ સભ્ય જશે

### ફુલ ૭૫૯ સભ્યોનાં ભારતીય દળ માટે રૂા.૨૨.૬ કરોડનાં ખર્ચનું અનુમાન ; શ્રેયસ અય્યરની કપ્તાની હેઠળ રમશે ટીમ

નવી દિલ્હી તા, ૧૭ : આગામી એશિયન ગેમ્સ ૨૦૨૬ માટે ભારતીય ઓલિમ્પિક સંઘ (IOA) દ્વારા આ વખતે ગત ગેમ્સ કરતાં નાનું દળ મોકલવાની તૈયારી કરવામાં આવી છે. સંઘે ૩૬ રમતોમાં કુલ ૫૦૪ ખેલાડીઓ (૨૭૫ પુરુષ અને ૨૨૯ મહિલા) માટે સરકાર સમક્ષ મંજૂરી માંગી છે. આ ખેલાડીઓ સાથે ૧૬૭ કોચિંગ અને સપોર્ટ સ્ટાફ તેમજ ૬૯ વધારાનાં ટીમ ઓફિશિયલ્સનો સમાવેશ થાય છે. ચીફ ડી મિશન સહદેવ યાદવની આગેવાની હેઠળના ૧૯ સભ્યોના IOA દળ સાથે કુલ ૭૫૯ સભ્યોના દળની મંજૂરી માંગવામાં આવી છે.



છેલ્લી એશિયન ગેમ્સની સુવર્ણચંદ્રક વિજેતા ભારતીય ક્રિકેટ અને શૂટિંગ ટીમ સાથે સૌથી મોટો સપોર્ટ સ્ટાફ મોકલવામાં આવી રહ્યો છે. પુરુષ અને મહિલા ક્રિકેટ ટીમ માટે ૧૫-૧૫ ખેલાડીઓ સાથે ૧૦-૧૦ સભ્યોનો સપોર્ટ સ્ટાફ જશે. બીજી તરફ, શૂટિંગના ૩૦ ખેલાડીઓ સાથે ૧૫ સપોર્ટ સ્ટાફના સભ્યો તૈનાત રહેશે. આ સિવાય એથ્લેટિક્સમાં સૌથી મોટું દળ રહેશે, જેમાં ૭૨ એથ્લીટ્સ અને ૨૬ સપોર્ટ સ્ટાફ સામેલ છે.

ભારતીય પુરુષ ક્રિકેટ ટીમ શ્રેયસ અય્યરની કપ્તાની અને વીવીએસ લક્ષ્મણની હેડ કોચ તરીકેની નિગરાની હેઠળ મેદાનમાં ઉતરશે. સુનીલ જોશી બોલિંગ કોચ, ઋષિકેશ કાનિટકર બેટિંગ કોચ અને શુભદીપ ઘોષ ફિલ્ડિંગ કોચ તરીકે સેવા આપશે. જ્યારે મહિલા ક્રિકેટ ટીમના હેડ કોચ તરીકે અમોલ મજુમદાર, બોલિંગ કોચ તરીકે અવિષ્કાર સાલ્વી અને ફિલ્ડિંગ કોચ તરીકે મુનીશ બાલી જવાબદારી સંભાળશે.

આ સમગ્ર એશિયન ગેમ્સ માટે ભારતીય દળ મોકલવા પાછળ અંદાજે રૂા.૨૨.૬ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. આ બજેટમાં ખેલાડીઓ અને સ્ટાફની સેરેમોનિયલ કિટ, પ્લેઇંગ કિટ, પોકેટ એલાઉન્સ, એર ટિકિટ અને ઈન્સ્યોરન્સ કવરેજ સહિતના તમામ ખર્ચાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

# જાડેજા ભારત તરફથી ૪૦૦૦ ટેસ્ટ રન બનાવનાર અને ૩૫૦ વિકેટ લેનાર બીજો ઓલરાઉન્ડર બન્યો

ભારતીય ટીમના અનુભવી ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજાએ શ્રીલંકા સામેની પ્રથમ ટેસ્ટ મેચ દરમિયાન ૩૫૦ વિકેટ પૂર્ણ કરી. આ સાથે જાડેજાએ ટેસ્ટ ક્રિકેટમાં એક ખાસ રેકોર્ડ બનાવ્યો છે. જાડેજા ભારત તરફથી ૪૦૦૦ ટેસ્ટ રન બનાવનાર અને ૩૫૦ વિકેટ લેનાર બીજા ઓલરાઉન્ડર છે. તેણે આ બાબતમાં ભૂતપૂર્વ કેપ્ટન કપિલ દેવની બરાબરી કરી છે.ગોલેમાં શ્રીલંકા સામેની પ્રથમ ટેસ્ટના ત્રીજા દિવસે જાડેજાએ આ સિદ્ધિ મેળવી. આ સાથે, જાડેજા અનિલ કુંબલે, રવિચંદ્રન અશ્વિન, કપિલ દેવ અને હરભજન સિંહની સાથે ૩૫૦ ટેસ્ટ વિકેટ લેનાર માત્ર પાંચમો ભારતીય બન્યો.જાડેજાએ આ ટેસ્ટની શરૂઆત ૮૯ મેચમાં ૪,૦૯૫ રન અને ૩૪૮ વિકેટ સાથે કરી હતી, એટલે કે આ સીમાચિહ્ન સુધી પહોંચવા માટે તેને ફક્ત બે વિકેટની જરૂર હતી. તેની ૩૫૦મી વિકેટ ત્યારે આવી જ્યારે કેસરા નુવંથાએ બોલ દૂર ખસેડીને ઓફ સાઇડ તરફ શોટ રમવાનો પ્રયાસ કર્યો, અને શુભમન ગિલે કેચ પકડ્યો, જેનાથી જાડેજાની ઈનિંગનો અંત આવ્યો.આ સિદ્ધિ સાથે, જાડેજાએ કપિલ દેવની બરાબરી કરી, જેમણે ૫,૨૪૮ રન અને ૪૩૪ વિકેટ સાથે પોતાની ટેસ્ટ કારકિર્દી પૂરી કરી. આ પહેલા, ફક્ત ત્રણ અન્ય ખેલાડીઓએ ૪૦૦૦ થી વધુ ટેસ્ટ રન બનાવવા અને ૩૫૦ થી વધુ વિકેટ લેવાની સિદ્ધિ હાંસલ કરી છે, જેમાં ઈયાન બોથમ (૫,૨૦૦ રન અને ૩૮૩ વિકેટ), ડેનિયલ વેટ્ટોરી (૪,૫૩૧ રન, ૩૬૨ વિકેટ) અને કપિલ દેવનો સમાવેશ થાય છે.



# ઋષભ પંતે રચ્યો ઇતિહાસ : ટેસ્ટ ક્રિકેટમાં સૌથી ઝડપી ૧૦૦ છગ્ગા ફટકારનાર બેટ્સમેન બન્યો

### શ્રીલંકા સામેની ટેસ્ટમાં એડમ ગિલક્રિસ્ટનો વર્લ્ડ રેકોર્ડ તોડીને વિશ્વનો ૪થો ખેલાડી બન્યો

નવી દિલ્હી તા, ૧૮ : ભારતીય વિકેટકીપર-બેટ્સમેન ઋષભ પંતે શ્રીલંકા સામેની પ્રથમ ટેસ્ટ દરમિયાન એક નવો ઈતિહાસ રચ્યો છે. પંત ટેસ્ટ ક્રિકેટમાં ૧૦૦ છગ્ગા પૂરા કરનાર વિશ્વનો ચોથો અને સૌથી ઝડપી બેટ્સમેન બની ગયો છે. તેણે પોતાની માત્ર ૮૯મી ટેસ્ટ ઈનિંગ્સમાં લહિરુ કુમારાના બોલ પર શાનદાર સિક્સર મારીને પોતાની ફિફ્ટી પૂરી કરવાની સાથે આ ખાસ સિદ્ધિ મેળવી હતી.



આ મામલે પંતે ઓસ્ટ્રેલિયાનાં પૂર્વ દિગ્ગજ ખેલાડી એડમ ગિલક્રિસ્ટનો રેકોર્ડ તોડી નાખ્યો છે, જેમણે ૧૦૦ છગ્ગા ફટકારવા માટે ૧૩૦ ઈનિંગ્સ લીધી હતી. આ યાદીમાં બેન સ્ટોક્સ (૧૫૧ ઈનિંગ્સ) ત્રીજા અને બ્રેન્ડન મેક્કુલમ (૧૭૦ ઈનિંગ્સ) ચોથા નંબરે છે. એટલું જ નહી, પંતે આ સિદ્ધિ મેળવવા માટે માત્ર ૪,૯૧૮ બોલ રમીને સૌથી ઓછા બોલમાં ૧૦૦ સિક્સર મારવાનો પણ નવો રેકોર્ડ બનાવ્યો છે.

# બેડમિન્ટન વર્લ્ડ ચેમ્પિયનશીપ-ઉન્નતિ અને લક્ષ્ય પહેલી મેચ જીત્યા

### ત્રિસા-ગોપીચંદની જોડી આગળના રાઉન્ડમાં, મિક્સડ ડબલ્સમાં ભારતીય જોડીઓ હારી

નવી દિલ્હીના ઈન્દિરા ગાંધી સ્ટેડિયમમાં લક્ષ્યએ રોમાનિયાના કોલિન્સ ફિલિમોનને ૧૬-૨૧, ૨૧-૮ અને ૨૧-૪થી હરાવ્યો. જ્યારે, વિમેન્સ સિંગલ્સમાં ઉન્નતિ હુડ્ડાએ મ્યાનમારની થેત હમતાર થુજારને ૨૨-૨૦, ૨૧-૧૬થી હરાવી.

આગળના રાઉન્ડમાં લક્ષ્યનો મુકાબલો સ્વિટ્ઝર્લેન્ડના ટોબિયાસ કુંજી અને અમેરિકાના ગેરેટ ટેનના વિજેતા સાથે થશે. ઉન્નતિનો મુકાબલો કેનેડાની ૧૯મી વરીય ખેલાડી મિશેલ લી સાથે થશે.

વિમેન્સ ડબલ્સમાં ત્રિસા જોલી અને ગાયત્રી ગોપીચંદની જોડીએ રાઉન્ડ ઓફ ૩૨ની મેચમાં અમેરિકાની લોરેન લેમ અને એલિસન લીને ૨૧-૧૫, ૨૧-૧૨થી હરાવ્યા.જયારે, કવિપ્રિયા સેલ્વમ અને સિમરન સિંઘીની જોડીને બલ્ગેરિયાની ગેબ્રિએલા સ્ટોએવા અને સ્ટેફાની સ્ટોએવા સામે ૭-૨૧, ૧૪-૨૧થી હારનો સામનો કરવો પડ્યો.મિક્સ્ડ ડબલ્સમાં રોહન કપૂર અને રુત્વિકા શિવાની ગડ્ડેની ભારતીય જોડીને કેનેડાના જોનાથન બિંગ ત્સાન લાઈ અને ક્રિસ્ટલ લાઈએ ૨૦-૨૨, ૨૧-૧૯, ૨૧-૧૭થી ૧ કલાક ૮ મિનિટમાં હરાવ્યા.અશિથ સૂર્ય અને અમૃતા પ્રમુથેશની જોડીને તુર્કીના એમ્રે સોનમેઝ અને યાસેમેન બેક્તાસે ૨૧-૧૬, ૨૯-૩૦, ૨૨-૨૪ થી હરાવ્યા.



# DPLમાં બેટરનો પાવરફુલ શોટ સીધો અમ્પાયરના ચહેરા પર વાગ્યો, મેદાન પર પડી ગયા; ICUમાં દાખલ

દિલ્હી પ્રીમિયર લીગ (DPL)માં મેચ દરમિયાન ફિલ્ડ અમ્પાયર ધર્મેશ ભારદ્વાજ ઘાયલ થયા છે. તેમને ICUમાં દાખલ કર્યા છે. ઘટના સોમવાર રાતની છે, પરંતુ તેની જાણકારી મંગળવારે સામે આવી.

અરુણ જેટલી સ્ટેડિયમમાં ન્યૂ દિલ્હી ટાઈગર્સ અને ઈસ્ટ દિલ્હી રાઈડર્સ વચ્ચે મેચ ચાલી રહી હતી. ટાઈગર્સની ઈનિંગ્સની ૧૮મી ઓવરમાં લક્ષ્ય થરેજાનો શોટ તેમના ચહેરા પર વાગ્યો.

શોટ એટલો ઝડપી હતો કે ધર્મેશને બચવાનો મોકો મળ્યો નહી અને બોલ વાગ્યા પછી તેઓ મેદાન પર જ પડી ગયા. આના તરત જ પછી તેમને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા, જ્યાં ડોકટરોએ તેમને ICUમાં દાખલ કર્યા.

ધર્મેશ ભારદ્વાજ DPL મેચમાં પહેલા પણ ઈજાગ્રસ્ત થઈ ચૂક્યા છે. તેમના ખભા પર બોલ વાગ્યો હતો. હવે ફરીથી ઈજા થયા બાદ અમ્પાયરોની સુરક્ષાને લઈને સવાલો ઉઠી રહ્યા છે.મેચમાં ઈસ્ટ દિલ્હી રાઈડર્સે પહેલા બેટિંગ કરતા ૨૦ ઓવરમાં ૭ વિકેટે ૧૯૨ રન બનાવ્યા. મયંક રાવતે ૪૦ રનની ઈનિંગ રમી. ન્યૂ દિલ્હી ટાઈગર્સના ઋષભ શર્માએ ૩૪ રન આપીને ૩ વિકેટ લીધી.જવાબમાં ન્યૂ દિલ્હી ટાઈગર્સ ૧૫૬ રનમાં ઓલઆઉટ થઈ ગઈ. કેપ્ટન હિંમત સિંહે ૩૧ રન બનાવ્યા. આશિષ મીણાએ ૩ વિકેટ અને મયંક યાદવે ૨ વિકેટ ઝડપી. રાઈડર્સે મેચ ૩૬ રનથી જીતી લીધી.



# તેજસ્વિની, દિવ્યા-ગાયત્રી ગોપીચંદને અર્જુન એવોર્ડ

### ૨૦૨૫ માટે કોઈને ખેલ રત્ન એવોર્ડ નહી આપવાનો રમત મંત્રાલયનો નિર્ણય, ૧૭ને અર્જુન એવોર્ડ

રમતગમત મંત્રાલયે મંગળવારે ૨૦૨૫ના વર્ષ માટે કોઈ પણ એથ્લેટને પ્રતિષ્ઠિત 'ધ્યાનચંદ ખેલ રત્ન એવોર્ડ' નહી આપવાનો નિર્ણય લીધો હતો. આ સાથે જ પસંદગી સમિતિ દ્વારા છ મહિના કરતાં વધુ સમય અગાઉ કરાયેલી ભલામણોના અભૂતપૂર્વ પુનઃમૂલ્યાંકન બાદ ૧૭ અર્જુન એવોર્ડ વિજેતાઓની નોંધપાત્ર રીતે ટૂંકી કરાયેલી યાદી જાહેર કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ જજ અરૂણ કુમાર મિશ્રાના વડપણ હેઠળની પસંદગી સમિતિ દ્વારા હોકી સ્ટાર હાર્દિક સિંઘના નામ પર દેશના સર્વોચ્ચ રમતગમત સન્માન માટે વિચારણા કરવામાં આવી હતી, પરંતુ અંતે તે આ રેસમાંથી બહાર થઈ ગયો હતો. આ અગાઉ ૨૦૧૪માં દેશમાં કોઈને પણ ખેલ રત્ન આપવામાં આવ્યો ન હતો.







મંગળવારે અર્જુન એવોર્ડ માટે જાહેર કરાયેલા ૧૭ ખેલાડીઓમાં વર્લ્ડ કપ વિજેતા ચેસ ખેલાડી દિવ્યા દેશમુખ, ડેકાથ્લીટ અને હાઈ જમ્પર તેજસ્વિન શંકર અને બેડમિન્ટન ખેલાડી ગાયત્રી ગોપીચંદનો સમાવેશ થતો હતો. આ ઉપરાંત અર્જુન એવોર્ડની યાદીમાં ગ્રાન્ડમાસ્ટર વિદિત ગુજરાતી, ગાયત્રી ગોપીચંદની મહિલા ડબલ્સ પાર્ટનર ત્રિશા જોલી, ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સના સિલ્વર મેડલિસ્ટ બોક્સર નરેન્દર બરવાલ અને યુવા બધીર રાઈફલ શૂટર ધનુષ શ્રીકાંતનો પણ સમાવેશ થાય છે.

પસંદગી સમિતિએ આ વર્ષે અર્જુન એવોર્ડ માટે ૨૪ નામોની ભલામણ કરી હતી, પરંતુ મંત્રાલયે માત્ર ૧૭ નામોને જ મંજૂરી આપી છે. એવોર્ડ્સની જાહેરાતમાં ભારે વિલંબ થયો હતો કેમ કે મંત્રાલયે "એવોર્ડ્સની ગરિમા જાળવી રાખવા" માટે માત્ર યોગ્ય નામોને જ સન્માનિત કરવામાં આવે તે સુનિશ્ચિત કરવા પુનઃમૂલ્યાંકન પ્રક્રિયા હાથ ધરી હતી. ૧૯ વર્ષીય દિવ્યા દેશમુખ ચેસ વર્લ્ડ કપ જીતનારી પ્રથમ ભારતીય મહિલા છે. વિદિત ગુજરાતી ૨૦૨૪ના ચેસ ઓલિમ્પિયાડમાં ગોલ્ડ મેડલ જીતનારી ભારતીય ટીમનો ભાગ છે.

તેજસ્વિન શંકરે ૨૦૨૩ની એશિયન ગેમ્સમાં ડેકાથ્લોનમાં ઐતિહાસિક સિલ્વર મેડલ જીત્યો હતો અને ત્યારબાદ ગયા વર્ષે એશિયન ચેમ્પિયનશિપમાં બીજું સ્થાન મેળવ્યું હતું, તેણે તાજેતરમાં ઘૂંટણની ઈજા સામે સંઘર્ષ કર્યો હોવા છતાં કોમનવેલ્થ ગેમ્સમાં અભૂતપૂર્વ બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. તે એવા એથ્લેટ્સમાં સામેલ હતી જેમણે એવોર્ડ્સની જાહેરાતમાં થયેલા વિલંબની ટીકા કરી હતી અને તેને એથ્લેટ્સ પ્રત્યેનો અનાદર ગણાવ્યો હતો.

# ડેવિડ વોર્નરને દારૂ પીને ગાડી ચલાવવા બદલ સજા

### ઓસ્ટ્રેલિયન કોર્ટે ૧,૫૦૦ ડોલરનો દંડ ફટકાર્યો; ૧૨ મહિના સુધી કારમાં ઇન્ટરલોક ડિવાઇસ લગાવવું પડશે

પૂર્વ ઓસ્ટ્રેલિયન બેટર ડેવિડ વોર્નરને દારૂ પીને ગાડી ચલાવવાના કેસમાં દોષિત ઠેરવ્યો છે. સિડનીની વોવર્લી લોકલ કોર્ટે મંગળવારે તેમના પર ૧,૫૦૦ ઓસ્ટ્રેલિયન ડોલરનો દંડ ફટકાર્યો. સાથે જ તેની કારમાં ૧૨ મહિના માટે ઈન્ટરલોક ડિવાઈસ લગાવવાનો આદેશ આપવામાં આવ્યો છે.

વોર્નરને ઈસ્ટર સન્ડેના દિવસે સિડનીના બહારના વિસ્તારમાં રેન્ડમ બ્રેથ ટેસ્ટિંગ દરમિયાન પકડ્યો હતો. તપાસમાં તેમના બ્લડ-આલ્કોહોલ લેવલની રીડિંગ ૦.૧૦૪ આવી હતી, જે કાયદાકીય મર્યાદાથી બમણાથી પણ વધુ હતી.

કોર્ટમાં વોર્નરે જણાવ્યું કે તેણે ગાડી ચલાવતા પહેલા ત્રણ ગ્લાસ વ્હાઈટ વાઈન પીધી હતી. તેણે ગયા મહિને મિડ-રેન્જ ડ્રિંક ડ્રાઈવિંગનો આરોપ સ્વીકારી લીધો હતો.

કોર્ટમાં જણાવવામાં આવ્યું કે વોર્નરે રોડ કિનારે બ્રેથ ટેસ્ટિંગ સાઈટ જોઈને પોતાની કાર રોકી અને એક મહિલા યાત્રી સાથે સીટ બદલવાનો પ્રયાસ કર્યો હતો.

દંડ ઉપરાંત, વોર્નરની કારમાં ૧૨ મહિના માટે ઈન્ટરલોક ડિવાઈસ લગાવવામાં આવશે. આ ડિવાઈસ કારને ત્યારે સ્ટાર્ટ નહી થવા દેશે, જ્યારે ડ્રાઈવરના સિસ્ટમમાં દારૂની માત્રા જોવા મળશે.

જજ ક્લેયર ફાર્નને કહ્યું કે વોર્નર દ્વારા ફરીથી આવો ગુનો કરવાની સંભાવના ઓછી છે, પરંતુ ન્યૂ સાઉથ વેલ્સમાં થતી ઘણી માર્ગ અકસ્માતોમાં દારૂ પીને ગાડી ચલાવવી હજુ પણ એક ગંભીર કારણ છે.ડિવાઈસ શ્વાસમાં આલ્કોહોલની માત્રા તપાસે છે. જો નિર્ધારિત સીમાથી વધુ આલ્કોહોલ મળે છે તો કારનું એન્જિન સ્ટાર્ટ થતું નથી. કેટલીક સિસ્ટમ ડ્રાઈવિંગ દરમિયાન પણ ફરીથી શ્વાસનો નમૂનો માંગી શકે છે.

# VNSGU ખાતે POSH એક્ટ-૨૦૧૩ અંતર્ગત જાગૃતિ સેમિનારનું આયોજન



સુરત, તા.૧૯

મહિલા અને બાળ અધિકારીની કચેરી,સુરત દ્વારા પીપલોદ સ્થિત VNSGU ખાતે 'POSH એક્ટ, ૨૦૧૩'-કાર્યસ્થળ પર મહિલાઓની જાતીય સતામણી સામે પ્રતિબંધ અને નિવારણ અંતર્ગત એક વિશેષ જાગૃતિ સેમિનાર યોજાયો હતો.

સેમિનારનો મુખ્ય હેતુ મહિલાઓ માટે સુરક્ષિત, સન્માનજનક અને જાતીય સતામણીમુક્ત કાર્યસ્થળ અંગે જાગૃતિ લાવવાનો હતો. કાર્યક્રમ દરમિયાન વિવિધ વક્તાઓએ POSH અધિનિયમ-૨૦૧૩ હેઠળ મહિલાઓના અધિકારો, કાર્યસ્થળે જાતીય સતામણી અટકાવવાના ઉપાયો, સમયસર ફરિયાદ નોંધાવવાનું મહત્વ તેમજ ફરિયાદોના ન્યાયસંગત નિવારણ માટે રચાતી આંતરિક ફરિયાદ સમિતિની ભૂમિકા અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથે જ મહિલા અને બાળ વિકાસ વિભાગની વિવિધ યોજનાઓ તથા મહિલાઓના રક્ષણ માટે કાર્યરત વિવિધ કેન્દ્રોની માહિતી પણ આપવામાં આવી હતી. તેમજ આ પ્રસંગે કાર્યસ્થળ અંગે લોકજાગૃતિ વધારવા 'POSH એક્ટ ૨૦૧૩ જાગૃતિ સ્ટીકર્સ'નું પણ વિમોચન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જર એક્ટના સ્થાનિક સમિતિ અધ્યક્ષ રિતુબેન રાઠી, મહિલા અને બાળ વિકાસ અધિકાર શ્રીમતી રાધિકાબેન ગામીત તથા POSH સુરત જિલ્લા ટીમ અને મોટી સંખ્યામાં VNSGUના પ્રોફેસર, કર્મચારીઓ હાજર રહ્યા હતા

# મેટ્રો પ્રોજેક્ટના કારણે નાનપુરામાં ચાર વર્ષથી રસ્તોઓ બિસ્માર

## મ્યુનિ. કમિશનર તથા મેટ્રોના ડીરેક્ટરને યુવા કોંગ્રેસ દ્વારા રજુઆત

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૯**

સુરત શહેરના ખંડેરાવપુરા મેઈન રોડથી કાદરશાહની નાળ, હબીબશાહ મોહલ્લો અને માછીવાડ ચાર રસ્તા તરફ જતા માર્ગોની બિસ્માર હાલત અંગે ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસ દ્વારા સુરત મ્યુનિસિપલ કમિશનર અને મેટ્રો રેલ પ્રોજેક્ટના ડિરેક્ટરને રજૂઆત કરવામાં આવી છે. યુવા કોંગ્રેસના મહામંત્રી ફેશલ એ. રંગુનીએ પત્ર લખી જણાવ્યું છે કે, છેલ્લા ૪ થી ૫ વર્ષથી મેટ્રોનું કામ ચાલી રહ્યું છે, પરંતુ રસ્તાઓનું યોગ્ય સમારકામ કરવામાં આવ્યું નથી. ખાડા, ધૂળ-માટી અને વરસાદી પાણીના ભરાવાને કારણે સ્થાનિક રહીશો, વેપારીઓ, મહિલાઓ, વૃદ્ધો અને વાહનચાલકો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. વધુમાં, યોગ્ય બેરિકેડિંગ, ચેતવણીના બોર્ડ, રિફ્લેક્ટર અને રાત્રિના સમયે લાઈટિંગનો પણ અભાવ જોવા મળે છે યુવા કોંગ્રેસએ માંગ કરી છે કે, તમામ રસ્તાઓનું તાત્કાલિક સ્થળ નિરીક્ષણ કરી યુદ્ધના ધોરણે સમારકામ કરવામાં આવે અને સુરક્ષાના ધોરણો સુનિશ્ચિત થાય. યુવા કોંગ્રેસના મહામંત્રી ફેશલ રંગુનીએ વધુમાં ચીમકી આપતા જેણાવ્યું કે, ૧૫ દિવસની અંદર રસ્તાઓનું સમારકામ અને સુરક્ષા વ્યવસ્થા કરવામાં નહી આવે, તો સ્થાનિક નાગરિકો સાથે મનપા કચેરી બહાર ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી પણ આપવામાં આવી છે.

# ઉકાઈની સપાટી ૩૩૫.૦૨ ફૂટે સ્થિર

## કોઝવે પરથી ૫૦ હજાર ક્યુસેક વહેતુ પાણી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૯**

ઉકાઈ ડેમમાં પાણીની આવક અને જાવક વચ્ચે સંતુલન જાળવવા પાણી છોડવાની પ્રક્રિયા યથાવત રાખવામાં આવી છે. આજે તા. ૧૯ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ સવારે ૧૦ વાગ્યે ઉકાઈ ડેમની સપાટી ૩૩૫.૦૨ ફૂટ નોંધાઈ હતી. ડેમની સપાટી ફૂલ લેવલ ૩૩૫ ફૂટને થોડું પાર કરી ગઈ છે. આ સમયે ડેમમાં પાણીની અંદાજિત આવક ૨૩,૧૦૦ ક્યુસેક નોંધાઈ હતી, જ્યારે ડેમમાંથી પણ અંદાજિત ૨૩,૧૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. આમ, હાલ ડેમમાં જેટલું પાણી આવી રહ્યું છે તેટલું જ પાણી બહાર છોડવામાં આવતા ડેમની સપાટી નિયંત્રણમાં રાખવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. બીજી તરફ, ઉકાઈ ડેમના કોઝવેની સપાટી સવારે ૧૦ વાગ્યે ૬.૭૮ મીટર નોંધાઈ હતી. કોઝવે પરથી અંદાજે ૫૦,૪૨૩ ક્યુસેક પાણીનો પ્રવાહ નોંધાયો છે. ડેમની સપાટી ફૂલ લેવલની આસપાસ જાળવવા માટે પાણીના જથ્થા પર સતત નજર રાખવામાં આવી રહી છે. ઉકાઈ કેચમેન્ટ વિસ્તારમાં પાણીની આવક તથા ઉપરવાસમાંથી આવતાં પાણીના જથ્થા પ્રમાણે ડેમની સપાટીમાં વધઘટ થઈ શકે છે. હાલ ડેમની સપાટી ૩૩૫ ફૂટથી ઉપર હોવાથી સિંચાઈ વિભાગ અને તંત્ર દ્વારા પાણીની આવક-જાવક પર સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. ખાસ કરીને કોઝવે પરથી પણ મોટા પ્રમાણમાં પાણી પસાર થઈ રહ્યું હોવાથી નીચાણવાળા વિસ્તારોમાં તંત્રની નજર યથાવત છે.

# ફોરેક્સ ટ્રેડિંગમાં છેતરપિંડીના ગુનામાં મહિલાના જામીન નામંજૂર

## મુખ્ય આરોપીની અરજી ફગાવી દેતી કોર્ટ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૯**

સુરતમાં ફોરેક્સ ટ્રેડિંગમાં ઊંચા વળતરની લાલચ આપીને કરોડો રૂપિયાની છેતરપિંડી આચરવાના કેસમાં કામરેજની મુખ્ય આરોપી મહિલાની જામીન અરજી કોર્ટે ફગાવી દીધી હતી.

ત્રણ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનાની વિગત એવી છે કે 'એપિક ઈનોવેશન એલએલપી' નામે ભાગીદારી પેઢી બનાવીને લોકો સાથે ૨,૦૫,૨૮,૦૦૦ રૂપિયાની ઠગાઈ કરવાના ગુનામાં સંડોવાયેલી આરોપી જ્યોતિ અશોકભાઈ સોલંકી(સ્ટાર્ડમ રેસિડેન્સી, પાસોદરા પાટિયા, કામરેજ, સુરત)ની ધરપકડ કરવામાં આવી હતી. આ ગુનામાં આરોપીઓ પર માસિક ૪ થી ૫ ટકાનું વળતર આપવાની લાલચ આપી લોકો સાથે વિશ્વાસઘાત કરવાનો આક્ષેપ છે. તપાસમાં બહાર આવ્યું હતું કે ઠગાઈના નાણાં આરોપી જ્યોતિના પિતા, ભાઈ અને બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા.

કોર્ટમાં બચાવ પક્ષ તરફથી આરોપી જ્યોતિ પક્ષે ચાર્જશીટ ફાઈલ થઈ ગઈ હોવાની રજૂઆત કરી જામીન માંગ્યા હતા. જોકે સરકારી વકીલ એન કે ગોળવાલાએ ગુનાની ગંભીરતા અને રકમ ધ્યાને રાખી વિરોધ કર્યો હતો. કોર્ટે નોંધ્યું કે માત્ર ચાર્જશીટ રજૂ થવાથી પરિસ્થિતિમાં કોઈ મોટો બદલાવ આવતો નથી. ગુનામાં આરોપીની સક્રિય ભૂમિકા અને ષડયંત્રને ધ્યાનમાં રાખીને કોર્ટે જામીન આપવાનો ઈનકાર કર્યો હતો.

# ચેક બાઉન્સ કેસમાં વેપારીને એક વર્ષની કેદ

## રૂ.૬.૫૦ લાખ ચૂકવવાનો આદેશ, રકમ નહીં ચૂકવે તો વધુ ત્રણ મહિનાની કેદ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૯**

સુરતમાં રૂ.૬.૫૦લાખના ચેક બાઉન્સના કેસમાં કોર્ટે વરધમાન ટેક્સટાઈલના પ્રોપ્રાઈટર સંજીવ એમ. ચૌહાણને નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટની કલમ ૧૩૮ હેઠળ દોષિત ઠેરવી એક વર્ષની સાદી કેદની સજા ફટકારી છે. કોર્ટે આરોપીને રૂ.૬.૫૦ લાખ ચૂકવવાનો પણ હુકમ કર્યો છે. જો આ રકમ ચૂકવવામાં નહી આવે તો આરોપીને વધુ ત્રણ મહિનાની સાદી કેદ ભોગવવી પડશે.

કેસની વિગત મુજબ ફરિયાદી રાજેશભાઈ નારદભાઈ સુતરીયા અને આરોપી સંજીવ ચૌહાણ બંને ટેક્સટાઈલ વ્યવસાય સાથે સંકળાયેલા હોવાથી તેમની વચ્ચે મિત્રતા હતી. આરોપીને ધંધાકીય જરૂરિયાત માટે તાત્કાલિક રૂ.૧૦ લાખની જરૂર હોવાથી તેણે ફરિયાદી પાસેથી હાથ ઉછીની રકમ માંગી હતી. આરોપીના વિશ્વાસ અને ખાતરીના આધારે ફરિયાદીએ ૨૦ ઓક્ટોબર ૨૦૧૬ના રોજ રૂ.૧૦ લાખ રોકડા આપ્યા હતા. આ રકમ અંગે આરોપીએ પ્રોમિસરી નોટ પણ આપી હતી.

બાદમાં ફરિયાદીએ લોનની રકમ પરત માંગતા આરોપીએ રૂ.૩.૫૦લાખ અને રૂ.૩ લાખના બે ચેક આપ્યા હતા. બંને ચેક ૧૯ ડિસેમ્બર ૨૦૧૭ના રોજના હતા. ફરિયાદીએ ચેક બેંકમાં જમા કરાવતા ૨૦ ડિસેમ્બર ૨૦૧૭ના રોજ બંને ચેક 'એકાઉન્ટ ક્લોઝ્ડ'ના શેરા સાથે પરત ફર્યા હતા.

ત્યારબાદ ફરિયાદીએ ૨૮ ડિસેમ્બર ૨૦૧૭ના રોજ કાનૂની નોટિસ પાઠવી ૧૫ દિવસમાં રકમ ચૂકવવા જણાવ્યું હતું. તેમ છતાં રકમ નહી ચૂકવાતા કોર્ટમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. રજૂ થયેલા પુરાવાઓના આધારે કોર્ટે આરોપીને દોષિત ઠેરવી સજા ફટકારી છે. ફરિયાદી તરફે એડવોકેટ યોગેશ કે. જોગાણીએ કેસમાં રજૂઆત કરી હતી.

# પોલીસે જપ્ત કરેલી ઠગાઈના રકમ મેળવા આરોપીની અરજી કોર્ટે નકારી

## છેતરપિંડી થકી એકત્ર કરેલા રૂપિયા પાછા આપવા કોર્ટનો ઈન્કાર

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૯**

અમરોલી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ એક કેસમાં પોલીસે મુદ્દામાલ તરીકે કબજે કરેલી રકમ અને દસ્તાવેજો પરત મેળવવા આરોપીએ કરેલી અરજી કોર્ટે અંશતઃ મંજુર રાખી હતી. આરોપીએ લોકો સાથે છેતરપિંડી કરીને રોકડ રકમ મેળવી હોવાની બાબત ધ્યાને લઈ સુરત કોર્ટે આરોપીની રોકડ પરત મેળવવાની અરજી ફગાવી છે, પરંતુ તેના અસલ દસ્તાવેજો પરત આપવા આદેશ કર્યો હતો.

અમરોલી છાપરાભાઠા ખાતે શ્યામ સુંદર એપાર્ટમેન્ટમાં રહેતા મનસુખ ઉર્ફે મનીષ પરસોત્તમ ઉમરેઠીયાની અમરોલી પોલીસે ઠગાઈ અને બોગસ દસ્તાવેજોના ગુનામાં ધરપકડ કરી હતી. પોલીસે તેની પાસેથી રૂ. ૧૬,૧૦,૦૦૦ની રોકડ રકમ તેમજ તેનું અસલ ડ્રાઈવિંગ લાઈસન્સ, આધાર કાર્ડ, ચૂંટણી કાર્ડ અને કોવિડ વેક્સિનેશન સર્ટીફિકેટ જપ્ત કર્યા હતા. આરોપીએ વેપાર-ધંધા અને રોજિંદા જીવનની જરૂરિયાતો માટે આ તમામ મુદ્દામાલ પરત મેળવવા કોર્ટમાં અરજી કરી હતી.કોર્ટે સરકારી વકીલ અને પોલીસના અભિપ્રાયને ધ્યાને રાખી નોંધ્યું કે આરોપી અગાઉ પણ રોકડ રકમ અંગેની અરજી હારી ચૂક્યો છે અને આ રકમ લોકો સાથે છેતરપિંડી કરીને મેળવેલ હોવાનું સામે આવ્યું છે. જેથી રૂ. ૧૬,૧૦,૦૦૦ની રોકડ પરત આપવાની વિનંતી ના મંજૂર કરવામાં આવી હતી. જોકે, રોજિંદા ઉપયોગ અને વાહન ચલાવવા માટે જરૂરી એવા અસલ ડ્રાઈવિંગ લાઈસન્સ, આધાર કાર્ડ, ચૂંટણી કાર્ડ અને કોવિડ સર્ટીફિકેટ આરોપીને શરતોને આધીન પરત સોંપવાનો આદેશ આપવામાં આવ્યો છે.

**હાફિઝ સઈદે કાશ્મીર**
**પહેલા પાનાનું ચાલુ**

આ ઉપરાંત, એપ્રિલ ૨૦૨૫માં થયેલાં દર્દનાક પહેલગામ આતંકી હુમલાની તપાસમાં પણ સઈદનું નામ સામે આવ્યું હતું, જેમાં ૨૬ લોકોએ જીવ ગુમાવ્યા હતા. મૌલાના નસીર મદનીના આ નિવેદને ભારત સામે ચાલું પાકિસ્તાનની આતંકવાદી પ્રવૃત્તિઓનું સત્ય આખી દુનિયા સામે ખુલ્લું પાડી દીધું છે.

**નવ મહિના પછી**
**પહેલા પાનાનું ચાલુ**

અડિયાલા જેલના મેડિકલ રિપોર્ટમાં ઈમરાનના બ્લડ પ્રેશર અને તણાવ અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી.

શહબાઝ સરકાર ઈમરાન ખાનને હોસ્પિટલ મોકલવાના આદેશ વિરુદ્ધ રિવ્યુ પિટિશન દાખલ કરશે. પાકિસ્તાનના કાયદા મંત્રી આઝમ નઝીર તરારે મીડિયાને જણાવ્યું કે સરકારે કોર્ટના આદેશની સમીક્ષા કરી છે. સરકારનું માનવું છે કે આદેશના કેટલાક ભાગો વર્તમાન કાયદા મુજબ નથી.

તરારે કહ્યું કે પાકિસ્તાનની જેલોમાં ઘણા કેદીઓ ગંભીર બીમારીઓથી પીડાઈ રહ્યા છે. જો ઈમરાનને જેલની બહાર એક ખાસ હોસ્પિટલમાં સારવારની સુવિધા આપવામાં આવે છે, તો સવાલ એ છે કે શું આ જ નિયમ અન્ય કેદીઓ પર પણ લાગુ પડશે? સરકારનું કહેવું છે કે સામાન્ય રીતે કેદીઓની સારવાર સરકારી હોસ્પિટલો અને નિર્ધારિત સરકારી વ્યવસ્થા હેઠળ થાય છે.

૭૩ વર્ષીય ઈમરાન ખાન ઓગસ્ટ ૨૦૨૩થી જેલમાં છે. તેમને સૌ પ્રથમ તોશાખાના કેસમાં ૩ વર્ષની સજા મળ્યા બાદ ધરપકડ કરવામાં આવી હતી. ત્યારબાદ તેમના પર સિફર, અલ-કાદિર ટ્રસ્ટ અને ઈદ્દત નિકાહ સહિતના ઘણા કેસ નોંધાયા હતા.

બાદમાં સિફર અને ઈદ્દત નિકાહ મામલાઓમાં તેમને કોર્ટમાંથી રાહત મળી ગઈ. તોશાખાના કેસમાં પણ તેમની એક સજા રોકી દેવામાં આવી. તેમ છતાં અન્ય કેસોને કારણે તેઓ હજુ જેલમાં છે.

**ઈ-૧૦**
**પહેલા પાનાનું ચાલુ**

સમયથી ઈ-૨૦ અંગે ચિંતા વ્યક્ત કરી રહ્યા છે. કેટલાક જૂના વાહનોમાં ઊંચા પ્રમાણમાં ઈથેનોલ ધરાવતા પેટ્રોલની સુસંગતતા અંગે પ્રશ્નો ઊભા થયા છે.

મુખ્ય આર્થિક સલાહકાર વી. અનંતા નાગેશ્વરને પણ તાજેતરમાં જૂના વાહનો માટે ઈ-૨૦ની સાથે ઈ-૧૦ પેટ્રોલ ફરી ઉપલબ્ધ કરાવવાની ભલામણ કરી હતી. તેમના જણાવ્યા મુજબ દેશમાં અંદાજે ૭.૫ થી ૮ કરોડ દ્વિચક્રી વાહનો એવા છે જે ઈ-૧૦ માટે તૈયાર કરવામાં આવ્યા હતા.

મહત્વપૂર્ણ છે કે થોડા સમય પહેલાં જ સરકારે પેટ્રોલમાં ઓછા પ્રમાણમાં ઈથેનોલ ધરાવતા ઈ-૧૦ અથવા ઈ૦ જેવા વિકલ્પો ફરી શરૂ કરવાની કોઈ યોજના ન હોવાનું સંસદમાં જણાવ્યું હતું. સરકારનું કહેવું હતું કે ઈ-૨૦ને વૈજ્ઞાનિક રીતે ચકાસવામાં આવ્યું છે અને વાહન ઉદ્યોગે પણ તેના ઉપયોગને સ્વીકાર્યો છે.

હવે જૂના વાહનોના માલિકોની વધતી ચિંતા વચ્ચે ઈ-૧૦ને ફરી વિકલ્પ તરીકે ઉપલબ્ધ કરાવવાની શક્યતા અંગે સરકારમાં ચર્ચા શરૂ થઈ છે. જોકે, સમાંતર રીતે ઈ-૧૦ અને ઈ-૨૦નું વિતરણ કરવાથી દેશભરના પેટ્રોલ પંપો પર અલગ પુરવઠા વ્યવસ્થા, સંગ્રહ અને પરિવહન ખર્ચ વધવાની વ્યવહારુ મુશ્કેલીઓ પણ છે. સરકારની ચર્ચા કયા નિર્ણય સુધી પહોંચે છે તે અંગે હાલમાં કોઈ સમયમર્યાદા નક્કી કરવામાં આવી નથી.

**આઝમ ખાનના**
**પહેલા પાનાનું ચાલુ**

આવી રહી છે. જોકે, દરોડા દરમિયાન અત્યાર સુધીમાં શું મળ્યું અથવા કોઈ જપ્તી કરવામાં આવી છે કે નહી તે અંગે સત્તાવાર વિગતો જાહેર કરવામાં આવી નથી.

આઝમ ખાન લાંબા સમયથી વિવિધ કાનૂની કેસોમાં તપાસ અને કાર્યવાહીનો સામનો કરી રહ્યા છે. જૌહર યુનિવર્સિટી અને તેની સાથે સંકળાયેલી સંપત્તિઓ પણ અગાઉથી તપાસ એજન્સીઓના રડાર પર રહી છે. બુધવારની કાર્યવાહી આ જ તપાસની આગળની કડી હોવાનું માનવામાં આવે છે.

**ચલણમાં ડોલર-યુરો**
**પહેલા પાનાનું ચાલુ**

કેશ મેનેજમેન્ટ કોન્ફરન્સમાં તેઓએ કહ્યું કે ચલણી નોટોની સંભવિત ડીમાંડ વિશે રિઝર્વ બેંકે પાંચ વર્ષ એડવાન્સ પ્લાનીગ કરે છે. ડીજીટલ પેમેન્ટ-વ્યવહારોમાં મોટી વૃદ્ધિ હોવા છતાં રોકડની ડીમાંડ સતત વધી રહી છે. પ્રતિ વ્યક્તિ રોકડ વ્યવહારમાં ઘટાડો હોવા છતાં રોકડ ચલણી નોટોની ડિમાંડ દર વર્ષે ડબલ ડીજીટમાં વધારો સૂચવે છે. પ્રવર્તમાન સ્થિતિમાં ચલણી નોટોની ભાવિ ડિમાંડ પારખવાનુ વધુને વધુ મુશ્કેલ બની ગયુ છે.

સરકાર અને રિઝર્વ બેંકના જ અંકુશ હેઠળના ચાર કરન્સી પ્રિન્ટીગ પ્રેસમાં દર વર્ષે સરેરાશ ૨૮થી૩૦ અબજ નોટો બને છે. પેપર મીલ તથા નોટમાં વપરાતી શાહી બનાવવાની ફેક્ટરી પણ પોતાની જ છે. રિઝર્વ બેંકે ૧૯૯૯માં કલીન નોટ પોલીસી અમલમાં મુકવામાં આવી હતી. નાગરિકોને સારી સુઘડ નોટો મળે તેવો ઉદેશ હતો અને તે અંતર્ગત રદી નોટો પાછી ખેચી લેવામાં આવતી હતી.

રિઝર્વ બેંક ૧૯ પ્રાદેશિક કચેરીઓ તથા કરન્સી ચેસ્ટ નેટવર્ક મારફત સરકારી-સહકારી બેંકો તથા સરકારી ટ્રેઝરીને નોટો મોકલાવે છે. બેંકોની બ્રાંચ તથા અઢી લાખ એટીએમ મારફત તે નાગરિકો સુધી પહોંચે છે.

**ઈરાન ડીલ માટે તૈયાર**
**પહેલા પાનાનું ચાલુ**

લાગુ છે. હોર્મુઝ ખુલ્લું છે અને ત્યાં અવરજવર ચાલુ છે. જ્યારે, ઈરાની સંસદના સ્પીકર મોહમ્મદ બાઘેર ગાલિબાફે કહ્યું કે અમેરિકા પોતાનું વચન પૂરું ન કરે ત્યાં સુધી ઈરાન હોર્મુઝને ફરીથી ખોલશે નહીં.

સીધો જવાબ છે- ના. હોર્મુઝ સ્ટ્રેટ ઈરાન અને ઓમાન વચ્ચે સ્થિત એક આંતરરાષ્ટ્રીય દરિયાઈ માર્ગ છે. આ માર્ગ પરથી દુનિયાના ઘણા દેશોના તેલ અને ગેસ ભરેલા જહાજો પસાર થાય છે. તેથી તેના પર માત્ર કોઈ એક દેશનો અધિકાર નથી હોતો.

આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ તમામ દેશોના જહાજોને આ માર્ગ પરથી અવરજવર કરવાનો અધિકાર છે. આ જ કારણોસર કોઈ પણ દેશ માત્ર પોતાના દમ પર આ દરિયાઈ માર્ગ પર કબજાનો દાવો કરી શકતો નથી.

તેથી ટ્રમ્પનો નકશો એક રાજકીય દાવો અથવા સંદેશ માની શકાય છે, પરંતુ તેનાથી અમેરિકાને હોર્મુઝ સ્ટ્રેટ પર આપમેળે કોઈ નવો કાનૂની અધિકાર મળી જતો નથી.

હોર્મુઝ સ્ટ્રેટનો ઉત્તરીય ભાગ ઈરાન પાસે છે, જ્યારે દક્ષિણી ભાગ ઓમાનના મુસંદમ ક્ષેત્રને અડીને આવેલો છે. ફારસની ખાડીમાંથી નીકળતા જહાજો આ જ માર્ગે અરબી સમુદ્ર અને પછી હિંદ મહાસાગર તરફ જાય છે.

આ જ કારણોસર હોર્મુઝ સ્ટ્રેટ માત્ર એક દેશનો નહીં, પરંતુ ઘણા દેશો માટે મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગ છે. અમેરિકા અહીં પોતાના યુદ્ધ જહાજો અને નૌકાદળ તૈનાત રાખે છે જેથી દરિયાઈ વેપાર અને પોતાના સહયોગી દેશોની સુરક્ષા સુનિશ્ચિત કરી શકાય.

**કૃષિ વિભાગની**
**પેજ-૨ પાનાનું ચાલુ**

જણાવાયું છે કે વિવિધ નિર્દેશન અને ડેમોસ્ટ્રેશન યોજનાઓમાં ખેડૂતોના નામે ખોટા કેસપેપર તૈયાર કરવા, ખેડૂતોને જાણ કર્યા વગર તેમની જગ્યાએ સહી કરવા, તેમજ ખેડૂતોને આપવામાં આવતી સામગ્રીના જથ્થા અને ગુણવત્તામાં પણ ગંભીર અનિયમિતતાઓ આચરવામાં આવી રહી હોવાની ફરિયાદો પ્રાપ્ત થઈ રહી છે.

શ્રી દર્શનકુમાર એ. નાયકે જણાવ્યું હતું કે રાજ્ય સરકાર ખેડૂતોની આવક વધારવા અને આધુનિક ખેતી પદ્ધતિઓનો વ્યાપ વધારવા માટે દર વર્ષે કરોડો રૂપિયાની જોગવાઈ કરે છે. જો યોજનાઓ માત્ર કાગળ ઉપર ચલાવી સરકારી નાણાંનો દુરુપયોગ કરવામાં આવતો હોય તો તે ખેડૂતોના હિતો સાથે વિશ્વાસઘાત સમાન છે અને રાજ્યના ખજાનાને પણ મોટું નુકસાન પહોંચાડે છે.

**કેન્દ્રીય વિદ્યાલય**
**પેજ-૨ પાનાનું ચાલુ**

'એક ભારત શ્રેષ્ઠ ભારત' પહેલ પર આધારિત નૃત્ય પ્રદર્શન રજૂ કરવામાં આવ્યું હતું, ત્યારબાદ સહાયક કમિશનર શ્રીમતી મીના જોશી દ્વારા પ્રમાણપત્ર વિતરણ સમારોહનું સંચાલન કરવામાં આવ્યું હતું. સભાની કાર્યવાહીનું સંકલન શ્રી દિલીપ કુમાર શર્મા, પીજીટી (હિન્દી) દ્વારા કરવામાં આવ્યું હતું.

સભાના સમાપન પર, સહાયક કમિશનર શ્રીમતી મીના જોશીએ વિદ્યાર્થીઓ અને શાળા સમુદાયને સંબોધન કર્યું. તેમણે ૨૦૨૫-૨૬ શૈક્ષણિક સત્રમાં ધોરણ ૧૦ અને ૧૨ દ્વારા પ્રાપ્ત થયેલા ઉત્કૃષ્ટ પરીક્ષા પરિણામો માટે વિદ્યાર્થીઓ, શિક્ષકો અને આચાર્ય શ્રી રાજેશ કુમારને હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યા હતા. વિદ્યાર્થીઓની મહેનત, શિક્ષકોના માર્ગદર્શન અને આચાર્યના કાર્યક્ષમ નેતૃત્વની પ્રશંસા કરતાં, તેમણે ટિપ્પણી કરી કે આ સિદ્ધિ સમગ્ર શાળા પરિવાર માટે ગર્વનો વિષય છે.

**છેલ્લા પાનાનું ચાલુ**
**નકલી ઈંગ્લીશ**

નાયબ મુખ્યમંત્રીએ ગઈકાલે(૧૮ ઓગસ્ટ) મોડી રાત્રે અમદાવાદ એરપોર્ટ પર રાજ્ય પોલીસ વડા જી.એસ મલિક, આઈબીના વડા તેમજ અમદાવાદ પોલીસ કમિશનર સહિતના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક કરી હતી. ત્યારબાદ એસપી મયુર ચાવડાને તાત્કાલિક ભાવનગર મોકલી આ ઘટનામાં કડકમાં કડક કાર્યવાહી કરવાની સૂચના આપી છે.

મૃતકોમાં કાર્તિક અશ્વિનભાઈ મકવાણા, (ઉ.વ. ૪૦), રહેવાસી- તળાજા રોડ, ભાવનગર, ઉપેન્દ્રસિંહ ચંદ્રસિંહ ગોહિલ, (ઉ.વ. ૨૫), રહેવાસી- ખરકડી, ઘોઘા તાલુકો, નરેન્દ્રસિંહ યાદવ, રહેવાસી- ઈન્દોર, મધ્યપ્રદેશ, કનકસિંહ ગોહિલ, રહેવાસી- ભાવનગરનો સમાવેશ થાય છે. આ અંગે મૃતક યુવકના પરિવારજન ઓમદેવસિંહ સરવૈયાએ જણાવ્યું હતું કે, મારા મામાના દીકરા કનકસિંહ ગોહિલ બસ ચાલક છે તેમણે કાલે રાત્રે કદાચ દારૂ પીધો હતો અને આજે મોત થયું છે. રાત્રે કેટલા વાગ્યે પીધું તે ખ્યાલ નથી, કારણ કે તે એકલા રહે છે. શ્વાસ રૂંધાતા પડોશીઓ વહેલી સવારે સર.ટી.હોસ્પિટલમાં લાવ્યા હતા. ડૉક્ટરે એવું કહ્યું કે તેમને દારૂ પીધો છે.

SDM અક્ષર વ્યાસે જણાવ્યું હતું કે, હાલમાં ૨૦ લોકો સારવાર હેઠળ છે. જેમાં ભાવનગરની સિવિલ હોસ્પિટલમાં ૧૨, આરોગ્યમ હોસ્પિટલમાં ૫, બિમ્સમાં ૧ અને વેદ ICUમાં ૨ દર્દી છે. ગઈકાલ સાંજની માહિતી પ્રમાણે ઉપેન્દ્રસિંહ ગોહિલ અને કાર્તિક મકવાણાના મોત થયા છે. મૂળ ઈન્દોરના રહેવાસી નરેન્દ્રસિંહ યાદવ વેદ ICUમાં દાખલ હતા તેમનું પણ મોત થયું છે. મૃતકે અમદાવાદથી ટ્રાવેલ કર્યું હતું એટલે કયા આધારે મોત થયું તે પોલીસ તપાસનો વિષય છે. પણ એની પુષ્ટિ આના કારણે થયું હોય એવું અત્યારે કહી શકાતું નથી. આ અંગે અલગથી મેડિકલ ટીમ ફાળવી આપવા સૂચના આપી છે અને એક ડેડિકેટેડ સ્ટાફ સ્પેશિયલ આવા કિસ્સાઓ માટે રહે તેવી પણ સૂચના આપી છે. સાથે જ દરેક નાગરિકોને અપીલ થઈ છે કે જેમણે પણ સેવન કર્યું હોય તેઓ તાત્કાલિક પોતાના નજીકના મેડિકલ સેન્ટર પર સારવાર લઈ લે.

ભાવનગરના ઘોઘાના ખરકડી ગામમાં ૭ મિત્રોએ ૧૬ ઓગસ્ટે રાત્રે દારૂ પાર્ટી કરી હતી, જેમાં નકલી દારૂ પીવાથી ઉપેન્દ્રસિંહ ગોહિલનું મોત નિપજ્યું હતું. ત્યારબાદ રાતે લઠ્ઠાકાંડ થયો હોવાનું સામે આવ્યું છે. જ્યારે ઘનશ્યામસિંહ જાડેજા સદવિચારમાં અને વિશ્વરાજસિંહ વનરાજસિંહ ગોહિલ (ઉ.વ.૨૪) અર્હમ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. અન્ય અજાણ્યા ૪ શખસ અલગ અલગ જગ્યાએ સારવાર હેઠળ છે. આ મામલે પોલીસે ડુપ્લીકેટ 'રોયલ સ્ટેગ' દારૂનું વેચાણ કરતા ૪ બુટલેગરોને ડિટેઈન કર્યા છે. મૃતકના ભાઈએ કહ્યું- દારૂમાં પોઈઝન હોવાની શક્યતા છે.

**પુણામાં સાડી**

ગ્રામ બાંધણી સાડી નંગ-૮૦૫ના લોટમાંથી ૧૩૪ સાડી ચોરી થઈ હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. એક સાડીની કિંમત રૂ.૨૨૦ મુજબ આ સાડીઓની કુલ કિંમત રૂ.૨૯,૪૮૦ થાય છે. આ ઉપરાંત સાટીન ડિજિટલ પ્રિન્ટની ૧૨૦ સાડી, જેની એક સાડીની કિંમત રૂ.૪૫૩ મુજબ કુલ કિંમત રૂ.૫૪,૩૬૦ થાય છે. આમ બંને પ્રકારની કુલ ૨૫૪ સાડી, જેની કુલ કિંમત રૂ.૮૩,૮૪૦ થાય છે, ચોરી થઈ હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

**આરજા-મારજા**

કરાવી કિંમતી મિલકતો પચાવી પાડવામાં આવી હતી.

આ મામલે હિતેષ ઉર્ફે હનુમાન પુરોહિત અને રાકેશ પરમારે તા.૧૦ માર્ચ ૨૦૨૨ના રોજ સમજુતી કરાર કર્યો હતો અને તેમાં તમામ હકીકતો સ્વીકારી ૩૦ દિવસમાં ફરિયાદીને આપવાની મિલકતોના વેચાણ દસ્તાવેજ કરી આપવાની બાંહેધરી આપી હતી. બાંહેધરીના ભાગરૂપે ચેકો પણ આપવામાં આવ્યા હતા. જોકે, બાદમાં કોઈ મિલકતના દસ્તાવેજ કરવામાં આવ્યા નહી અને ચેકો પણ બેંકમાંથી રિટર્ન થયા હતા.

ફરિયાદીનો આક્ષેપ છે કે આરોપીઓ વારંવાર સમાધાનની વાત કરી સમય પસાર કરતા રહ્યા, પરંતુ ન તો મિલકત આપી કે ન તો અવેજ ચૂકવ્યો. આ અંગે તા.૧૮ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે સમગ્ર મામલે મિલકતોના દસ્તાવેજો, પાવર ઓફ એટર્ની, સમજુતી કરાર અને બેંકમાંથી પરત થયેલા ચેક સહિતના દસ્તાવેજોની તપાસ શરૂ કરી છે. ફરિયાદી મુજબ, હિતેષ પુરોહિતનો અગાઉ નવસારી જિલ્લાના મરોલી પોલીસ સ્ટેશનમાં લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ગુનો નોંધાયેલ હોવાની પણ માહિતી મળી છે.

# અંકલેશ્વરમાં પાવર ગ્રીડ લાઇનના વિરોધમાં ખેડૂતો દ્વારા ટ્રેક્ટર રેલી કાઢી ચક્કાજામ

અમદાવાદ, તા.૧૯

આમ આદમી પાર્ટીના પ્રદેશ ફ્રન્ટલ અધ્યક્ષ અને કિસાન મોરચાના અધ્યક્ષ પ્રવીણ રામે જણાવ્યું હતું કે, તાજેતરમાં અંકલેશ્વર ખાતે પણ ખેડૂતોએ પાવર ગ્રીડ લાઈન એટલે કે વીજ લાઈનના પોલને લઈને ઉગ્ર અવાજ ઉઠાવ્યો છે. ખેડૂતોએ આ મુદ્દે વિશાળ ટ્રેક્ટર રેલી કાઢી હતી અને જ્યારે તેઓ રજૂઆત કરવા જઈ રહ્યા હતા ત્યારે પોલીસ દ્વારા રોકવામાં આવતાં આખો હાઈવે ચક્કાજામ થઈ ગયો હતો. ટ્રાફિક જામ થવાને કારણે કલાકો સુધી આખો હાઈવે બ્લોક રહ્યો હતો. હવે સરકારે આ બાબત ગંભીરતાથી સમજવાની જરૂર છે, કારણ કે સમગ્ર ગુજરાતના ખૂણે-ખૂણેથી ખેડૂતોનો એક જ અવાજ ઊઠી રહ્યો છે કે વીજ લાઈન માટે સરકારે જે કાગળો અને વળતર જાહેર કર્યા છે, તે વળતર ખેડૂતોને ક્યારેય માન્ય નથી.

પ્રવીણ રામે વધુમાં જણાવ્યુ હતુ કે ગુજરાતની ભાજપ સરકારે હવે સમયસર સમજી જવાની જરૂર છે અને ખેડૂતો જે વ્યાજબી માંગણી કરી રહ્યા છે તેને તાત્કાલિક ધોરણે પૂરી કરવી જોઈએ. આ સાથે જ પોલીસ પ્રશાસન, સરકારી તંત્ર અને સરકાર ખેડૂતોની વચ્ચે જે રોડાં નાખવાનું તેમજ અટકાવવાનું કામ કરી રહ્યા છે તે અત્યંત નિંદનીય છે. લોકશાહી દેશમાં ખેડૂતોને પોતાના હક્ક માટે વિરોધ કરવાનો પૂરો અધિકાર છે, પરંતુ તેમના આ વિરોધને કચડી નાખવાનું અને અટકાવવાનું કામ કરીને પ્રશાસન સરેઆમ લોકશાહીનું ગળું દબાવી રહ્યું છે, જે ખરેખર કઠિન અને ગંભીર બાબત છે.

**નામ બદલેલ છે**

મારૂ જુનું નામ
અનુરાધાબેન બેદીયા
હતું જે બદલીને
નવું નામ
અનુરાધા કન્હૈયા
બેદીયા
રાખેલ છે. જેની સર્વેએ
નોંધ લેવી.
સહી/- અનુરાધા
કન્હૈયા બેદીયા
સરનામું :D-૬૧૧ શ્યામ
પેલેસ, શ્રીગાર રેસિડન્સી
પાસે, વેસુ,
સુરત-૩૯૫૦૦૭

**નામ બદલેલ છે**

મારૂ જુનું નામ
રહનુમા ખાતુન હતું જે
બદલીને
નવું નામ
રહેનુમા ખાતુન
જિશાન અહમદ ખાન
રાખેલ છે. જેની સર્વેએ
નોંધ લેવી.
સહી/- રહેનુમા ખાતુન
જિશાન અહમદ ખાન
સરનામું :૧૦૫, સરદાર
નગર, ગલી -૪,
લિંબાયત સુરત

**નામ બદલેલ છે**

મારૂ જુનું નામ
ખાન જીશાન અહમદ
હતું જે બદલીને
નવું નામ
ખાન જીશાન અહમદ
જલીલ
અહમદ રાખેલ છે. જેની
સર્વેએ નોંધ લેવી.
સહી/- ખાન જીશાન
અહમદ જલીલ
અહમદ
સરનામું :પ્લોટ ૧૦૫, સર્વે
નં ૨૩ સરદાર નગર
લિંબાયત સુરત

**નામ બદલેલ છે**

લગ્ન પહેલા મારૂ જુનું
નામ
સનારોઝમિના
રહેમાનખાન પઠાણ હતું
જે બદલીને
લગ્ન પછી નવું નામ
સના સુહેલ મુનશી રાખેલ
છે. જેની સર્વેએ નોંધ
લેવી.
સહી/- સના સુહેલ મુનશી
સરનામું :૫/૧૬૨૫,
હસનજી ટેકરા, અંબાબા
સ્કૂલ પાસે, હરિપુરા,
સુરત-૩૯૫૦૦૩

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 299-300/ Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ

બુધવાર, તા.૧૯ ઓગસ્ટ ૨૦૨૬ | E-mail : pratap_darpan@yahoo.co.in | મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

**ભાવનગરમાં લઠ્ઠાકાંડનો હાહાકાર**

# નકલી ઈંગ્લિશ દારૂ પીવાથી ચારના મોત

### બુટલેગર ઉજ્જૈનથી ૨૮ પેટી નકલી દારૂ લાવ્યો હતો : પોલીસે ૧૫ પેટી દારૂ ઝડપી પડાયો : દારૂ પીનાર ૧૩ લોકો સારવાર હેઠળ

**ભાવનગર,તા.૧૯**

ભાવનગરમાં નકલી દારૂ પીવાને કારણે ૪ લોકોના મૃત્યુ થયા છે. ૧૩ લોકો હોસ્પિટલમાં દાખલ છે ત્યારે રાજયના નાયબ મુખ્યમંત્રીએ ભાવનગરમાં થયેલા નકલી દારૂના કૌભાંડ મામલે સ્ટેટ મોનિટિંગ સેલને તપાસ સોંપી છે. મળતી માહિતી મુજબ મધ્યપ્રદેશના ઉજ્જૈનથી ૨૮ પેટી દારૂ લાવવામાં આવ્યો હતો. જેમાં ૧૫ પેટી પકડી લેવામાં આવી છે. અન્ય ૧૩ પેટીઓને પકડવા ભાવનગર પોલીસ આકાશ પાતાળ એક કરી રહી છે. ભરતનગર, અકવાડા, તળાજા રોડ તેમજ જિલ્લાના ખાટડી, ખરકડી, નાના ખોખરા, દેવગાણાના ગામના લોકો નકલી દારૂ પીવાથી બીમાર પડ્યા હતા.

ઉલ્લેખનીય છે કે કુલ ૪ મોતમાંથી ૨ શંકાસ્પદ છે. એક મૃતકની અમદાવાદની ટ્રાવેલ હિસ્ટ્રી છે તો બીજાના પરિવારે નકલી દારૂ પીવાથી મોત થયાનો આક્ષેપ કર્યો છે.

અનુસંધાન પાના ૭ પર

## મહુવા પોલીસના પીએસઆઈ પરમારને સસ્પેન્ડ કરાયા

ભાવનગર જિલ્લાના મહુવા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પીએસઆઈ પી.એમ. પરમારનો દેશી દારૂના બુટલેગર પાસે નાણાકીય માંગણી કરતો ઓડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થતાં પોલીસ બેડામાં ભારે ચકચાર મચી ગઈ છે. ખાતાકીય તપાસના અંતે ફરજમાં ગંભીર બેદરકારી દાખવવા બદલ જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય દ્વારા પીએસઆઈને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવાનો હુકમ કરવામાં આવ્યો છે.મળતી માહિતી મુજબબ વાઈરલ થયેલી ઓડિયો ક્લિપમાં પીએસઆઈ પરમાર મહુવાના 'લાલા' નામના બુટલેગર પાસે દારૂનો હપ્તો ઉઘરાવતા અને તેને ધમકાવતા સ્પષ્ટ સંભળાયા હતા. ઓડિયોમાં તેઓ બુટલેગરને કહી રહ્યા હતા કે, "આપવાના છે કે નહીં, હા અગર ના... મને કામગીરી કરવી ફાવે છે.ભીખ માંગવી ગમતી નથી." આ કથિત ઓડિયો ક્લિપ જાહેર થતાં જ ખાખી વર્દીની છબી ખરડાઈ હતી અને પોલીસ વિભાગ સામે અનેક સવાલો ઊભા થયા હતા. વિભાગની પ્રતિષ્ઠા જાળવવા અને શિસ્તભંગ બદલ એસપી નિતેશ પાંડેયે કડક વલણ અપનાવી પીએસઆઈ પી.એમ. પરમારને સસ્પેન્ડ કરી તેમની સામે કાયદેસરના ખાતાકીય પગલાં ભર્યા છે, જેના પગલે ગુનાહિત પ્રવૃત્તિઓમાં લિપ્ત તત્વો અને ભ્રષ્ટ અધિકારીઓમાં સોંપો પડી ગયો છે.



આજે શિતળા સાતમનું વ્રત કરનાર મહિલાઓ દ્વારા સવારે તાપી નદી તટે શિતળા માતાની સામૂહિક પૂજા કરવામાં આવી હતી. શિતળા સાતમે રસોઈના ચુલા બંધ રાખવાના હોવાથી આગલા દિવસે બનાવેલી ઠંડી રસોઈ ખાવાની પરંપરા સાથે શિતળા માતાની પૂજાનો અનેરો મહિમા છે. (તસવીર : પ્રદીપ ગોહિલ)

# કન્સ્ટ્રકશન પ્રોજેક્ટના ભાગીદારે મૂડી, વ્યાજ પેટે કરોડોના ફ્લેટ લખાવી લીધા

### રૂા.૮૮.૧૦ લાખની ઉઘરાણીમાં એક કરોડોની કિંમતના બે ફ્લેટ પડાવી જાનથી મારી માખવાની ધમકી

**પ્રતાપ પ્રતિનિધિ,સુરત,તા.૧૯**

સુરતના ડભોલી વિસ્તારમાં રૂ.૮૮.૧૦ લાખના લેણા સામે રૂ.૧ કરોડની બજાર કિંમત ધરાવતા બે ફ્લેટ માત્ર રૂ.૫૦ લાખમાં દસ્તાવેજ કરાવી લીધા બાદ પણ વધુ કરોડોની રકમની ઉઘરાણી કરી ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ છે. ડભોલી વિસ્તારમાં રહેતા વેપારી ઈશાન ઘનશ્યામભાઈ કેવડીયાએ કતારગામના કિરીટભાઈ નાથુભાઈ વાઘાણી સામે ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદ મુજબ, વર્ષ ૨૦૧૬થી આજદિન સુધી ફરિયાદી, તેમના પિતા અને આરોપી વચ્ચે બાકી રહેતી મૂડી, વ્યાજ તથા લેણદેણનો હિસાબ ચાલતો હતો. હિસાબ દરમિયાન ફરિયાદી અને તેમના પિતાએ આરોપીને રૂ.૮૮.૧૦ લાખ ચૂકવવાના બાકી હોવાનું સામે આવ્યું હતું. આ રકમના બદલામાં કિરીટ વાઘાણીએ ફરિયાદીના પ્રોજેક્ટમાં આવેલા ફ્લેટ નં. A-૧૨૦૨ અને A-૧૨૦૩ના દસ્તાવેજ પોતાની સૂચના મુજબ કરાવી આપવા જણાવ્યું હતું.

ફરિયાદીનો આક્ષેપ છે કે બંને ફ્લેટની બજાર કિંમત એક ફ્લેટની રૂ.૫૦ લાખ મુજબ કુલ રૂ.૧ કરોડ થતી હોવા છતાં આરોપીના કહેવાથી બંને ફ્લેટના રૂ.૨૫-૨૫ લાખની કિંમત દર્શાવી દિલીપભાઈ વીરાણીને વેચાણ દસ્તાવેજ કરાવી આપવામાં આવ્યા હતા. આમ, રૂ.૮૮.૧૦ લાખના લેણા પેટે રૂ.૧ કરોડની બજાર કિંમતના બે ફ્લેટ માત્ર રૂ.૫૦ લાખમાં દસ્તાવેજ કરાવી લીધા હોવાનો ફરિયાદમાં આક્ષેપકરવામાં આવ્યો છે.ફરિયાદમાં વધુ ગંભીર આક્ષેપ કરતાં જણાવાયું છે કે બંને ફ્લેટના દસ્તાવેજ થઈ ગયા બાદ પણ રૂ.૩૮.૧૦ લાખની રકમ બાકી હોવાનું દર્શાવવામાં આવ્યું હતું. તેના ઉપર ચક્રવૃદ્ધિ વ્યાજ ચઢાવી કરોડોની બાકી રકમ બતાવી ફરિયાદીના ઘર અને ઓફિસે જઈ પઠાણી ઉઘરાણી કરવામાં આવતી હતી. આરોપી ક્યારેક ફરિયાદીના સર્જનવીલા પ્રોજેક્ટના ૧૦થી ૧૫ બંગલા, ક્યારેક રૂ.૧.૮૯ કરોડ અને ક્યારેક સાડા છ કરોડ રૂપિયા જેવી મોટી રકમની માંગણી કરતો હોવાનો ફરિયાદમાં આક્ષેપ છે.

## પુણામાં સાડીની દુકાનમાં નોકર દ્વારા ૨૫૪ સાડીઓની ચોરી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૯**

સુરતના પુણાગામ વિસ્તારમાં એક વેપારીની દુકાનમાંથી રૂ.૮૩,૮૪૦ની સાડીઓનો જથ્થો ચોરી થઈ જતાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. ફરિયાદી શોભાનાથ મતાનાથ યોગી (ઉ.વ.૩૪), રહે. વિજયનગર સોસાયટી, પુણા, સુરત દ્વારા પુણાગામ પોલીસમાં ફરિયાદ કરવામાં આવી છે. ફરિયાદમાં મુક્તિધામ સોસાયટી, પુણાગામ ખાતે રહેતા લક્ષ્મણનાથ દેવાનાથ યોગી સામે ચોરીનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

ફરિયાદ મુજબ, લક્ષ્મણનાથ દેવાનાથ યોગી ફરિયાદી પાસે નોકરી કરતો હતો. તા.૧૫ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ રાત્રે નવ વાગ્યા પહેલાં કોઈપણ સમયે પુણાગામની મુક્તિધામ સોસાયટી ખાતે આવેલા ખાતા નં.૮૨માંથી સાડીઓનો જથ્થો ચોરી કરી આરોપી નાસી ગયો હોવાનો આક્ષેપ છે.

ચોરી થયેલા મુદ્દામાલમાં ૬૦

અનુસંધાન પાના ૭ પર

# ટ્રેનમાં તોફાને ચઢેલા વિદેશી નાગરિકના મોત અંગે રેલવે પોલીસની ઊંડી તપાસ

### સુરત રેલવે પોલીસની એક ટીમ મુંબઈ રવાના : એકાએક મોતને ભેટેલા વિદેશી નાગરિકની ઓળખ શોધવા પોલીસના પ્રયાસો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૯**

સુરત રેલવે સ્ટેશન પર ગોલ્ડન ટેમ્પલ એક્સપ્રેસમાં મુસાફરો સાથે મારામારી કરનાર આશરે ૪૫ વર્ષીય વિદેશી નાગરિકનું RPF પોલીસ ચોકીમાં લાવ્યા બાદ મોત થતાં ચકચાર મચી ગઈ છે. સમગ્ર મામલે સુરત GRPએ અકસ્માત મોતની નોંધ કરી તપાસ શરૂ કરી છે. મૃતકની ઓળખ હજુ સુધી થઈ શકી નથી. પોલીસે જણાવ્યું છે કે FSL અને પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ મોતનું ચોક્કસ કારણ સ્પષ્ટ થશે.

પ્રાપ્ત વિગતો મુજબ, ગોલ્ડન ટેમ્પલ એક્સપ્રેસ મુંબઈના બાંદ્રા ટર્મિનસથી દિલ્હી તરફ જઈ રહી હતી. ટ્રેનમાં જનરલ કોચમાં એક વિદેશી નાગરિક મુસાફરો સાથે ઝઘડો કરી રહ્યો હોવાની માહિતી રેલ મદદ મારફતે રાત્રે આશરે ૧૦ વાગ્યે પોલીસને મળી હતી. RPFના કર્મચારીઓ કોચમાં પહોંચ્યા હતા અને અંગ્રેજીમાં વાતચીત કરીને તેને શાંત કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, તે વધુ ઉશ્કેરાઈ ગયો હતો અને મુસાફરો સાથે મારામારી કરવા લાગ્યો હતો.

આ દરમિયાન વિદેશી નાગરિકે કોચમાં લગાવેલું ફાયર એક્સ્ટિંગ્વિશર કાઢી મુસાફરો પર હુમલો કર્યો હતો. તેની સાથે બે મુસાફરો પણ મારામારીમાં સામેલ થયા હતા. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સુરત GRP અને RPFને જાણ કરવામાં આવી હતી. ટ્રેન સુરત પહોંચતા પ્લેટફોર્મ નંબર-૧ પર ૧૫થી ૨૦ જેટલા GRP અને RPFના કર્મચારીઓ તૈનાત કરવામાં આવ્યા હતા. પોલીસ કર્મચારીઓએ ભારે જહેમત બાદ વિદેશી નાગરિકને કાબૂમાં લઈ ટ્રેનમાંથી ઉતારી RPF પોલીસ ચોકીમાં લાવ્યા હતા.

RPF ચોકીમાં પ્રાથમિક પૂછપરછ ચાલી રહી હતી ત્યારે વિદેશી નાગરિક અચાનક ઢળી પડ્યો અને બેભાન થઈ ગયો હતો. પોલીસ દ્વારા તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી તેને SMIMER હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો.

આ સમગ્ર મામલે સુરત GRP PI જે.બી. મીઠાએ જણાવ્યું હતું કે વિદેશી નાગરિકની ઓળખ હજુ થઈ નથી. હાલ અકસ્માત મોતની નોંધ કરી તપાસ કરવામાં આવી રહી છે. મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું છે અને FSL રિપોર્ટ આવ્યા બાદ મોતનું ચોક્કસ કારણ જાણવા મળશે. પોલીસ તેની ઓળખ માટે તેની પાસેથી મળેલા મોબાઈલ ફોન સહિતની વિગતોની તપાસ કરી રહી છે. મારામારીમાં કેટલાક મુસાફરોને ઈજા થઈ હોવાની પણ માહિતી મળી છે, જેને લઈને કાયદેસરની કાર્યવાહી ચાલી રહી છે.

# પ્લાટ બતાવી બાનાખત પેટે રૂા.૧૨ લાખ લઈને છેતરપિંડી

### વર્ષો બાદ પણ ફરિયાદીના નામે દસ્તાવેજ નહીં કરતાં બે સામે ફરિયાદ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૯**

સુરતના ડભોલી રોડ વિસ્તારમાં પ્લોટ આપવાના નામે એક નિવૃત્ત વૃદ્ધ પાસેથી રૂ.૧૨ લાખ મેળવી લીધા બાદ આજદિન સુધી દસ્તાવેજ નહીં કરી આપતાં બે વ્યક્તિ સામે છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ છે. કતારગામ વિસ્તારમાં રહેતા ૭૦ વર્ષીય નિવૃત્ત રણછોડભાઈ રવજીભાઈ ઠુમ્મરે કૃણાલ મહેશભાઈ દેસાઈ અને જેનીશભાઈ બીપીનભાઈ દેસાઈ સામે ફરિયાદ નોંધાવી છે.ફરિયાદ મુજબ, તા.૨૪ ઓક્ટોબર ૨૦૨૪થી આજદિન સુધીના સમયગાળા દરમિયાન અક્ષરવાડી, ડભોલી રોડ ખાતે આરોપીઓએ ફરિયાદી સાથે મેળાપીપણું રચ્યું હતું. બંને આરોપીઓએ ફરિયાદીને પ્લોટ બતાવી તેના બદલામાં કુલ રૂ.૧૨ લાખની રકમ મેળવી હતી. પૈસા મેળવ્યા બાદ ફરિયાદીને બાહેંધરી લખાણ પણ કરી આપવાં આવ્યું હતું, જેના કારણે ફરિયાદીને આરોપીઓ પર વિશ્વાસ બેઠો હતો.ફરિયાદીનો આક્ષેપ છે કે રૂ.૧૨ લાખની સંપૂર્ણ રકમ મેળવી લીધા બાદ પણ આરોપીઓએ ફરિયાદીના નામે પ્લોટનો દસ્તાવેજ કરી આપ્યો નહોતો. વારંવાર રજૂઆત કરવા છતાં દસ્તાવેજ નહીં કરી આપતા ફરિયાદીને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું માલૂમ પડ્યું હતું. આરોપીઓએ એકબીજાની મદદગારીથી પ્લોટ આપવાના નામે નાણાં મેળવી દસ્તાવેજ નહીં કરી આપી છેતરપિંડી કરી હોવાનો ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે.

# વિદેશમાં વર્ક વિઝા અપાવવાના નામે રૂ.૫.૧૮ લાખની છેતરપિંડી

### લક્ઝમબર્ગમાં નોકરી અપાવવાની લાલચ આપી મોટી રકમ પડાવી લીધી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૯**

સુરતના વેસુ વિસ્તારમાં વિદેશમાં નોકરી માટે વર્ક વિઝા પરમિટ અપાવવાના નામે મહિલાને રૂ.૫.૧૮ લાખની છેતરપિંડી કરવામાં આવી હોવાની ફરિયાદ નોંધાઈ છે. વેસુ વિસ્તારમાં રહેતી મનીષાબેન ભાવેશકુમાર બારોટની પત્ની, ઉંમર ૪૦ વર્ષ, દ્વારા વસુધૈવ કુટુમ્બકમ ઓવરસીસ પ્રા.લિ.ના બે ડિરેક્ટર સામે ફરિયાદ નોંધાવવામાં આવી છે.

ફરિયાદ મુજબ, આરોપી સચીન રમેશભાઈ પટેલ અને રવિ પ્રવિણભાઈ કાંહાલાલ વસુધૈવ કુટુમ્બકમ ઓવરસીસ પ્રા.લિ.ના ડિરેક્ટર છે. બંને આરોપીઓ વેસુના ફૈં રોડ પર આવેલા એમ્બ્રોસીયા બિઝનેસ હબમાં શોપ નં.૧૪૧ ખાતે વિદેશમાં વર્ક વિઝા પરમિટ અપાવવાના એજન્ટ તરીકે વ્યવસાય કરતા હતા.આરોપીઓએ ફરિયાદીને યુરોપના લક્ઝમબર્ગ ખાતે નોકરી મેળવવા માટે વર્ક વિઝા પરમિટ અપાવી આપવાની ખાતરી આપી હતી. આરોપીઓની વાત પર વિશ્વાસ રાખી ફરિયાદીએ વર્ક વિઝા પરમિટ મેળવવા માટે કુલ રૂ.૫,૧૮,૦૦૦ ચૂકવ્યા હતા. રકમ મેળવી લીધા બાદ આરોપીઓએ ફરિયાદીને લક્ઝમબર્ગનો વર્ક વિઝા પરમિટ અપાવ્યો નહોતો.ફરિયાદમાં જણાવ્યા મુજબ, વિઝા પરમિટ નહીં મળતા ફરિયાદીએ પોતાની ચૂકવેલી રકમ પરત માંગતા આરોપીઓ દ્વારા અલગ-અલગ બહાના અને ખોટા વાયદાઓ કરવામાં આવતા હતા. લાંબો સમય પસાર થયા બાદ પણ ન તો વર્ક વિઝા પરમિટ આપવામાં આવ્યો કે ન તો ફરિયાદી પાસેથી લીધેલા રૂ.૫.૧૮ લાખ પરત કરવામાં આવ્યા હતા.આરોપીઓએ એકબીજાની મદદગારીથી ફરિયાદી પાસેથી નાણાં મેળવી વિશ્વાસમાં લઈને કામ નહીં કરી આપ્યું અને રકમ પણ પરત નહીં કરી વિશ્વાસઘાત તથા છેતરપિંડી કરી હોવાનો ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે.

# આરજા-મારજામાં મિલ્કતોની સોદાબાજી ઠગ ટોળકીએ ૯૪ પ્લોટ પચાવી પાડ્યા

### મિલકત બદલ મિલકત આપવાના નામે કરોડોની જમીન પચાવી પાડવા અંગે હિતેશ ઉર્ફે હનુમાન પુરોહિત, રાકેશ પરમાર સહિતના આરોપીઓ સામે ગુનો દાખલ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૯**

સુરતમાં મિલકતોની લે-વેચમાં 'આરજા-મારજા'ના નામે કરોડોની મિલકતો પચાવી પાડ્યાની ફરિયાદ નોંધાઈ છે. ડીંડોલી વિસ્તારમાં રહેતા ૩૩ વર્ષીય ખેડૂત મૃણાલ મનીષભાઈ નાયકે હિતેષ ઉર્ફે હનુમાન સરદારજી પુરોહિત અને રાકેશભાઈ રસિકભાઈ પરમાર સહિત તેમના મળતીયાઓ સામે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં મિલકતના બદલામાં અન્ય સારી મિલકતો આપવાની લાલચ આપી દસ્તાવેજો કરાવી લીધા બાદ સામેની મિલકતો નહીં આપી તથા ચેકો પણ બેંકમાંથી પરત કરાવી દીધાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

ફરિયાદ મુજબ, ડિસેમ્બર ૨૦૧૯થી તા.૫ મે ૨૦૨૬ દરમિયાન ખટોદરાના એલ-૨૫, સિલ્વર પોઈન્ટ ખાતે આરોપીઓએ ફરિયાદી તથા તેમના માતા-પિતાની અલગ અલગ મિલકતોના બદલામાં અન્ય મિલકતો આપવાની વાત કરી હતી. આરોપીઓએ 'આરજા-મારજા'ના હિસાબે મિલકતોની લે-વેચ કરવાનો સોદો નક્કી કર્યો હતો.

આ અંતર્ગત વ્યારા વિસ્તારમાં આવેલા વિપુલ પાર્કના ૫ પ્લોટ, કટાસવાણના ૫૬ પ્લોટ, કાનપુરાના ૧૨ પ્લોટ અને કાટગઢના ૨૧ પ્લોટની મિલકતોના બદલામાં મલેકપોર, ખેરગામ, ટંકોલીની જમીન તથા દમણના ફ્લેટ આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું. ફરિયાદીનો આક્ષેપ છે કે આરોપીઓએ વિપુલ પાર્કના ૫ પ્લોટના વેચાણ દસ્તાવેજ અન્ય વ્યક્તિના નામે કરાવી લીધા હતા, જ્યારે કટાસવાણના ૫૬ પ્લોટના દસ્તાવેજ રાકેશ પરમારના નામે કરાવવામાં આવ્યા હતા. આ મિલકતોના અવેજ પેટે આપવાના ચેકો આજદિન સુધી ચૂકવાયા નથી.

ફરિયાદમાં વધુ ગંભીર આક્ષેપ છે કે ફરિયાદીની માતા નયનાબેનના નામે રહેલી પાવર ઓફ એટર્નીના બનાવટી અને ફોર્જ્ડ દસ્તાવેજના આધારે કાનપુરાના ૧૨ પ્લોટના વેચાણ દસ્તાવેજ અન્ય વ્યક્તિના નામે

અનુસંધાન પાના ૭ પર

# હવે આરોગ્ય વિભાગે તમામ ફાઈલો ડે.કમિ. સિવાય સમક્ષ રજુ કરવી પડશે

### આરોગ્ય તંત્ર કમિશનરને સીધું રિપોટીંગ કરી શકશે નહીં

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૯**

સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગના વહીવટી માળખામાં ઈન્ચાર્જ મ્યુનિસિપલ કમિશનર, કલેક્ટર તેજસ પરમારે એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. મનપા દ્વારા જારી કરાયેલા નવા આદેશ અનુસાર, અત્યાર સુધી આરોગ્ય વિભાગનો મોટાભાગનો વહીવટ એકહથ્થુ સંભાળતા આરોગ્ય અધિકારી ડૉ. ઉમરીગર પાસેથી ડિવિઝનલ હેડ તરીકેની પરોક્ષ જવાબદારી પાછી ખેંચી લેવામાં આવી છે અને તેની કમાન હવે ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર નિધિ સિવાચને સોંપાઈ છે.આ નવા વહીવટી આદેશના પગલે હવે આરોગ્ય વિભાગ સંબંધિત તમામ ફાઈલો, દૈનિક રિપોર્ટ્સ તથા વહીવટી દરખાસ્તો સીધી મ્યુનિસિપલ કમિશનર પાસે રજૂ કરવાને બદલે ડેપ્યુટી કમિશનર નિધિ સિવાચ મારફતે આગળ વધારવાની રહેશે. એટલે કે, ડૉ. ઉમરીગરનું સીધું રિપોર્ટિંગ હવે કમિશનરને બદલે ડેપ્યુટી કમિશનર કક્ષાએ થઈ ગયું છે. આ ફેરફારથી વિભાગની ફાઈલ મૂવમેન્ટ અને નિર્ણય પ્રક્રિયામાં ડેપ્યુટી કમિશનરનું મધ્યસ્થ સ્તર ફરી સક્રિય બની ગયું છે.ઉલ્લેખનીય છે કે, પૂર્વ મ્યુનિસિપલ કમિશનર નાગરાજનના કાર્યકાળ દરમિયાન ડેપ્યુટી કમિશનર (ડેપ્યુટેશન) ગુરવની એએમસી ખાતે બદલી થયા બાદ આરોગ્ય વિભાગની મોટાભાગની કામગીરી ડૉ. ઉમરીગરને સોંપવામાં આવી હતી. જોકે, તેમને ડેપ્યુટી કમિશનર કક્ષાનો ચાર્જ સત્તાવાર રીતે અપાયો ન હોવા છતાં, મસ્કતી અને સ્મીમેર હોસ્પિટલ સિવાય સમગ્ર વિભાગની ફાઈલો તેઓ સીધી કમિશનર સમક્ષ જ રજૂ કરતા હતા. હવે ડેપ્યુટી કમિશનર નિધિ સિવાચને ડિવિઝનલ હેડ બનાવાતા ડૉ. ઉમરીગર સહિત વિભાગના તમામ અધિકારીઓએ કોઈપણ વહીવટી બાબત માટે પહેલા સિવાચ મારફતે મંજૂરી મેળવવી ફરજિયાત રહેશે.

## પશ્ચિમ રેલવે સ્પેશિયલ ટ્રેનોની ટ્રીપ વધારશે

| ટ્રેન નં. | ક્યાંથી | ક્યાં સુધી | સેવાનો દિવસ | વધારાશે |
|---|---|---|---|---|
| ૦૪૧૭૬ | દાદર | સુબેદારગંજ | મંગળવાર | ૨૯.૦૯.૨૦૨૬ |
| ૦૪૧૭૫ | સુબેદારગંજ | દાદર | રવિવાર | ૨૭.૦૯.૨૦૨૬ |
| ૦૪૧૪૦ | દાદર | પ્રયાગરાજ | રવિવાર | ૨૭.૦૯.૨૦૨૬ |
| ૦૪૧૩૯ | પ્રયાગરાજ | દાદર | શુક્રવાર | ૨૫.૦૯.૨૦૨૬ |
| ૦૨૨૦૦ | બાંદ્રા ટર્મિનસ | વિરાંગના લક્ષ્મીબાઈ ઝાંસી | શનિવાર | ૨૬.૦૯.૨૦૨૬ |
| ૦૨૧૯૯ | વિરાંગના લક્ષ્મીબાઈ ઝાંસી | બાંદ્રા ટર્મિનસ | ગુરૂવાર | ૨૪.૦૯.૨૦૨૬ |
| ૦૪૧૨૦ | વલસાડ | સુબેદારગંજ | રવિવાર | ૨૯.૦૯.૨૦૨૬ |
| ૦૪૧૧૯ | સુબેદારગંજ | વલસાડ | શનિવાર | ૨૬.૦૯.૨૦૨૬ |
| ૦૪૧૭૮ | વલસાડ | સુબેદારગંજ | બુધવાર | ૩૦.૦૯.૨૦૨૬ |
| ૦૪૧૭૭ | સુબેદારગંજ | વલસાડ | મંગળવાર | ૨૯.૦૯.૨૦૨૬ |
| ૦૧૯૦૮ | ઉધના | આગ્રા કેન્ટ | બુધવાર | ૩૦.૦૯.૨૦૨૬ |
| ૦૧૯૦૭ | આગ્રા કેન્ટ | ઉધના | મંગળવાર | ૨૯.૦૯.૨૦૨૬ |
| ૦૪૧૦૬ | ઉધના | પ્રયાગરાજ | શુક્રવાર,સોમવાર | ૨૮.૦૯.૨૦૨૬ |
| ૦૪૧૦૫ | પ્રયાગરાજ | ઉધના | ગુરૂવાર,રવિવાર | ૨૭.૦૯.૨૦૨૬ |
| ૦૪૧૫૬ | ઉધના | સુબેદારગંજ | મંગળવાર,શુક્રવાર | ૧૮.૦૯.૨૦૨૬ |
| ૦૪૧૫૫ | સુબેદારગંજ | ઉધના | સોમવાર,ગુરૂવાર | ૧૭.૦૯.૨૦૨૬ |

ટ્રેનોના સમયબંધારણ અને સ્ટોપેજ વિશે વધુ જાણકારી માટે કૃપયા મુલાકાત લો : www.enquiry.indianrail.gov.in

ટ્રેન નં. ૦૪૧૭૬, ૦૪૧૪૦, ૦૨૨૦૦, ૦૪૧૨૦, ૦૪૧૭૮, ૦૧૯૦૮, ૦૪૧૦૬ અને ૦૪૧૫૬ ની લંબાવેલી ટ્રીપનું બુકિંગ ૧૯-૦૮-૨૦૨૬ થી બધા પીઆરએસ કાઉન્ટરો અને આઈઆરસીટીસીની વેબસાઈટ પર શરૂ થશે.ઉપરોક્ત ટ્રેનો સ્પેશિયલ હોવાથી ભાડુ પણ સ્પેશિયલ રહેશે.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
અમને લાઈક અને ફોલો કરો :
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

મહેરબાની કરી રીઝર્વ ટીકીટ માટેના ઓળખના તમામ પુરાવાઓ સાથે રાખો

સાંધ્ય દૈનિક
પ્રતાપ દર્પણ



તાપી જિલ્લા બ્યુરો
અબરાર મુલતાની
મો.૯૮૭૯૯ ૫૮૭૮૬

પ્રેસનોટ, જાહેર ખબર, જાહેર નોટિસો વગેરે આપવા માટે અબરાર મુલતાનીનો સંપર્ક કરવો

૧લો માળ, સર્વોદય હેન્ડલૂમ હાઉસ, જૂના બસ સ્ટેન્ડ પાસે, મુખ્ય રોડ, વ્યારા, જિલ્લો તાપી, ગુજરાત- ૩૯૪૬૫૦

# નનસાડમાં ૬ કર્મકાંડી બ્રાહ્મણો સહિત કુલ ૮ જુગારી ઝડપાયા

### વિશાલ દવે જુગારીઓને જુગાર રમવા ઘરે બોલાવતો હતો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૯**

કામરેજના નનસાડગામ સ્થિત અમર રેસિડેન્સીમાં હારજીતનો જુગાર રમતા ૬ કર્મકાંડી સહિત ૮ જુગારીઓને એલ.સી.બી. સુરત ગ્રામ્ય પોલીસે રૂ. ૨.૮૪ લાખના મુદ્દામાલ સાથે રંગેહાથ ઝડપી પાડ્યા હતા. જેમાંથી સુરતના ૪ જણા જુગાર રમવા આવ્યા હતા અને તેઓ પણ ઝડપાઈ ગયા હતા. મળેલી ચોક્કસ બાતમીના આધારે એલ.સી.બી. સુરત ગ્રામ્યના પો.કો. રમેશભાઈ માયાભાઈ બડીયાવદરા અને તેમની ટીમે મૌજે નનસાડગામમાં આવેલા અમર રેસીડેન્સીના મકાન નંબર-૧૫૭માં દરોડો પાડ્યો હતો. આ મકાનના માલિક વિશાલ પ્રફુલ દવે બહારથી લોકોને ભેગા કરી, નાલ ઉઘરાવીને પોતાના ઘરમાં જુગારનો અડ્ડો ચલાવતો હતો.પોલીસની રેડ દરમિયાન સ્થળ પરથી જુગાર રમાડનાર વિશાલ દવે ઉપરાંત કર્મકાંડનો ધંધો કરતા જીતેન્દ્ર દવે, શીવાભાઈ જાની, કિશનભાઈ જાની, મુકેશભાઈ જોશી, બટુક દવે અને જીતુ જાની તેમજ પશુપાલનનો ધંધો કરતા સંદિપસિંહ ગોહિલ મળીને કુલ ૮ ઈસમો પકડાઈ ગયા હતા. ઝડપાયેલા મોટા ભાગના આરોપીઓ મૂળ ભાવનગર અને અમરેલી જિલ્લાના વતની છે અને હાલ તેઓ સુરતના કામરેજ, પુણાગામ, અમરોલી અને વરાછા વિસ્તારમાં રહે છે.દરોડા દરમિયાન પોલીસે દાવ પરના રોકડા રૂ. ૧૮,૫૦૦, અંગઝડતીમાંથી મળેલી રોકડ રૂ. ૧,૪૮,૦૦૦, રૂ. ૧,૧૮,૦૦૦ની કિંમતના ૮ નંગ મોબાઈલ, ગંજીપાનાની કેટ, પાથરવાની ચટ્ટાઈ અને લાઈટબિલ સહિત કુલ રૂ. ૨,૮૪,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસે તમામ આરોપીઓ વિરુદ્ધ જુગારધારાનો ભંગ કરવા બદલ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.